સુવિચાર
''પરિવાર મેડિકલ સ્ટોર જેવો હોય છે. ત્યાં આપણાં બધાં જ દર્દોની દવા મળે છે, અને એય પાછી નિઃશુલ્ક.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭



પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૧૦/૨૦૨૬, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.






તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ આસો વદ-૪ વર્ષ : ૧૭ અંક : ૨૬૮


## સ્થાનિક પોલીસ સ્ટેશનની ટીમ દ્વારા વિદેશી દારૂ સામે લાલ આંખ

# બાબરા પંથકમાંથી ૨૪૭૪ અને વંડા પંથકમાંથી ૨૦૨૪ બોટલ દારૂ ઝડપાયો

**બાબરા પંથકમાંથી ૨ આરોપીને રૂપિયા ૧૪.૫૨ લાખનાં મુદ્દામાલ સાથે ઝડપી લેવાયા**

**વંડા પંથકમાંથી પણ ૨ આરોપીની રૂપિયા ૯.૭૭ લાખનાં મુદ્દામાલ સાથે અટકાયત**

**ગાંધીનાં ગુજરાતમાં દારૂબંધીનો કાયદો હોવા છતાં પણ હજારો બોટલ દારૂની ઝડપાઈ રહી છે**

**ડીઆઈજી, પોલીસ અધિક્ષક, નાયબ અધિક્ષકની સુચનાથી સ્થાનિક પોલીસે કરી કામગીરી**







અમરેલી, તા.૨૮

મહાત્મા ગાંધીનાં ગુજરાતમાંદારૂબંધીનોકાયદોઅમલમાં હોવા છતાં પણ હજારોની સંખ્યામાં વિદેશી દારૂની બોટલ અવારનવાર પોલીસટીમઝડપીરહીછેઅનેવિદેશી દારૂની બોટલનું નેટવર્ક એટલું ફેલાયેલ છે કે કયારેય દારૂનું વેચાણ કે પરિવહન બંધ થતું જ નથી.

દરમિયાનમાં અમરેલી જિલ્લાનાં બાબરા અને વંડા પંથકમાંથી સ્થાનિક પોલીસ ટીમે વિદેશી દારૂનો મસમોટા જથ્થા સાથે કુલ ૪ આરોપીઓનીરરલાખનાંમુદામાલસાથે અટકાયત કરેલ છે.

**બાબરા**

બાબરા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.બી. એસુરાની રાહબરી હેઠળ બાબરા પોલીસ સર્વેલન્સ ટીમ બાબરા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન એ.એસ.આઈ. કિરણભાઈ સોલંકી તથા હેડ કોન્સ. રાજભા વાઘેલાને સંયુકત બાતમી હકીકત મળેલ કે એક સફેદ કલરની ક્રેટા ફોરવ્હિલ કાર ઈંગ્લીશ દારૂ લઈને કરીયાણા રોડ તરફથી બાબરા તરફ આવે છે. જે અનુસંધાને પોલીસ સ્ટાફ બાબરા કરીયાણા ચોકડી પર વોચમાં ઉભા રહેલ અને સદર બાતમીવાળી ફોરવ્હીલ નિકળતા ઉભી રખાવવા

**અનુસંધાન પાના ૬ ઉપર**

## જાહેર માર્ગો ઉપર રખડતાં પશુઓથી પરેશાની વધી

# ચલાલામાં આખલા સાથે અથડાતાં બાઈક સવાર વૃધ્ધનું મોત નિપજયુ

**માથાના ભાગે ગંભીર ઈજા થવાથી વૃધ્ધનું મોત**

અમરેલી, તા. ૨૮

ચલાલા ગામે સ્ટેશન રોડ ઉપર રહેતા અને ખેતીકામ કરતા જયસુખભાઈ ભીખાભાઈ કાથરોટીયા નામના ૬૫ વર્ષીય વૃદ્ધ ગત તા. ૨૭ના રોજ ચલાલા સ્ટેશન રોડ ઉપર પોતાના રહેણાંક મકાન પાસે આખલા સાથે મોટર સાઈકલ અથડાઈ જવાથી તેઓ મોટર સાયકલ ઉપરથી પડી જવાથી તેમને ગંભીર ઈજાઓ થતા સારવાર માટે દવાખાને ખસેડાતા સારવાર દરમ્યાન તેમનું મોત નિપજયાનું પોલીસમાં જાહેર થતા પોલીસે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## ટ્રિપલ સવારી બાઈકને ટ્રકે હડફેટે લીધુ

# ઉનાનાં વેરાવળ માર્ગ ઉપર ટ્રકની ટક્કરે ભાઈની નજર સામે બહેને તોડયો દમ

**મૃતક યુવતીના ભાઈ અને માતા ઈજાગ્રસ્ત થયા**

ઉના, તા. ૨૮

ઉના–વેરાવળ હાઈવે પર કેસરિયા અને નાથળ ગામ વચ્ચે ખાણિયાધાર વિસ્તાર નજીક ટ્રકની ટક્કરથી ગંભીર માર્ગ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બાઈક પર સવાર કાજરડી ગામની ૧૮ વર્ષીય પ્રતિજ્ઞાબેન વાળાનું મોત નીપજયું હતું, જયારે તેમની માતા પાંચીબેન અને ભાઈ પ્રીતમ વાળા ઈજાગ્રસ્ત થયા હતા. પુત્રીના મોતના સમાચાર અને ઘટનાની

**અનુસંધાન પાના ૬ ઉપર**

## પાક નુકસાનીનો સર્વે કરી દિવાળી પહેલા વળતર ચુકવો

# અમરેલી જિલ્લાને તાત્કાલિક દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરો : ખેડૂતોની ઉગ્ર માંગ

**પશુઓ માટે ઘાસચારો અને પીવાનાં પાણીની વ્યવસ્થા કરવાની પણ માંગ**





અમરેલી, તા.૨૮

અમરેલી જિલ્લાને અન્ય જીલ્લાની જેમ જ તાત્કાલિક દુષ્કાળ ગ્રસ્ત જાહેર કરવામાં આવે, અને પાક નુકસાનનો સર્વે કરાવી દિવાળી પહેલાં વળતર ચૂકવવામાં આવે અને ખેડૂતોની પાક લોન તથા વ્યાજ માફ કરવામાં આવે તેવી માગ વરસાદની ખેંચનો સામનો કરી રહેલા ખેડૂતો દ્વારા ઉઠાવવામાં આવી રહી છે.

ગત ચોમાસાની શરૂઆતમાં વાવણી લાયક વરસાદ થતાં ખેડૂતોએ મોંઘા ભાવે બિયારણ, ખાતર અને દવાઓ ખરીદી મગફળી, કપાસ તથા સોયાબીનનું વાવેતર કર્યુ હતું. જો કે, ત્યારબાદ વરસાદે લાંબો વિરામ લેતાં ખેતરોમાં ઊભા પાક સુકાવા લાગ્યા છે. કૂવા અને બોરનાં જળસ્તર પણ નીચે ઊતરી જતાં સિંચાઈ માટે પાણીની અછતે ખેડૂતોની મુશ્કેલી વધારી છે.

જિલ્લાના ખેડૂતોની મુખ્ય રજૂઆત છે કે વરસાદની અછત અને પાકની સ્થિતિને ધ્યાનમાં રાખીને સરકાર તાત્કાલિક સર્વે કરાવે અને અમરેલી જિલ્લાને પણ અન્ય જિલ્લાની જેમ જ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અંગે નિર્ણય લે. ખેતી પાછળ કરેલા ખર્ચ સામે પાકમાંથી પૂરતી આવક મળવાની આશા ધૂંધળી બની છે. આવી સ્થિતિમાં લોનના હપ્તા ભરવા, પરિવારનું ગુજરાન ચલાવવા અને આગામી સિઝન માટે બિયારણ – ખાતરની વ્યવસ્થા કરવી મુશ્કેલ બની શકે છે. તેથી ખેડૂતોને રાહત આપવા સરકાર તાત્કાલિક પગલાં ભરે તેવી માગ છે.

ખેડૂતોની સ્પષ્ટ માગ છે કે સરકાર માત્ર સર્વેની પ્રક્રિયા સુધી

**અનુસંધાન પાના ૬ ઉપર**













# અમરેલી : ગજેરા કેમ્પસ વિદ્યાસભાનાં જ્ઞાન ભંડારમાં વધારો-લાયન્સ પુસ્તકાલય જ્ઞાન પરબ અર્પણ




અમરેલી શિક્ષણએ સમાજનાં વિકાસનો પાયો છે અને પુસ્તકો એ જ્ઞાન, વિચારશક્તિ તથા જીવન ઘડતરનાં અમૂલ્ય સાધનો છે. આ જ ઉમદા ભાવનાને સાકાર કરતાં લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા, અમરેલીનાં પુસ્તકાલયને આશરે ૫૦૦ જેટલાં પુસ્તકો અર્પણ કરવામાં આવ્યાં હતાં. વિદ્યાર્થીઓમાં વાંચન પ્રત્યે અભિરૂચિ કેળવાય, જ્ઞાનની ક્ષિતિજો વિસ્તરે અને અભ્યાસની સાથે વિચારશક્તિનો વિકાસ થાય તેવા ઉમદા હેતુથી કરવામાં આવેલું આ કાર્ય સમાજસેવાનું પ્રેરણાદાયી ઉદાહરણ બન્યું છે. લાયન્સ કલબ દ્વારા કરવામાં આવેલું. આ પુસ્તક અર્પણ કાર્ય માત્ર પુસ્તકોનું દાન નથી, પરંતુ વિદ્યાર્થીઓના જ્ઞાનવર્ધન, વ્યક્તિત્વ ઘડતર અને ઉજજવળ ભવિષ્યનાં નિર્માણમાં કરવામાં આવેલું મૂલ્યવાન રોકાણ છે. પુસ્તકાલય એ કોઈપણ શૈક્ષણિક સંસ્થાનું જ્ઞાન કેન્દ્ર છે. અહીં ઉપલબ્ધ થનારાં પુસ્તકો વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકોથી આગળ વધીને સાહિત્ય, વિજ્ઞાન, ઈતિહાસ, જીવનમૂલ્યો અને વિવિધ જ્ઞાનક્ષેત્રો સાથે પરિચિત થવાની તક પૂરી પાડશે. આ પહેલ વિદ્યાર્થીઓમાં સ્વાધ્યાયની ટેવ, સર્જનાત્મકતા, તર્કશક્તિ અને જીવનભર શીખતા રહેવાની ભાવનાને પ્રોત્સાહન આપશે. વર્ષ ૧૯૫૯થી શિક્ષણક્ષેત્રે કાર્યરત શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ–વિદ્યાસભા, અમરેલી શિક્ષણની સાથે સંસ્કાર, શિસ્ત, કૌશલ્ય અને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપતી શૈક્ષણિક સંસ્થા તરીકે પોતાની પરંપરાને આગળ ધપાવી રહી છે. બદલાતા સમયની જરૂરિયાતોને અનુરૂપ વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ, વિવિધ ક્ષેત્રોમાં આગળ વધવાની તકો અને જ્ઞાનસભર વાતાવરણ પૂરૂ પાડવાની દિશામાં સંસ્થા સતત પ્રયત્નશીલ છે. આવા સમયે પુસ્તકાલયને મળેલું આ પુસ્તકદાન સંસ્થાનાં શૈક્ષણિક પ્રયાસોને વધુ સમૃદ્ધ બનાવવામાં મહત્વપૂર્ણ યોગદાન આપશે. આ પ્રસંગે પીએમજેએફ પૂર્વ ગવર્નર લાયન વસંતભાઈ મોવલિયા, ગવર્નર લાયન હાર્દિકભાઈ મહેતા, વાઈસ ગવર્નર લાયન જયકિશનભાઈ દેવાણી, કેબિનેટ ચેરપર્સન લાયન સમીરભાઈ કલકાણી, ડિસ્ટ્રિકટ ચેરપર્સન લાયન કાંતિભાઈ વઘાસિયા અને લાયન દિનેશભાઈ ભુવા, રીજન ચેરપર્સન, લાયન કૌશિકભાઈ હપાણી, ઝોન ચેરપર્સન લાયન વિજયભાઈ વસાણી, પ્રમુખ લાયન જતીનભાઈ સુખડિયા, મંત્રી લાયન રાજેશભાઈ ઝાલાવાડિયા, ખજાનચી લાયન ગોરધનભાઈ માંદલિયા તથા રાજકોટનાં ઝોન ચેરપર્સન લાયન હસમુખભાઈ પટેલ સહિત લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં હોદ્દેદારો અને સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈન દ્વારા શિક્ષણ અને જ્ઞાનનાં પ્રસાર માટે હાથ ધરવામાં આવેલી. આ પહેલ પ્રશંસનીય છે. સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સેવાભાવનાં સાથે કાર્ય કરતી સંસ્થાઓ જયારે શિક્ષણનાં વિકાસમાં સહભાગી બને છે, ત્યારે તેની સકારાત્મક અસર માત્ર એક સંસ્થા પૂરતી સીમિત રહેતી નથી, પરંતુ સમગ્ર સમાજનાં ભવિષ્યને સમૃદ્ધ બનાવે છે. આ પુસ્તકદાન દ્વારા લાયન્સ કલબે વિદ્યાર્થીઓના જ્ઞાનવિકાસ પ્રત્યેની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે. તે માટે તમામને સંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરા, મંત્રી ચતુરભાઈ ખૂંટ અને મનસુખભાઈ ધનાણી દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. ગજેરા કેમ્પસ પરિવાર દ્વારા લાયન્સ કલબ ઓફ અમરેલી મેઈનનાં તમામ મહાનુભાવો, હોદ્દેદારો અને સભ્યો પ્રત્યે આભારની લાગણી વ્યક્ત કરવામાં આવી હતી. તમામ સભ્યોને આવકારને આભાર વ્યક્ત કરતા સંસ્થાનાં કેમ્પસ ડાયરેકટર વસંતભાઈ પેથાણી દ્વારા જણાવ્યું હતું કે આ પ્રોજેકટ ફક્ત લાઈબ્રેરીનાં પુસ્તકો વધારવા માટે નહી પણ હજારો વિદ્યાર્થીઓને જીવન ઘડતરની નવી દિશા આપવાનુ કાર્ય કરશે, સંસ્થાને વિશ્વાસ છે કે આ પુસ્તકો વિદ્યાર્થીઓ માટે જ્ઞાનપ્રાપ્તિનાં નવા દ્વાર ખોલશે અને વાંચન સંસ્કૃતિને વધુ મજબૂત બનાવશે.

### પાલિકા દ્વારા સ્વદેશી ભાવનાને પ્રોત્સાહન આપવા

## બાબરા ખાતે યોજાયેલ સ્વદેશી મેળા માં આજે હાસ્ય કાર્યક્રમ યોજાશે

### શહેરીજનોને લાભ લેવા પાલિકાનાં શાસકોનો અનુરોધ

બાબરા, તા.૨૮

બાબરા નગરપાલિકા દ્વારા સ્વદેશી ભાવનાને પ્રોત્સાહન આપવા આયોજિત સ્વદેશી મેળામાં વિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. ત્યારે તા. ૨૯ ઓકટોબર, ગુરૂવારના રોજ રાત્રે ૯ કલાકે જાણીતા હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયાનો ભવ્ય હાસ્ય કાર્યક્રમ યોજાશે.

આ કાર્યક્રમમાં હાસ્ય કલાકાર મનસુખભાઈ વસોયા પોતાની આગવી શૈલીમાં હાસ્યની રમઝટ બોલાવી ઉપસ્થિત લોકોને હાસ્યરસથી તરબોળ કરશે. સ્વદેશી મેળામાં યોજાનારા આ હાસ્ય કાર્યક્રમને માણવા બાબરા શહેર તેમજ તાલુકાના નાગરિકો મોટી સંખ્યામાંઉપસ્થિત રહે તેવી અપીલ કરવામાં આવી છે.

બાબરા નગરપાલિકાના પ્રમુખ રમેશભાઈ પરવાડીયા, ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલ અને કારોબારી સમિતિના ચેરમેન ભરતભાઈ રંગપરા દ્વારા શહેર તથા તાલુકાના તમામ નાગરિકોને આ હાસ્ય કાર્યક્રમમાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવવા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### જામનગર જિલ્લાનાં બેડી મરીન પોલીસ સ્ટેશમાં ફરજ બજાવતા

## અમરેલીમાં ફરજ બજાવી ગયેલ પીએસઆઈ વી.એસ. પોપટની શ્રેષ્ઠ કામગીરીનું સન્માન

### પોલીસ અધિક્ષક ડો. રવિ મોહન સૈનીએ પ્રશંસાપત્ર એનાયત કર્યુ



અમરેલી,તા.૨૮

અમરેલીનાંભૂતકાળમાંફરજ બજાવીનેપીએસઆઈ તરીકેપ્રમોશનમેળવી હાલ જામનગર જિલ્લાનાં બેડી મરીન પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પીએસઆઈ વી.એસ. પોપટ (વિકમભાઈ આહીર)નું જામનગરનાં જિલ્લા પોલીસ અધિક્ષકડો. રવિમોહનસૈનીએપ્રશંસાપત્ર અર્પણકરીનેસન્માનકરેલછે.

પીએસઆઈ વી.એસ. પોપટ તા. ૧૨/૧૦/૨૦૨૬નાં રોજ નવરાત્રિ તહેવાર નિમિત્તે જામનગર ખાતે ''શીટીમ'' સાથે પેટ્રોલીંગહતા, દરમ્યાન મોડી રાત્રે ૨ વાગ્યે જામનગર, રાજકોટ હાઈવે, ગુલાબનગર બ્રિજ પર એક ફેમિલીનું બુલેટ સ્લીપ થઈ જવાથી અકસ્માત સર્જાયેલ હતો અને અકસ્માતગ્રસ્ત પરિવાર ઈજાગ્રસ્ત હાલતમાં ૧૦૮ એમ્બ્યુલન્સનીરાહ જોઈ રહેલ, તેસમયેતેઓતથાતેમની ''શીટીમ'' દ્વારા તુરંત જ સમયસુચકતા અને માનવતા દર્શાવી, ઈજાગ્રસ્ત પરિવારનાં સભ્યો તેમજ બાળકીને અત્યંત કાળજીપૂર્વક સરકારી વાહનમાં બેસાડી તાત્કાલીકસારવાર અર્થેજામનગરજી.જી. હોસ્પિટલ પહોંચાડી સરાહનીય કામગીરી કરેલ. જે કામગીરીની ગર્વ સાથે નોંધ લઈ આ પ્રશંસાપત્ર એનાયત કરાયેલછે.

તેમ એક યાદીમાં પીએસઆઈ પોપટનાં અંગતમિત્ર ડો. રાજુભાઈ કથીરીયાએ જણાવેલછે.

### નેશનલ લીગલ સર્વિસ અને કાનુની સેવા સત્તા મંડળ દ્વારા

## ભુરખીયા ખાતે ૬૦ દિવસીય ''લીગલ મેગા ડ્રાઈવ'' યોજાઈ : ૮૪૮ ગ્રામજનોનાં પ્રશ્નોનુ નિરાકરણ

### કાનૂની સેવાઓ અને સરકરી યોજનાઓનો ઘર આંગણે લાભ

અમરેલી, તા.૨૮

નેશનલ લીગલ સર્વિસીસ ઓથોરિટી અને ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળના માર્ગદર્શન હેઠળ ગ્રામીણ સ્તરે કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો લાભ છેવાડાના નાગરિકો સુધી પહોંચાડવાના હેતુથી અમરેલી જિલ્લાના ભુરખીયા ગામે ૬૦ દિવસીય 'લીગલ મેગા ડ્રાઈવ'નું સફળતા પૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું.

સમગ્ર ગુજરાતમાંથી પસંદ કરાયેલા માત્ર સાત ગામોમાં ભુરખીયા ગામનો સમાવેશ થયો હતો. આશરે ૨,૪૦૦ની વસ્તી ધરાવતા આ ખેતી પ્રધાન ગામમાં વરિષ્ઠ નાગરિકો, દિવ્યાંગો, વિધવાઓ સહિતના વંચિત અને જરૂરિયાતમંદ વર્ગોને ઘરઆંગણે વિવિધ સેવાઓનો લાભ પૂરો પાડવામાં આવ્યો હતો. આ ઝુંબેશના અંતે કુલ ૮૪૮ ગ્રામજનોને કાનૂની સેવાઓ અને સરકારી યોજનાઓનો સીધો લાભ મળ્યો હતો.

મેગા ડ્રાઈવના પ્રારંભે જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધ્યક્ષ આર.કે. દેસાઈની ઉપસ્થિતિમાં વહીવટી વિભાગોના અધિકારીઓ, ભુરખીયા મંદિર ટ્રસ્ટ અને ગ્રામ પંચાયતના પ્રતિનિધિઓ સાથે સંકલન બેઠક યોજાઈ હતી. ત્યારબાદ પેરા–લીગલ વોલન્ટિયર્સ દ્વારા ગામમાં ઘરે–ઘરે જઈને સર્વેક્ષણ હાથ ધરવામાં આવ્યું હતું. આ સર્વેક્ષણ દરમિયાન ગ્રામજનોની સામાજિક–આર્થિક સ્થિતિ, દસ્તાવેજોને લગતી સમસ્યાઓ અને સરકારી યોજનાઓના લાભ મેળવવામાં પડતી મુશ્કેલીઓ અંગેની વિગતો એકત્રિત કરવામાં આવી હતી.

ગ્રામજનોના દસ્તાવેજી પ્રશ્નોના સ્થળ પર જ નિરાકરણ માટે સેવા સેતુ કાર્યક્રમ અંતર્ગત વિશેષસુવિધા કેમ્પ યોજાયો હતો. આ કેમ્પમાં આધાર કાર્ડ, રેશન કાર્ડ, ચૂંટણી કાર્ડ, આયુષ્માન કાર્ડ સહિતના દસ્તાવેજો અને વિવિધ સરકારી સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. જિલ્લા મહિલા અને બાળ વિકાસ વિભાગના સહયોગથી ૨૭ લાભાર્થીઓને કીટ અને મંજૂરી હુકમોનું વિતરણ કરવામાં આવ્યું હતું. સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કિંગ કેમ્પ યોજવાની સાથે એસ.બી.આઈ આર.સેટી દ્વારા સ્વરોજગારલક્ષી તાલીમ અંગે માહિતી આપવામાં આવી હતી.

આરોગ્યલક્ષી સેવાઓ અંતર્ગત વરિષ્ઠ નાગરિકો માટે તબીબી તપાસ અને નેત્ર નિદાન કેમ્પ યોજવામાં આવ્યા હતા. દિવ્યાંગ નાગરિકોને યુનિક ડિસેબિલિટી આઈડેન્ટિટી (UDID) કાર્ડ મેળવવામાં મદદ કરવામાં આવી હતી. મોસમી ખેતમજૂરો અને બાળકોને રેશનિંગ તથા આંગણવાડી સેવાઓ સાથે જોડવા માટે પણ જરૂરી કામગીરી કરવામાં આવી હતી. આ ઉપરાંત, નશામુક્તિ અંગે જાગૃતિ ફેલાવવા પ્રતિજ્ઞા કાર્યક્રમ, બાળલગ્ન અટકાવવા જાગૃતિ અભિયાન, ખેડૂતો માટે લઘુતમ ટેકાના ભાવ (MSP) નોંધણી હેલ્પ ડેસ્ક અને શાળાના બાળકો માટે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.

જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળના અધયક્ષ આર.કે. દેસાઈ, ફુલ–ટાઈમ સેક્રેટરી પ્રખર શર્મા, લાઠી તાલુકા કાનૂની સેવા સમિતિ, લાઠી તાલુકા વહીવટી તંત્ર, ગ્રામ પંચાયત અને ભુરખીયા મંદિર ટ્રસ્ટના સંકલિત પ્રયાસોથી આ મેગા ડ્રાઈવ સફળતાપૂર્વક સંપન્ન થઈ હતી. આ પહેલના પરિણામે ગ્રામજનોને કાનૂની માર્ગદર્શન, સરકારી યોજનાઓની માહિતી અને વિવિધ જનકલ્યાણકારી સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ બની હતી.

## દામનગર ખાતે ગાયત્રી મંદિરે વિનામુલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાયો





દામનગર, તા. ૨૮

અહીંના ગાયત્રી મંદિરે ગાયત્રી પરિવાર શાખા દામનગર, શ્રી રણછોડદાસજી બાપુ ચેરિટેબલ હોસ્પિટલ રાજકોટ, સીનીયર સીટીઝન ટ્રસ્ટ દામનગર, અને ભૂરખીયા મંદિર ટ્રસ્ટના સયુક્ત ઉપક્રમે યોજાઈ ગયેલ નેત્ર નિદાન કેમ્પમાં ડો. અલ્કેશભાઈ ખેરડીયાએ દર્દીઓની આંખની તપાસ કરી હતી. દામનગરના સ્વયંસેવકોએ પ્રશંસનીય સેવા આપી હતી. અહીંના ગાયત્રી મંદિરે દર મહિનાનાં છેલ્લાં બુધવારે વિના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ યોજાઈ છે.

### ખેડૂતોને મળી મોટી રાહત

## સાવરકુંડલા APMC માં સોયાબીનના ભાવમાં ઉછાળો

### મગફળીની સરખામણીએ સોયાબીનના સારા ભાવથી ખેડૂતોમાં ખુશી, આગામી દિવસોમાં બજારની માગ પર ભાવનો આધાર

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં ચાલુ ખરીફ સિઝન દરમિયાન સોયાબીનના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ખાસ કરીને સાવરકુંડલા એપીએમસી (APMC) માર્કેટિંગ યાર્ડમાં સોયાબીનના ભાવ પ્રતિ ૨૦ કિલોએ ૧,૨૦૦થી ૧,૪૫૦ સુધી પહોંચતાં ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગત વર્ષની સરખામણીએ આ વર્ષે સોયાબીનના ઊંચા ભાવ મળતાં ખેડૂતોને સારા આર્થિક વળતરની આશા જાગી છે. યાર્ડમાં સોયાબીનની આવક પણ ઉત્સાહજનક રહેતાં કૃષિ બજારમાં તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડમાં તાજેતરમાં અંદાજે ૩,૦૦૦ મણ સોયાબીનની આવક નોંધાઈ છે. મોટી સંખ્યામાં ખેડૂતો પોતાની ઉપજ વેચવા માટે યાર્ડમાં પહોંચી રહ્યા છે. યાર્ડના આસિસ્ટન્ટ સેક્રેટરી મુકેશભાઈ ત્રિવેદીના જણાવ્યા અનુસાર, હાલમાં સોયાબીનના ભાવ પ્રતિ ૨૦ કિલોએ ૧,૨૦૦થી ૧,૪૫૦ સુધી બોલાઈ રહ્યા છે. આગામી દિવસોમાં પણ સોયાબીનની આવક વધવાની સંભાવના છે.

તેમણે બજારની માગને આધારે ભાવમાં વધુ તેજી આવવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી. જોકે, ભાવમાં આગળ કેવો ફેરફાર થશે તે બજારની સ્થિતિ અને આવક પર નિર્ભર રહેશે. ગત વર્ષે સાવરકુંડલા યાર્ડમાં સોયાબીનના ભાવ પ્રતિ ૨૦ કિલોએ આશરે ૬૦૦થી ૭૦૦ની આસપાસ હતા. તેની સરખામણીએ ચાલુ સિઝનમાં ભાવ ૧,૨૦૦થી ૧,૪૫૦ સુધી પહોંચ્યા છે. આમ, ગત વર્ષની સરખામણીએ પ્રતિ ૨૦ કિલોએ અંદાજે ૫૦૦થી ૮૫૦ સુધીનો વધારો જોવા મળી રહ્યો છે.

આ ભાવવધારાથી સોયાબીનનું વાવેતર કરનારા ખેડૂતોને રાહત મળી છે. જોકે, દરેક ખેડૂતને મળતો વાસ્તવિક ભાવ સોયાબીનની ગુણવત્તા અને બજારની સ્થિતિ પ્રમાણે અલગ હોઈ શકે છે.સાવરકુંડલાના પ્રગતિશીલ ખેડૂત યોગેન્દ્રસિંહ રાઠોડે ચાલુ સિઝનમાં સોયાબીનનું વાવેતર કર્યું છે. તેમણે જણાવ્યું હતું કે યાર્ડમાં સોયાબીનનો પ્રતિ ૨૦ કિલોએ ૧,૪૫૦નો ભાવ મળતાં તેઓ સંતુષ્ટ છે. તેમના જણાવ્યા મુજબ, ગત વર્ષે તેમણે મગફળીનું વાવેતર કર્યું હતું, જ્યારે આ વર્ષે સોયાબીનની ખેતી કરવાનો નિર્ણય લીધો હતો. હાલના બજારભાવને જોતાં તેમને સોયાબીનની ખેતીથી સારા વળતરની આશા છે. જોકે, ખેતીમાં થયેલો કુલ ખર્ચ અને મળેલી ઉપજને ધ્યાનમાં લીધા બાદ જ વાસ્તવિક નફાનો અંદાજ લગાવી શકાય છે.

સોયાબીનના ભાવમાં આવેલા ઉછાળાથી અમરેલી જિલ્લાના ખેડૂતોમાં આશાવાદ જોવા મળી રહ્યો છે. ગત વર્ષે નીચા ભાવથી નિરાશ થયેલા ખેડૂતોને આ વર્ષે સારા ભાવ મળતાં રાહત મળી છે. આગામી દિવસોમાં યાર્ડમાં આવક કેટલી રહે છે અને બજારમાં માગ કેવી રહે છે તેના આધારે ભાવની દિશા નક્કી થશે. હાલમાં સાવરકુંડલા APMCમાં સોયાબીનના ઊંચા ભાવ ખેડૂતો માટે સકારાત્મક સંકેત છે. જોકે, ઉત્પાદન ખર્ચ, ઉપજ અને ગુણવત્તાને ધ્યાનમાં રાખીને જ ખેતીના અંતિમ આર્થિક વળતરનું મૂલ્યાંકન કરી શકાય છે.

### ધારાસભ્ય જનક તળાવીયાની ઉપસ્થિતિમાં

## લાઠીના ઘામેલ ગામે રૂપિયા ૪.૩૦ કરોડના વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

### સમસ્ત ગ્રામજનોમાં ખુશીનો માહોલ



લાઠી, તા. ૨૮

લાઠી તાલુકાના ઘામેલ ગામે વિકાસકાર્યોને વધુ વેગ આપતા અંદાજીત રૂ. ૪ કરોડ ૩૦ લાખના વિવિધ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત લોકપ્રિય ધારાસભ્ય જનકભાઈ તળાવીયા તથા આંબરડી શીટના જીલ્લા પંચાયતના સદસ્ય નરેશભાઈ ડોંડાના વરદ્ હસ્તે કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યોના ખાતમુહૂર્ત સાથે ઘામેલ ગામ તેમજ આસપાસના ગ્રામ્ય વિસ્તારોના વિકાસમાં વધુ એક મહત્વપૂર્ણ અધ્યાયનો પ્રારંભ થયો છે.

આ પ્રસંગે મુખ્યત્વે દામનગર–ઘામેલ રીસર્ફેસિંગ રોડના અંદાજીત રૂ. ૪ કરોડના ખર્ચે થનારા કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ માર્ગના રીસર્ફેસિંગથી દામનગર અને ઘામેલ વચ્ચેના વાહનવ્યવહારને વધુ સુગમતા મળશે તેમજ સ્થાનિક ગ્રામજનો, ખેડૂતો, વિદ્યાર્થીઓ અને વાહનચાલકોને વર્ષોથી પડતી આવતી માર્ગ સંબંધિત મુશ્કેલીઓમાં રાહત મળશે. સાથે જ અંદાજીત રૂ. ૩૦ લાખના વિવિધ વિકાસકાર્યોનું પણ ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. આ વિકાસકાર્યો થકી ગામમાં પાયાની સુવિધાઓ વધુ મજબૂત બનશે અને ગ્રામજનોને સુવિધાસભર માળખાકીય વિકાસનો લાભ મળશે.

ધારાસભ્ય જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારમાં વિકાસના કામો સતત આગળ ધપાવવાનો સંકલ્પ છે. ગ્રામ્ય વિસ્તારોમાં રસ્તા, પાણી, શિક્ષણ, આરોગ્ય સહિતની પાયાની સુવિધાઓને મજબૂત બનાવવા માટે સરકાર સમક્ષ સતત રજૂઆતો કરવામાં આવી રહી છે અને તેના પરિણામે વિસ્તારને એક પછી એક વિકાસની ભેટ મળી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યુંહતું કે, વિકાસ એ માત્ર શહેરો પૂરતો સીમિત ન રહે, પરંતુ ગામડાં સુધી વિકાસની સુવિધાઓ પહોંચે તે અમારી પ્રાથમિકતા છે. ઘામેલ સહિત લાઠી તાલુકાના દરેક ગામમાં જરૂરી વિકાસકાર્યોને પ્રાથમિકતા આપી આગામી સમયમાં પણ વધુ વિકાસકામો સાકાર કરવામાં આવશે.

આ પ્રસંગે ઉપસ્થિત ગ્રામજનોએ દામનગર–ઘામેલ માર્ગના રીસર્ફેસિંગ સહિતના વિકાસકાર્યોની મંજૂરી અને ખાતમુહૂર્ત બદલ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાનો આભાર વ્યક્ત કર્યો હતો. વિકાસકાર્યોના ખાતમુહૂર્તને પગલે ગ્રામજનોમાં આનંદ અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો.

આ કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના સદસ્ય, તાલુકા પંચાયતના સદસ્ય, તાલુકા ભાજપ સંગઠનના મહામંત્રી, ગ્રામ પંચાયતના સરપંચ, ગામના આગેવાનો, ભાજપના કાર્યકર્તાઓ તેમજ મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

લાઠી–બાબરા–દામનગર વિધાનસભા વિસ્તારમાં ''સૌનો સાથ, સૌનો વિકાસ''ના સંકલ્પ સાથે વિકાસની આ ગતિ આગામી સમયમાં પણ સતત આગળ વધતી રહેશે.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રોફેસર ડો. જયદીપસિંહ ડોડિયાનો ઋણ સ્વીકાર સમારોહ યોજાયો




અમરેલી, તા. ૨૮

સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના સિનિયર પ્રોફેસર અને પૂર્વ ઈન્ચાર્જ કુલપતિ ડો. જયદીપસિંહ ડોડિયાનો ઋણ સ્વીકાર કાર્યક્રમ જૂનાગઢ ભવનાથ તળેટીમાં કુદરતના સાનિધ્યમાં યોજાયો હતો.

ડો. સુભાષ મહિલા કોલેજના પ્રિન્સિપાલ, અતુલ્ય વારસો સન્માન અને કાગ એવોર્ડ વિજેતા ડો. બલરામ ચાવડાના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં સામાજિક અગ્રણી યોગીભાઈ પઢિયાર, ભીમાભાઈ ડાંગર અને ભૂતપૂર્વ પ્રાપ્રયાપક તથા અગ્રણી બિલ્ડર ડો. પ્રવીણ ભેડા અતિથિ વિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા.

કેશોદ તાલુકાના શિલોદર જેવા નાના ગ્રામ્ય વિસ્તારમાંથી આવીને અંગ્રેજી ભાષામાં સશક્ત કારકિર્દી બનાવનાર, યુનિવર્સિટીના વિવિધ સત્તામંડળોમાં આગવું સ્થાન ધરાવનાર અને ઈન્ચાર્જ કુલપતિ તરીકે નોંધપાત્ર સેવા આપનાર ડો. ડોડિયા વય મર્યાદાને કારણે નિવૃત્ત થઈ રહ્યા છે. તેમના માર્ગદર્શન હેઠળ પચાસથી વધુવિદ્યાર્થીઓએ પી.એચ.ડી. પ્રાપ્ત કરી છે. આ તમામ રિસર્ચ સ્કોલર્સ દ્વારા આ ઋણ સ્વીકાર કાર્યક્રમનું આયોજન કરાયું હતું, જેમાં પાંત્રીસથી વધુ રિસર્ચ સ્કોલર્સ પરિવાર સાથે ઉપસ્થિત રહ્યા હતા.કાર્યક્રમની શરૂઆતમાં ડો. નરેશ સોલંકીએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ત્યારબાદ મહેમાનોનું શાલ અને પુષ્પગુચ્છથી સ્વાગત કરાયું હતું. ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના અંગ્રેજી ભવનના અધ્યક્ષ પ્રોફે. ડો. ફિરોઝ શેખે ડો. ડોડિયાનો પરિચય આપ્યો હતો.

ત્યારબાદ પ્રો. ડો. દિલીપ બારડ (ભાવનગર), પ્રિન્સિપાલ ડો. ઈન્દ્રવદન પુરોહિત (માંગરોળ), ડો. સીમા ગીડા (રાજકોટ), ડો. શીતલ ઠાકોર (માંગરોળ), પ્રિન્સિપાલ ડો. દર્શા જાની (અમદાવાદ) અને ડો. પ્રવીણ ભેડા (ઉપલેટા)એ ડો. ડોડિયા સાથેના સંસ્મરણો વાગોળી તેમની વિદ્યાર્થી ઉત્કર્ષ માટેની તત્પરતા અને નિઃસ્વાર્થ સેવાભાવનાને બિરદાવી હતી. ડો. રૂપા ડાંગર (જૂનાગઢ) દ્વારા પ્રશસ્તિપત્રનું વાચન કરાયું હતું અને મહાનુભાવોના હસ્તે ડો. ડોડિયાને સ્મૃતિચિહ્ન એનાયત કરાયું હતું. આ પ્રસંગે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. કમલેશ જોષીપુરા અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના પૂર્વ કુલપતિ ડો. ચેતન ત્રિવેદીના શુભેચ્છા સંદેશનું વાચન ડો. ભાવિશા વ્યાસે કર્યુ હતું.

અંતમાં ડો. જયદીપસિંહ ડોડિયાએ પ્રતિભાવ આપતા જણાવ્યું હતું કે, આ સફળતા પાછળ ઘણો સંઘર્ષ રહ્યો છે, જેમાં પરિવારની હૂંફ અને વિદ્યાર્થીઓનો સહકાર મળ્યો છે, જે બદલ સૌનો હૃદયપૂર્વક આભાર માનું છું. પોતાના વિદ્યાર્થીઓ આજે દેશ–વિદેશમાં વિવિધ ક્ષેત્રે યોગદાન આપી રહ્યા છે તેનો આનંદ વ્યક્ત કર્યો હતો. અધ્યક્ષીય ઉદ્બોધનમાં ડો. બલરામ ચાવડાએ ડો. ડોડિયાના બાહોશ વ્યક્તિત્વની પ્રશંસા કરી હતી. કાર્યક્રમનું સુંદર સંચાલન ડો. નયન ટાંક (પોરબંદર) એ કર્યું હતું, જયારે આભારદર્શન ડો. રાજેશ લાડવા (માળિયા–હાટીના) એ કર્યું હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા ડો. રાજેશ લાડવા, ડો. નરેશ સોલંકી, ડો. ફિરોઝ શેખ, ડો. નયન ટાંક, ડો. રૂપા ડાંગર, ડો. શીતલ ઠાકોર, ડો. આશિષ શુક્લ, ડા. કેતન ગેડીયા, ડો. મુકેશ ભેસાણીયા, ડો. વિજયસિંહ સરવૈયા સહિતનાએ જહેમત ઉઠાવી હતી. આ પ્રસંગે રાજકોટથી ડો . જયંત ભાલોડિયા, ડો. ઈરોસ વાજા, ડો. નીરવ ભટ્ટ ( ચહલ એકેડેમી ) તેમજ જૂનાગઢ અને ગીર સોમનાથ જિલ્લાના અંગ્રેજી વિષયના અધ્યાપકો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પાલિકાનાં વિપક્ષી નેતા કમલેશભાઈ દવેએ ચોંકાવનારો આક્ષેપ કર્યો

# લ્યો બોલો : સાવરકુંડલામાં શરૂ થયેલ "સ્વદેશી મેળો" વિવાદમાં સપડાયો

**રૂપિયા ૧૦ લાખનો ખર્ચ પાલિકા દ્વારા કરવામાં આવ્યો અને તેમાં સુવિધાઓનો અભાવ હોવાનો આક્ષેપ**

**ફાળવાયેલ ૪૪ સ્ટોલમાંથી ૧૦ થી ૧૫ જેટલા સ્ટોલ ખાલી પડયા છે**

**મેળાનાં સ્થળે શૌચાલય સહિતની સુવિધા ઉભી કરવામાં આવી નથી**

**સમગ્ર બનાવ અંગે તટસ્થ તપાસ કરવા અંગે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવામાં આવી**



સાવરકુંડલા, તા. ૨૮

ગુજરાત સરકારના શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ તેમજ સાવરકુંડલા નગરપાલિકા દ્વારા પાલિકા ગ્રાઉન્ડ ખાતે દિવાળીના તહેવારો નિમિત્તે સ્થાનિક રોજગારીને પ્રોત્સાહન આપવાના હેતુથી 'સ્વદેશી મેળો' યોજવામાં આવ્યો છે. જોકે, આ મેળો શરૂ થતાંની સાથે જ ભ્રષ્ટાચાર અને ગેરવ્યવસ્થાના આક્ષેપો સાથે ભારે વિવાદમાં સપડાયો છે. આશરે ૧૦ લાખ રૂપિયાના મોટા ખર્ચે ટેન્ડર બહાર પાડીને આયોજિત કરાયેલા આ મેળામાં ટેન્ડર મુજબની પાયાની સુવિધાઓનો સદંતર અભાવ જોવા મળી રહ્યો છે.

સાવરકુંડલા નગરપાલિકાના વિરોધ પક્ષના નેતા કમલભાઈ દવેએ મેળાની મુલાકાત લઈને તંત્ર સામે ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કુલ ફાળવાયેલા આશરે ૪૪ સ્ટોલમાંથી ૧૦થી ૧૫ જેટલા સ્ટોલ ખાલી પડયા છે અને લોકોમાં પણ કોઈ ઉત્સાહ જોવા મળતો નથી. બહેનો માટે મેળાના સ્થળે શૌચાલયની કોઈ વ્યવસ્થા ન હોવાથી તેમણે નગરપાલિકાની બિલ્ડિંગમાં જવું પડે છે, જે સીધી રીતે ટેન્ડર શરતોનો ભંગ છે.

**પીવાનું પાણી અને ભોજન :** મેળામાં પીવાનું પાણી ગરમ છે અને પૂરતા પ્રમાણમાં જગ મૂકવામાં આવ્યા નથી. તેમજ સ્ટોલ ધારકો માટે આવતું ટિફિન મર્યાદિત અને ગુણવત્તા વગરનું હોવાથી તેમણે તે લેવાનો સ્પષ્ટ ઈનકાર કર્યો હતો.

નિયમ મુજબ પીજીવીસીએલમાંથી અલગ સબ-મીટર કે થ્રી-ફેઝ કનેકશન લેવું જોઈએ, પરંતુ તેની જગ્યાએ સીધું નગરપાલિકાના મીટરમાંથી ગેરકાયદેસર રીતે વીજ કનેકશન જોડી દેવામાં આવ્યું હોવાનો આક્ષેપ કરાયો છે.

લાખો રૂપિયાના ખર્ચે વોટરપ્રૂફ ડોમ બનાવવાની જગ્યાએ સાદો મંડપ ઊભો કરી દેવાયો છે અને ગેમઝોન સ્થળ પર અસ્તિત્વમાં જ નથી.

મેળામાં અગરબત્તીનો સ્ટોલ રાખનાર વેપારી ગિરીશભાઈ ત્રિવેદીએ પોતાની મુશ્કેલી રજૂ કરતા જણાવ્યું હતું કે, પીવાની પાણીની સુવિધા ન હોવાથી તેમને ઘરેથી પાણી લાવવું પડે છે. વળી, યોગ્ય વ્યવસ્થાના અભાવે ગ્રાહકોની પાંખી હાજરી છે, જેથી વેપાર પણ થઈ રહ્યો નથી.

મુલાકાતી ઉવેજ કાદરીએ જણાવ્યું હતું કે, વોટરપ્રૂફ ડોમ અને ચિલ્ડ્રન ગેમઝોન જેવી અદ્યતન સુવિધાઓ આપવાની વાતો પોકળ સાબિત થઈ છે અને વાસ્તવિકતામાં સાદો મંડપ બાંધી દેવાયો છે.

મેળાના આયોજન સામે આક્રોશ વ્યકત કરતા સાવરકુંડલા પાલિકાના સદસ્ય નાસીરભાઈ ચૌહાણે તંત્ર પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, સરકાર સ્વદેશી મેળાના નામે માત્ર મોટા હોર્ડિંગ્સ અને જાહેરાતો કરીને વાહ-વાહી લૂંટવાનો પ્રયાસ કરે છે. ૧૦ લાખ રૂપિયાના ખર્ચ સામે મેળામાં ગ્રાહકો પણ આવતા નથી. તેમણે રોષપૂર્વક ઉમેર્યું હતું કે, 'જો ખરેખર નાના ધંધાર્થીઓ, પાથરણાવાળા કે રેંકડીવાળાનું હિત ઈચ્છતી હોય તો આ ૧૦ લાખ રૂપિયા કોન્ટ્રાકટરને રળાવવાને બદલે સ્થાનિક નાના વેપારીઓના ખાતામાં સીધા ૧૦-૧૦ હજાર રૂપિયા જમા કરાવી દીધા હોત તો તેમની દિવાળી સુધરી જાત. આવા તાયફાઓ તાત્કાલિક બંધ થવા જોઈએ.'

જનતાના ટેકસના લાખો રૂપિયાના ખર્ચે યોજાતા આવા મેળાઓમાં જો મૂળભૂત સુવિધાઓ જ ન મળતી હોય અને માત્ર કોન્ટ્રાકટરોને ફાયદો કરાવવા માટે નિયમોનો ભંગ થતો હોય, તો આ અંગે ઉચ્ચ કક્ષાએથી તટસ્થ તપાસ થવી જોઈએ તેવી પ્રબળ લોકલાગણી ઉઠી છે.

---

### ડાયમંડ એસોસિયેશન અને માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા

## અમરેલી ખાતે પોલીસ અધિક્ષક સંજય ખરાતનું સન્માન કરવામાં આવ્યું

**રકતદાન કેમ્પમાં સહયોગ બદલ થયું સન્માન**

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લા ડાયમંડ એસોસિએશન અને માનવ કલ્યાણ ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ લલિતભાઈ ઠુંમર, ટ્રસ્ટી રાજનભાઈ જાની તથા મિલનભાઈ મેનિયા દ્વારા અમરેલી જિલ્લા પોલીસ અધિક્ષક સંજય ખરાતનું સન્માન કરવામાં આવ્યું, હાલમાં અમરેલી પોલીસ દ્વારા 'પોલીસ સંભારણા દિવસ' અંતર્ગત યોજાયેલ બ્લડ ડોનેશન કેમ્પ માં રેકર્ડબ્રેક ૧૯૩૪ યુનિટ જેમા વેદ બ્લડ બેંક દ્વારા ૫૦૦ યુનિટ બ્લડ એકત્રિત કરેલ , તે બદલ પોલીસ અધિક્ષક સંજય ખરાત, તમામ પોલીસ સ્ટાફ , તમામ ડોનરનો આભાર વ્યક્ત કરે છે .



---

## લાઠી : પોલીસે ચોરીમાં ગયેલ મોબાઇલ સાથે આરોપીને ઝડપી લીધો

અમરેલી, તા. ૨૮

લાઠી વિભાગીય પોલીસ અધિકારી વિસ્મય માનસેતાએ અમરેલી જીલ્લામાં બનતા ચોરીનાં બનાવોમાં સત્વરે કાર્યવાહી કરી મુદ્દામાલ રીકવર કરી આરોપી વિરૂધ્ધ કાયદેસર કાર્યવાહી કરવા તેમજ ચોરીનાં બનાવોમાં ભેદ ઉકેલવા સારૂ સુચના આપેલ હોય, જે અન્વયે લાઠી પોલીસ સ્ટેશનનાં પોલીસ ઈન્સ્પેકટર એમ.એમ. ઝાલાનાં માર્ગદર્શન નીચે લાઠી પોલીસ સ્ટેશનમાં સને ૨૦૨૪ આઈપીસી કલમ-૩૭૯ મુજબનાં કામે ચોરીમાં ગયેલ મોબાઈલ ફોન સાથે આરોપીને પકડી પાડી ગુન્હોનો ભેદ ઉકેલી લીલીયા તાલુકાનાં કુતાણા ગામે રહેતા કાનજી ઉર્ફે કાનો લાઘાભાઈ પરમારને ઝડપી લઈ ધોરણસરની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.



---

### તાલુકા આરોગ્ય કચેરી અને આઈસીડીએસનાં સંયુકત ઉપક્રમે

## ખાંભા તાલુકા પંચાયત ખાતે 'બેટી બચાવો, બેટી પઢાવો' અંતર્ગત જાગૃતિ કાર્યક્રમ યોજાયો

**આશા વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર બહેનોને અપાયું માર્ગદર્શન**

અમરેલી, તા. ૨૮

ખાંભા તાલુકામાં તાલુકા આરોગ્ય કચેરી અને આઈ.સી.ડી.એસ. વિભાગના સંયુકત ઉપક્રમે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન અંતર્ગત તાલુકા પંચાયત ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શિવલાલભાઈ સુદાણીના અધ્યક્ષસ્થાને યોજાયેલા આ કાર્યક્રમમાં આશા વર્કર અને ફિમેલ હેલ્થ વર્કર બહેનોને પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટ અંગે જાગૃત કરી જરૂરી માર્ગદર્શન પૂરૂં પાડવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરિયા, આસીસ્ટન્ટ ટી.ડી.ઓ. કાપડી, તાલુકા હેલ્થ ઓફિસર ડો. જિગ્નેશભાઈ ગોસ્વામી, સી.ડી.પી.ઓ. શ્રીમતી દક્ષાબેન ભટ્ટ, તાલુકા હેલ્થ સુપરવાઈઝર વાળાભાઈ, નારી અદાલતના જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી જસુબેન ભંડેરી, અંબુજા સિમેન્ટ ફાઉન્ડેશનના હિતેશભાઈ મકવાણા, પી.એલ.વી. ગોહિલભાઈ સહિત ડી.એચ.ઈ.ડબલ્યુ., ઓ.એસ.સી. અને સંબંધિત વિભાગોના કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે જિલ્લા મહિલા અને બાળ અધિકારી શૈલેષભાઈ કણઝરિયાએ કાર્યક્રમને અનુરૂપ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. તાલુકા હેલ્થ ઓફિસર ડો. જિગ્નેશભાઈ ગોસ્વામીએ પી.સી. એન્ડ પી.એન.ડી.ટી. એકટની જોગવાઈઓ, તેના મહત્વ અને કાયદાના પાલન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. સી.ડી.પી.ઓ. શ્રીમતીદક્ષાબેન ભટ્ટે પણ કાર્યક્રમને અનુરૂપ સંદેશ આપ્યો હતો. તાલુકા પંચાયતના પ્રમુખ શિવલાલભાઈ સુદાણીએ ઉપસ્થિત બહેનોને પ્રેરણાદાયી સંદેશ આપીને દીકરીઓના સંરક્ષણ અને સશકિતકરણ માટે જાગૃતિ કેળવવા અનુરોધ કર્યો હતો.

નારી અદાલતનાં જિલ્લા કો-ઓર્ડિનેટર શ્રીમતી જસુબેન ભંડેરીએ નારી અદાલતની કામગીરી અને મહિલાઓને મળતી સહાય અંગે સમજણ આપી હતી. સખી વન સ્ટોપ સેન્ટરના શ્રીમતી રંજનબેને સેન્ટર દ્વારા મહિલાઓને પૂરી પાડવામાં આવતી સેવાઓ વિશે માહિતી આપી હતી. જયારે શ્રીમતી મીનાક્ષીબેન મકવાણાએ મહિલા અને બાળ વિકાસ વિભાગની વિવિધ યોજનાઓ અંગે ઉપસ્થિતોને માહિતગાર કર્યા હતા.

જિલ્લા મિશન કો-ઓર્ડિનેટર હસમુખભાઈ રાઠોડે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ દીકરીઓના જન્મદર અંગે જાગૃતિ વધારવા, સ્ત્રીભ્રૂણ હત્યા અટકાવવા તથા મહિલાઓ અને દીકરીઓના અધિકારો અંગે જનજાગૃતિ કેળવવાનો રહ્યો હતો.





ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of RPCA | NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

આદુ-મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ ડેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧







સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા



કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ કિલનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઇન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઇન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

### હવે મોંઘવારી ભથ્થું વધીને ૬૩% થયું

# કેન્દ્રીય કર્મચારીઓની દિવાળી સુધરી : DA માં ૩% નો વધારો

## આ વધારો ૧ જુલાઈથી અમલી ગણાશે : આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૮

દિવાળી પહેલાં, સરકારે ૧ કરોડથી વધુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરોને મોટી રાહત આપી છે. કેબિનેટે મોંઘવારી ભથ્થામાં ૩ %નો વધારો મંજૂર કર્યો છે, જેનાથી કુલ DA વધીને ૬૩ % થયો છે. વિગતો અનુસાર, આ વધારો ૧ જુલાઈથી અમલી ગણાશે. આ સમયગાળાની બાકી રકમ (એરિયર્સ) ઓક્ટોબરના પગારમાં ઉમેરીને નવેમ્બરમાં ચૂકવવામાં આવશે. DAમાં થયેલા આ વધારાને કારણે કેન્દ્ર સરકાર પર રૂપિયા ૧૦,૦૧૬ કરોડનો વધારાનો નાણાકીય બોજ પડશે. કેન્દ્ર સરકારના કર્મચારીઓ અને પેન્શનરો દશેરાથી જ આ વધારાની રાહ જોઈ રહ્યા હતા. અગાઉની બે સાપ્તાહિક કેબિનેટ બેઠકોમાં કોઈ જાહેરાત ન થતાં, આ વધારાની માંગ વધુ પ્રબળ બની હતી.

મોંઘવારી ભથ્થું મૂળ પગારના (બેઝિક પે) ટકાવારી તરીકે ગણવામાં આવે છે. તેથી, DAમાં વધારો થવાથી કર્મચારીના પગારમાં પણ વધારો થાય છે. પરિવહન ભથ્થું (Transport Allowance – TPTA) જે પગારનો એક ભાગ છે અને ઙ્ઘછ સાથે જોડાયેલું છે. તેમાં પણ વધારો થાય છે. DA ૬૦%થી વધીને ૬૩% થવાથી, 'લેવલ ૫' પરના કેન્દ્ર સરકારના કર્મચારી કે જેમનો મૂળ પગાર રૂપિયા ૨૯,૨૦૦ છે. તેમના પગારમાં નોંધપાત્ર વધારો જોવા મળી શકે છે. નિષ્ણાતોના અંદાજ મુજબ, DAના હિસ્સામાં માસિક રૂપિયા ૮૭૬ નો વધારો થશે. આ ઉપરાંત, પરિવહન ભથ્થામાં (TPTA) પણ આશરે રૂપિયા ૧૦૮નો વધારો થશે.

DAમાં આ વધારો ૭મા કેન્દ્રીય પગાર પંચની ભલામણોના આધારે નક્કી કરાયેલા સૂત્ર મુજબ લાગુ કરવામાં આવ્યો છે. છઠ્ઠા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, મોંઘવારી ભથ્થું/ મોંઘવારી રાહત (DA/DR) મૂળ પગારના ૨૬૨% થી વધીને ૨૬૯ % થશે. જેમાં ૭ % નો વધારો છે. આ ફેરફાર ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી બનશે. જ્યારે, પાંચમા કેન્દ્રીય પગાર પંચ (CPC) હેઠળ આવતા કર્મચારીઓ માટે, DA/DR મૂળ પગારના ૪૮૩ % થી વધીને ૪૯૭ % થશે. જેમાં ૧૪% નો વધારો છે. આ વધારો પણ ૧ જુલાઈ, ૨૦૨૬ થી અમલી થશે. કેન્દ્રની મોદી સરકારે આપેલ અન્ય મહત્વપૂર્ણ મંજૂરીઓમાં રુપિયા ૧૦,૦૦૦ કરોડની ફાળવણી સાથે 'કન્ટેનર મેન્યુફેક્ચરિંગ પ્રમોશન સ્કીમ' (કન્ટેનર ઉત્પાદન પ્રોત્સાહન યોજના), રૂ.૧,૮૫૬ કરોડના ખર્ચ સાથે 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' (ખેલો ઈન્ડિયા રમતગમત સામગ્રી ઉત્પાદન યોજના), અને રૂ.૭,૩૯૫ કરોડની ફાળવણી સાથે 'પ્રધાનમંત્રી વિકસિત ગ્રામ સ્વરાજ યોજના'નો સમાવેશ થાય છે. 'ખેલો ઈન્ડિયા સ્પોર્ટ્સ ગુડ્સ મેન્યુફેક્ચરિંગ સ્કીમ' આઠ વર્ષના સમયગાળા માટે (નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭થી નાણાકીય વર્ષ ૨૦૩૩-૩૪ સુધી) અમલમાં રહેશે. તેમાં બે મુખ્ય ઘટકો છે. ઉત્પાદનને પ્રોત્સાહન આપવા માટે પ્રોત્સાહનો અને એક વ્યાપક ઈકોસિસ્ટમ (પરિસ્થિતિકી તંત્ર) વિકસાવવા માટેના પગલાં. આ યોજના હેઠળના પ્રોત્સાહનોમાં સમર્પિત ઉત્પાદન ઝોનની રચના, મુખ્ય રોકાણો (એક્કર ઈન્વેસ્ટમેન્ટ્સ) માટે સહાય, ટર્નઓવર આધારિત સહાય અને હાલના ક્લસ્ટરો (ઉદ્યોગ સમૂહો) માટે મદદનો સમાવેશ થાય છે. ઈકોસિસ્ટમ વિકસાવવાના પગલાંમાં પ્રમાણપત્ર અને પરીક્ષણ, સંશોધન અને કૌશલ્ય વિકાસ, સ્ટાર્ટઅપ્સ માટે સહાય, તેમજ બ્રાન્ડિંગ અને પહોંચ વધારવાની પહેલોનો સમાવેશ થાય છે.

મોંઘવારી ભથ્થું કેન્દ્ર સરકારના કર્મચારીઓને અપાતું વધારાનું ભથ્થું છે. તેનો ઉદ્દેશ્ય મોંઘવારીને કારણે કર્મચારીઓની ખરીદી ક્ષમતા પર પડનાર અસરને ઘટાડવાનો છે. તેની ગણતરી કર્મચારીના મૂળ પગારના ટકાના આધારે કરવામાં આવે છે. ડીએમાં વધારો થવા પર કર્મચારીઓની કુલ માસિક આવકમાં વધારો થાય છે. તો પેન્શનરોને મોંઘવારી રાહતનો લાભ મળે છે. નવો દર લાગૂ થવાની તારીખના આધાર પર કર્મચારીઓને એરિયરનો લાભ પણ મળશે.

### સાયબર ક્રાઈમનો ખુલાસો

# અમદાવાદમાં ૧૯ ધમકીભર્યા ઈમેલનું પગેરું પાકિસ્તાન-બાંગ્લાદેશ સુધી પહોંચ્યું

## ઈમેલનો મુખ્ય હેતુ લોકોમાં ભય અને દહેશત ફેલાવવાનો હતો : પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ શહેરમાં શૈક્ષણિક સંસ્થાઓ, અદાલતો અને મહત્ત્વપૂર્ણ જાહેર સ્થળોને બોમ્બથી ઉડાવી દેવાની ધમકી આપતા ઈમેલ મામલે સાયબર ક્રાઈમ બ્રાન્ચે મહત્ત્વની વિગતો જાહેર કરી છે. પોલીસના જણાવ્યા અનુસાર, શહેરમાં કુલ ૧૯ ધમકીભર્યા ઈમેલ મોકલવામાં આવ્યા હતા. પ્રાથમિક તપાસમાં આ ઈમેલનું નેટવર્ક પાકિસ્તાન અને બાંગ્લાદેશ સાથે જોડાયેલું હોવાનું સામે આવ્યું છે. સાયબર ક્રાઈમનાં ડીસીપી લવીના સિંહાએ તપાસ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે, આ ઈમેલનો મુખ્ય હેતુ લોકોમાં ભય અને દહેશત ફેલાવવાનો હતો. પોલીસ આ મામલે વધુ તપાસ કરી રહી છે.તપાસમાં સામે આવેલી વિગતો મુજબ, ધમકીભર્યા ઈમેલ દ્વારા અમદાવાદની આશરે ૧૪ શાળાઓ ઉપરાંત અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન, અમદાવાદ ગ્રામ્ય કોર્ટ, ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ કોર્ટ, ગુજરાત હાઈકોર્ટ અને નરેન્દ્ર મોદી સ્ટેડિયમ સહિતનાં સ્થળોને નિશાન બનાવવામાં આવ્યાં હતાં. આ પ્રકારના ઈમેલ અગાઉ પણ મળ્યા હતા, જેના પગલે પોલીસ અને સુરક્ષા એજન્સીઓ સતર્ક થઈ ગઈ હતી. જાહેર સ્થળોને નિશાન બનાવવાની આ ઘટનાઓને પગલે તપાસ એજન્સીઓએ ઈમેલના સ્રોત અને તેની પાછળ સક્રિય નેટવર્કની તપાસ શરૂ કરી હતી.સાયબર ક્રાઈમની તપાસમાં ઈમેલ મોકલવા માટે એકસરખી પેટર્નનો ઉપયોગ થતો હોવાની વિગતો સામે આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર, બાંગ્લાદેશના રંગપુરમાંથી ઈમેલ એકાઉન્ટ ખરીદીને પાકિસ્તાનમાં વેચવામાં આવતાં હોવાની કડી મળી છે. તપાસમાં લાહોર અને કરાચીનાં IP એડ્રેસનો પણ ઉલ્લેખ થયો છે. જોકે, માત્ર IP એડ્રેસના આધારે કોઈ ચોક્કસ વ્યક્તિની સંડોવણી અંતિમ રીતે સાબિત થતી નથી. આ કડીઓના આધારે તપાસ એજન્સીઓ નેટવર્ક સાથે સંકળાયેલા લોકોની ભૂમિકા ચકાસી રહી છે.તપાસમાં એવું પણ સામે આવ્યું છે કે આ નેટવર્કમાં સામેલ લોકો ટેલિગ્રામ અને વોટ્સએપ ગ્રુપ મારફતે વિવિધ વ્યક્તિઓનાં Gmail એકાઉન્ટ ખરીદતા હતા. એકાઉન્ટ વેચનારાઓને ક્રિપ્ટોકરન્સી મારફતે ચુકવણી કરવામાં આવતી હોવાની વિગતો પણ તપાસમાં મળી છે. આ રીતે અન્ય લોકોનાં ઈમેલ એકાઉન્ટનો ઉપયોગ કરીને ધમકીભર્યા સંદેશા મોકલવામાં આવતા હોવાની આશંકા છે. પોલીસ આ સમગ્ર નેટવર્કમાં સામેલ વ્યક્તિઓ, નાણાકીય વ્યવહારો અને ડિજિટલ પુરાવાની તપાસ કરી રહી છે.આ પ્રકારની બોમ્બ ધમકીના કેસમાં અગાઉ પશ્ચિમ બંગાળમાંથી એક આરોપીની ધરપકડ કરવામાં આવી હોવાનું પણ અહેવાલમાં જણાવાયું છે. દિવાળી જેવા તહેવારો અથવા મોટી જાહેર ઈવેન્ટના સમયગાળામાં ભય ફેલાવવાના હેતુથી આવા ઈમેલ મોકલવામાં આવતા હોવાની પોલીસને આશંકા છે.પોલીસે નાગરિકોને અફવાઓથી દૂર રહેવા અને સત્તાવાર સૂચનાઓનું પાલન કરવા અપીલ કરી છે. ધમકીભર્યા ઈમેલને ગંભીરતાથી લઈને તપાસ કરવામાં આવી રહી છે. કોઈ પણ શંકાસ્પદ વસ્તુ કે ધમકી અંગેની માહિતી મળે તો તાત્કાલિક પોલીસને જાણ કરવી જોઈએ.ધમકીભર્યા ઈમેલ પાછળનું સમગ્ર નેટવર્ક, તેમાં સામેલ વ્યક્તિઓ અને તેમની ભૂમિકા અંગેની તપાસ હજી મહત્ત્વપૂર્ણ છે. તપાસ પૂર્ણ થયા બાદ જ આ કેસની તમામ કડીઓ અંગે સ્પષ્ટ ચિત્ર સામે આવશે.

### રાહુલ ગાંધીએ ટાટા જૂથને લઈને નિવેદન આપ્યું

# ટાટા ગ્રૂપને બરબાદ કરાઈ રહ્યું છે અને ઉદ્યોગપતિઓમાં બોલવાની હિંમત નથી

## તેમણે X પર પોસ્ટ કરી કહ્યું કે, ટાટા સંસમાં નેતૃત્વ અંગે ચાલી રહેલો આંતરિક વિવાદ મોદી-શાહનું રમકડું નથી

નવી દિલ્હી, તા.૨૮

કોંગ્રેસ સાંસદ અને લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધીએ બુધવારે ટાટા જૂથને લઈને એક મોટું નિવેદન આપ્યું છે. તેમણે આક્ષેપ કર્યો છે કે ટાટા જૂથને સુનિયોજિત રીતે બરબાદ કરવામાં આવી રહ્યું છે અને દેશનો કોઈ પણ ઉદ્યોગપતિ આ મુદ્દે ખુલીને બોલવાની હિંમત દાખવી રહ્યો નથી. રાહુલ ગાંધીએ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર પોસ્ટ કરીને જણાવ્યું હતું કે, ભારતીય વ્યાપાર કે ઉદ્યોગો વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહનું કોઈ અંગત રમકડું નથી. ભલે ઉદ્યોગપતિઓમાં બોલવાની હિંમત ન હોય, પરંતુ કોંગ્રેસમાં છે અને આ કથિત અપરાધો માટે ન્યાય સુનિશ્ચિત કરવામાં આવશે. ટાટા જૂથની મુખ્ય કંપની ટાટા સંસમાં અત્યારે લીડરશીપ અંગે મોટો આંતરિક વિવાદ ચાલી રહ્યો છે. ૧૭ સપ્ટેમ્બરના રોજ બોર્ડ બેઠકમાં એન. ચંદ્રશેખરનને ફરીથી ચેરમેન બનાવવાનો પ્રસ્તાવ પાસ કરાયો હતો. જોકે, ટાટા ટ્રસ્ટ્સના ચેરમેન નોએલ ટાટાએ આ નિર્ણય સામે વાંધો ઉઠાવ્યો છે અને તેને પડકાર્યો છે. બંને ટોચના પદો વચ્ચેનો આ મતભેદ હવે બોર્ડ ઓફ ડિરેક્ટર્સ સુધી પહોંચી ગયો છે, જેના કારણે દેશના કોર્પોરેટ જગતમાં ભારે ચર્ચા જાગી છે. રાહુલ ગાંધીએ દેશના ઉદ્યોગપતિઓ સામે સવાલ ઉઠાવ્યો છે કે તેઓ ક્યાં સુધી આમને આમ શાંત બેસી રહેશે? શું તેઓ ત્યારે જ અવાજ ઉઠાવશે જ્યારે બધું જ તેમના હાથમાંથી નીકળી જશે? રાહુલ ગાંધીના આ ગંભીર આરોપો અને ટાટા સન્સના નેતૃત્વ સંબંધિત વિવાદ પર હજુ સુધી કેન્દ્ર સરકાર કે ટાટા ગ્રુપ તરફથી કોઈ સત્તાવાર નિવેદન કે જવાબ આવ્યો નથી. આ સમગ્ર ઘટનાને કારણે દેશના રાજકારણ અને વેપાર ક્ષેત્રમાં મોટી ચર્ચા શરુ કરી દીધી છે.

### ઉત્તર પ્રદેશ MLC ચૂંટણીમાં સપાનું શાનદાર પ્રદર્શન

# વારાણસી અને આગ્રા શિક્ષક બેઠક પર સપાના ઉમેદવારોની જીત

## અખિલેશ યાદવે મતગણતરીમાં ગરબડના આક્ષેપ કરી ચૂંટણી પંચ પાસે હસ્તક્ષેપની માંગ કરી હતી

વારાણસી, તા.૨૮

ઉત્તર પ્રદેશ વિધાન પરિષદ (એમએલસી) ની ચૂંટણીના પરિણામોમાં સમાજવાદી પાર્ટીએ (SP) ઉત્સાહવર્ધક પ્રદર્શન કરીને પોતાની તાકાતમાં મોટો વધારો કર્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સંસદીય ક્ષેત્ર ગણાતા વારાણસીમાં જ ભાજપને મોટો રાજકીય ઝટકો લાગ્યો છે. વારાણસી શિક્ષક બેઠક પરથી સપાના ઉમેદવાર લાલ બિહારી યાદવ અને આગ્રા શિક્ષક બેઠક પરથી ડૉ. આકાશ અગ્રવાલે શાનદાર વિજય મેળવ્યો છે. આ ઉપરાંત અલ્હાબાદ-ઝાંસી, વારાણસી અને લખનૌ સ્નાતક બેઠકો પર પણ સપાના ઉમેદવારો મજબૂત સરસાઈ ભોગવી રહ્યા છે.વર્ષ ૨૦૨૦માં યોજાયેલી એમએલસી ચૂંટણીની સરખામણીએ આ વખતે સપાએ પોતાની અગાઉની ૩ બેઠકો જાળવી રાખવાની સાથોસાથ વધુ ૨ બેઠકો પોતાના ખાતામાં ઉમેરી છે. સપા પ્રમુખ અને પૂર્વ મુખ્યમંત્રી અખિલેશ યાદવની વિશેષ રણનીતિ આ ચૂંટણીમાં અત્યંત સફળ સાબિત થઈ છે. જોકે, મતગણતરી દરમિયાન ભારે હાઈવોલ્ટેજ ડ્રામા પણ જોવા મળ્યો હતો. આગ્રામાં સપાના ઉમેદવાર આકાશ અગ્રવાલ સાથે થયેલી કથિત મારામારીનો વીડિયો મંગળવાર અને બુધવારની મધ્યરાત્રિએ ૨:૦૦ વાગ્યે સોશિયલ મીડિયા પર શેર કરીને અખિલેશ યાદવે ચૂંટણી પંચ સમક્ષ તાત્કાલિક હસ્તક્ષેપ કરવાની કડક માંગ કરી હતી. અખિલેશ યાદવે ભાજપ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે મતગણતરીમાં ગરબડ અને ષડયંત્ર રચીને સપાના ઉમેદવારોને હરાવવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે. શિક્ષકોના અપમાનનો મુદ્દો ઉઠાવતા તેમણે ચેતવણી આપી હતી કે રાજ્યનો શિક્ષક વર્ગ આ પ્રકારના વ્યવહારને ક્યારેય માફ નહીં કરે.

### ૫૦.૭૫% ના રિકવરી રેટ સાથે શ્રેષ્ઠ કામગીરી

# ગુમ થયેલાં મોબાઈલ શોધવામાં ગુજરાત દેશમાં બીજા ક્રમાંકે

## રાજ્યમાં આણંદ જિલ્લો પ્રથમ, ડાંગ દ્વિતીય સ્થાને

ગાંધીનગર, તા. ૨૮

ગુમ થયેલા કે ચોરાયેલા મોબાઈલ ફોનને બ્લોક કરવા અને તેને ઝડપથી શોધી કાઢવા માટે કાર્યરત 'સેન્ટ્રલ ઈક્વિપમેન્ટ આઈડેન્ટિટી રજિસ્ટર' (CEIR) પોર્ટલના ઉત્કૃષ્ટ અમલીકરણ બદલ ટેલિકોમ્યુનિકેશન વિભાગ (DoT) અને ગુજરાત પોલીસના સંયુક્ત ઉપક્રમે શ્રેષ્ઠ કામગીરી કરનાર અધિકારીઓનો સન્માન સમારોહ યોજાયો હતો. તા. ૨૭ ઓક્ટોબર ૨૦૨૬ના રોજ યોજાયેલા આ પ્રોગ્રામમાં શ્રેષ્ઠ નોડલ અધિકારીઓને શીલ્ડ તેમજ પ્રશંસાપત્ર આપી બહુમાન કરવામાં આવ્યું હતું.
ડેટા એનાલિસિસ મુજબ સમગ્ર દેશમાં મોબાઈલ રિકવરીનો સરેરાશ દર ૩૭.૪% રહ્યો છે, જેની સરખામણીએ ગુજરાતે ૫૦.૭૫% નો ઊંચો રિકવરી રેટ હાંસલ કરીને દેશના મોટા રાજ્યોમાં બીજું સ્થાન મેળવ્યું છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં કુલ ૨,૩૮,૫૩૩ મોબાઈલ હેન્ડસેટ બ્લોક કરવામાં આવ્યા છે, જેમાંથી ૧,૪૭,૪૨૭ હેન્ડસેટ ટ્રેસ થયા છે અને ૭૪,૮૨૩ મોબાઈલ સફળતાપૂર્વક તેના મૂળ માલિકોને પરત સોંપાયા છે. ગત વર્ષના ૪૧% ની સામે આ વર્ષે રિકવરી દરમા૯.૭૫ ટકાનો નોંધપાત્ર વધારો થયો છે.નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ ની કામગીરીના આધારે શ્રેષ્ઠ કામગીરી કરનારા જિલ્લાઓમાં આણંદ પ્રથમ, ડાંગ દ્વિતીય અને અમદાવાદ શહેર તૃતીય ક્રમે આવ્યા છે. આ સિદ્ધિ બદલ આણંદ સાયબર સેલના પી.આઈ. જયમીન ડોડિયા, ડાંગ એલ.સી.બી.ના પી.એસ.આઈ. જે. જી. અનડકટ તેમજ અમદાવાદ શહેરના એ.એસ.આઈ. ભાવેશકુમાર અને પો.કો. હાર્દિકસિંહનું વિશેષ એવોર્ડ આપી સન્માન કરાયું હતું. ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ અને DoTના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયાની ઉપસ્થિતિમાં આયોજિત આ કાર્યક્રમમાં પોલીસ અને DoT વચ્ચેનું મજબૂત સંકલન નાગરિકોના કિંમતી મોબાઈલ પરત મેળવવા તેમજ સાયબર છેતરપિંડી રોકવામાં અત્યંત અસરકારક સાબિત થઈ રહ્યું હોવાનું દર્શાવાયું હતું.

આ સન્માન સમારોહમાં CID ક્રાઈમ અને રેલવેઝના ડીજીપી ડૉ. કે. એલ. એન. રાવ તેમજ DoT ગુજરાત LSAના એડિશનલ ડાયરેક્ટર જનરલ ગિરીશ કટારિયા ઉપસ્થિત રહ્યા હતાગુજરાત પોલીસ અને ટેલિકોમ્યુનિકેશન વિભાગ વચ્ચેના સંકલનથી મોબાઈલ ઉપકરણોના દુરુપયોગને અટકાવવા, ગુમ થયેલા મોબાઈલ ફોન શોધવા અને નાગરિકોને તેમના કિંમતી ઉપકરણો પરત અપાવવામાં મદદ મળી રહી છે. સાથે જ, મોબાઈલ ફોનના દુરુપયોગ સાથે સંકળાયેલી સાયબર છેતરપિંડીના બનાવોને નિયંત્રિત કરવામાં પણ આ વ્યવસ્થા ઉપયોગી સાબિત થઈ રહી છે.

### મેડિકલ ઇન્સ્યોરન્સ વગર મુસાફરી ભારે પડશે

# દુબઈ જતા ભારતીયો માટે તાકીદની એડવાઈઝરી જારી

## UAE પ્રવાસે જતાં કે ત્યાં રહેતા દરેક ભારતીય નાગરિક પાસે પૂરતું મેડિકલ ઇન્સ્યોરન્સ કવરેજ હોવું અનિવાર્ય

નવી દિલ્હી, તા.૨૮

યુનાઈટેડ આરબ અમીરાત (UAE) માં રોજગાર અર્થે વસતા, પરિવાર સાથે રહેતા કે ટૂરિસ્ટ વિઝા પર પ્રવાસે જતાં ભારતીય નાગરિકો માટે ભારતીય દૂતાવાસ દ્વારા એક અત્યંત મહત્વપૂર્ણ અને સચેત કરતી એડવાઈઝરી જાહેર કરવામાં આવી છે.

અબુ ધાબી સ્થિત ભારતીય એમ્બેસી અને દુબઈના કોન્સ્યુલેટ જનરલ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે કે UAE પ્રવાસે જતાં કે ત્યાં રહેતા દરેક ભારતીય નાગરિક પાસે પૂરતું મેડિકલ ઈન્સ્યોરન્સ કવરેજ હોવું અનિવાર્ય છે.

તાજેતરમાં એવા અનેક કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે જ્યાં ભારતીય નાગરિકોને અચાનક ગંભીર બીમારી કે તબીબી કટોકટીનો સામનો કરવો પડ્યો હોય અને વીમાના અભાવે હોસ્પિટલોના ભારેખમ બિલ ચૂકવવામાં ભારે આર્થિક મુશ્કેલીઓ વેઠવી પડી હોય. આ બાબતને ધ્યાનમાં રાખીને ભારતીય મિશનોએ નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરી છે. એડવાઈઝરીમાં ખાસ ભાર મૂકવામાં આવ્યો છે કે પ્રવાસીઓએ એવો મેડિકલ ઈન્સ્યોરન્સ લેવો જોઈએ જેમાં હોસ્પિટલમાં સારવાર માટે કેશલેસ સુવિધા ઉપલબ્ધ હોય અને કટોકટીના સંજોગોમાં દર્દીને તાત્કાલિક ભારત પરત લાવવાનો (મેડિકલ રિપેટ્રિએશન) ખર્ચ પણ આ પોલિસીમાં આવરી લેવાયેલો હોય.

આ ઉપરાંત, જે ભારતીયો પહેલેથી જ એમ્પ્લોયમેન્ટ વિઝા કે ડિપેન્ડન્ટ વિઝા પર UAE માં વસવાટ કરી રહ્યા છે, તેમને પણ પોતાની વર્તમાન હેલ્થ ઈન્સ્યોરન્સ પોલિસી ઝીણવટપૂર્વક ચકાસી લેવાની સલાહ આપવામાં આવી છે, જેથી કોઈપણ મેડિકલ ઈમરજન્સી વખતે પર્યાપ્ત નાણાકીય રક્ષણ મળી રહે. ઉલ્લેખનીય છે કે ભારત અને UAE નાગરિકોની સુરક્ષા અને કલ્યાણ માટે સતત પરસ્પર સહયોગથી કામ કરી રહ્યા છે, અને તાજેતરમાં નવી દિલ્હી ખાતે યોજાયેલી ૭મી ભારત-યુએઈ કન્સ્યુલર બેઠકમાં પણ શ્રમિકોના પ્રશ્નો અને કાનૂની સહાય જેવા મુદ્દાઓ પર વિશેષ ચર્ચા કરવામાં આવી હતી.

### IT શેરોમાં ભારે વેચવાલી

# શેરબજારમાં કડાકોઃ સેન્સેક્સ ૩૫૩ પોઇન્ટ તૂટ્યો, નિફ્ટી ૨૨,૭૦૦ની નીચે બંધ

## ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને વૈશ્વિક અનિશ્ચિતતાની અસર, રિલાયન્સ અને ઇન્ફોસિસના શેરોમાં ઘટાડો

મુંબઈ, તા.૨૮

ભારતીય શેરબજારમાં બુધવારે ઘટાડા સાથે કારોબાર પૂર્ણ થયો હતો. વૈશ્વિક બજારોના નબળા સંકેતો, ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને IT ક્ષેત્રના શેરોમાં ભારે વેચવાલીને કારણે રોકાણકારોનો ઉત્સાહ ઠંડો પડ્યો હતો. જોકે, દિવસ દરમિયાન નીચલા સ્તરે ખરીદી નીકળતાં સેન્સેક્સ અને નિફ્ટીએ પોતાના દિવસના નીચલા સ્તરેથી થોડી રિકવરી નોંધાવી હતી.

BSE સેન્સેક્સ ૩૫૨.૬૪ પોઈન્ટ એટલે કે ૦.૪૮ ટકા ઘટીને ૭૩,૨૪૬.૦૩ પર બંધ થયો હતો. જ્યારે NSE નિફ્ટી ૫૦ ૫૦.૯૦ પોઈન્ટ એટલે કે ૦.૨૨ ટકા ઘટીને ૨૨,૬૯૮.૮૫ પર સ્થિર થયો હતો. આમ, નિફ્ટી ફરી ૨૨,૭૦૦ની સપાટી નીચે બંધ રહ્યો હતો.બુધવારના કારોબારમાં IT અને ઓઈલ-ગેસ ક્ષેત્રના શેરો પર સૌથી વધુ દબાણ જોવા મળ્યું હતું. અમેરિકાના ફેડરલ રિઝર્વના વ્યાજદર અંગેના નિર્ણય પહેલાં રોકાણકારો સાવચેતી રાખી રહ્યા હતા. બીજી તરફ, આંતરરાષ્ટ્રીય બજારમાં ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા રહેતાં ભારતીય શેરબજારના સેન્ટિમેન્ટ પર અસર પડી હતી.નિફ્ટી IT અને નિફ્ટી ઓઈલ એન્ડ ગેસ સૂચકાંકોમાં ઘટાડો નોંધાયો હતો. ઈન્ફોસિસ, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ONGC અને ટેક મહિન્દ્રા જેવા શેરોમાં વેચવાલી જોવા મળી હતી.બજારમાં ઘટાડા વચ્ચે કેટલાક શેરોએ સારો દેખાવ કર્યો હતો. સપ્ટેમ્બર ક્વાર્ટરનાં મજબૂત પરિણામો બાદ લાર્સન એન્ડ ટુબ્રો (L&T)ના શેરમાં તેજી જોવા મળી હતી. અપોલો હોસ્પિટલ્સ, ટ્રેન્ટ અને ઈન્ડિગો જેવા શેરો પણ વધારા સાથે બંધ થયા હતા.
આ ઉપરાંત, ઓટો, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ અને મીડિયા ક્ષેત્રના શેરોમાં ખરીદી જોવા મળી હતી. મિડકેપ અને સ્મોલકેપ શેરોએ પણ મુખ્ય સૂચકાંકોની સરખામણીએ સારો દેખાવ કર્યો હતો.બજારના કારોબારમાં Jio Platformsનું લિસ્ટિંગ પણ ચર્ચાનો વિષય રહ્યું હતું. અહેવાલો અનુસાર, કંપનીના શેર ઈશ્યૂ પ્રાઈસ કરતાં આશરે ૨૧ ટકા પ્રીમિયમ પર લિસ્ટ થયા હતા. જોકે, મુખ્ય સૂચકાંકોમાં ઘટાડાને કારણે બજારમાં મિશ્ર માહોલ જોવા મળ્યો હતો. આગામી દિવસોમાં અમેરિકાના ફેડરલ રિઝર્વની નીતિ, ક્રૂડ ઓઈલના ભાવ, વિદેશી રોકાણકારોની લેવાલી અને કંપનીઓનાં ત્રિમાસિક પરિણામો બજારની દિશા નક્કી કરવામાં મહત્ત્વપૂર્ણ રહેશે.

ક્રૂડ ઓઈલના ભાવ ઊંચા રહે તો ભારતના આયાત ખર્ચ અને મોંઘવારી પર દબાણ વધી શકે છે. બીજી તરફ, કંપનીઓનાં મજબૂત પરિણામો અને સ્થાનિક રોકાણકારોની ખરીદી બજારને ટેકો આપી શકે છે. રોકાણકારો માટે હાલ બજારમાં ઉતાવળ કરતાં કંપનીનાં પરિણામો, શેરનું મૂલ્યાંકન અને પોતાની જોખમ સહન કરવાની ક્ષમતા ધ્યાનમાં રાખીને નિર્ણય લેવો જરૂરી છે.

### ભાજપની સમિતિએ કરી જાહેરાત

# હરદીપ સિંહ પૂરી મધ્યપ્રદેશથી રાજ્યસભા ચૂંટણી લડશે

## રાજ્યસભાનો વર્તમાન કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે

નવી દિલ્હી, તા.૨૮

કેન્દ્રીય મંત્રી હરદીપ પુરીને ભાજપે મધ્ય પ્રદેશથી રાજ્યસભાના ઉમેદવાર બનાવ્યા છે. એટલે કે તેઓ મંત્રી બન્યા રહેશે. તેમની રાજ્યસભાનો વર્તમાન કાર્યકાળ ૨૫ નવેમ્બરે પૂરો થઈ રહ્યો છે. આ પહેલા બુધવારે (૨૮ ઓક્ટોબર) ભાજપે તેમને એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી ટિકિટ આપવાની જાહેરાત કરી.એલ મુરુગનના રાજીનામા પછી ખાલી પડેલી સીટ પરથી તેઓ રાજ્યસભા જશે. ચૂંટણી પંચે (ECI) ગુરુવારે (૨૨ ઓક્ટોબર) મધ્ય પ્રદેશમાં રાજ્યસભા ચૂંટણીની જાહેરાત કરી હતી. અહીં ૧૨ નવેમ્બરે વોટ નાખવામાં આવશે. હરદીપ પુરી મોદી સરકારમાં વર્ષ ૨૦૨૧ થી પેટ્રોલિયમ મંત્રી છે. તેઓ શહેરી વિકાસ મંત્રી પણ રહી ચૂક્યા છે. IFS અધિકારી રહેલા હરદીપ પુરી જાન્યુઆરી ૨૦૧૪ માં ભાજપમાં સામેલ થયા હતા.ડૉ. એલ. મુરુગને ૧૪ ઓક્ટોબર ૨૦૨૬ ના રોજ પોતાના કેન્દ્રીય મંત્રીપરિષદ અને રાજ્યસભાની સદસ્યતા પરથી રાજીનામું આપી દીધું છે. ત્યારબાદ આ સીટ ખાલી થઈ હતી. ભારત ચૂંટણી પંચે ૨૨ ઓક્ટોબરે ચૂંટણી કાર્યક્રમ જાહેર કર્યો હતો. આ સીટ પર ૧૨ નવેમ્બરે મતદાન થશે. આ જ દિવસે સાંજે ૫ વાગ્યે મતગણતરી કરવામાં આવશે.૨૩૦ સભ્યો વાળી વિધાનસભામાં એક સીટ જીતવા માટે ૧૧૬ મતોનો કોટા છે, મધ્ય પ્રદેશ વિધાનસભામાં કુલ ૨૩૦ સભ્યો છે. જો તમામ ધારાસભ્યો મતદાન કરે અને કોઈ મત અમાન્ય ન ઠરે, તો એક રાજ્યસભા સીટની ચૂંટણીમાં જીત માટે જરૂરી મતોનો કોટા ૧૧૬ થશે.હરદીપ સિંહ પુરી ભારતીય રાજકારણમાં એક જાણીતું નામ છે. તેમણે પોતાની કારકિર્દીની શરૂઆત ઈન્ડિયન ફોરેન સર્વિસ (IFS) માં અધિકારી તરીકે કરી હતી અને ત્યારબાદ તેઓ રાજકારણમાં આવ્યા. તેમણે સંયુક્ત રાષ્ટ્રમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું છે અને વિવિધ મહત્વપૂર્ણ રાજદ્વારી જવાબદારીઓ સંભાળી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વ હેઠળની કેન્દ્ર સરકારમાં તેમણે અનેક મંત્રીપદો સંભાળ્યા છે. તેઓ એક પૂર્વ રાજદ્વારી અને કેન્દ્રીય મંત્રી તરીકે જાણીતા છે.

### ૨૯ અને ૩૦ ઓક્ટોબરે વરસાદ થવાની શક્યતા

# ગુજરાતના હવામાનના પલટાની સાથે ત્રણ દિવસ વરસાદની આગાહી

## આ ચક્રવાત ઉત્તર પ્રદેશ સુધી પહોંચી શકે છે અને આગામી બે દિવસમાં ત્યાંના ઘણા શહેરોમાં ભારે વરસાદ લાવી શકે

નવી દિલ્હી, તા.૨૮

સાયક્લોન અર્નબ દક્ષિણ ભારતમાં લેન્ડફોલ થઈ ગયું છે. હવે આ ચક્રવાત ઉત્તર ભારતમાં ભારે તબાહી મચાવવા માટે આગળ વધી રહ્યું છે. આગામી ૪૮ કલાક ઘણા રાજ્યો માટે નિર્ણાયક સાબિત થઈ શકે છે; ખાસ કરીને દિલ્હી, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ અને બિહાર જેવા વિસ્તારોમાં અર્નબની સૌથી વધુ અસર જોવા મળવાની પ્રબળ શક્યતા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ આ ચક્રવાતના સંભવિત માર્ગ વિશે માહિતી આપી છે, જે મુજબ ૨૯ અને ૩૦ ઓક્ટોબરે ભારે વરસાદ થવાની શક્યતા છે. ત્યારે આ ચક્રવાતની અસર ગુજરાત પર પણ પડી શકે છે. ગુજરાતના હવામાનના પલટાની સાથે ત્રણ દિવસ વરસાદની આગાહી હવામાન વિભાગે આપી છે. આ ચક્રવાત ઉત્તર પ્રદેશ સુધી પહોંચી શકે છે અને આગામી બે દિવસમાં ત્યાંના ઘણા શહેરોમાં ભારે વરસાદ લાવી શકે છે. પશ્ચિમ ઉત્તર પ્રદેશ, દિલ્હી, પૂર્વ અને પશ્ચિમ મધ્ય પ્રદેશ તેમજ પૂર્વ રાજસ્થાનમાં હવામાનની સ્થિતિ અત્યંત પડકારજનક રહેવાની શક્યતા છે. બિહારના કેટલાક ભાગોમાં પણ તેજ પવન સાથે વરસાદ પડી શકે છે. આના પરિણામે તાપમાનમાં અચાનક ઘટાડો થશે અને ઉત્તર-પશ્ચિમ તથા ઉત્તર-પૂર્વના આ રાજ્યોમાં ઠંડીનું પ્રમાણ વધશે. ભારતીય હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, ચક્રવાત અર્નબ સંપૂર્ણ તીવ્રતા સાથે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠે ત્રાટક્યું છે. દરિયાકાંઠાના વિસ્તારો હાલમાં વાવાઝોડાના માર્ગમાં છે, જેના કારણે રહેવાસીઓને સુરક્ષિત સ્થળોએ ખસેડવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. IMDના અનુમાન મુજબ, આગામી ૪૮ કલાક દરમિયાન આ ચક્રવાત ઉત્તર-પશ્ચિમ દિશામાં આગળ વધશે. તે બાપટલા અને વિશાખાપટ્ટનમ વચ્ચેના દરિયાકાંઠાને પાર કરીને મધ્ય પ્રદેશ તરફ અને ત્યારબાદ ઉત્તર પ્રદેશ તથા દિલ્હી તરફ આગળ વધશે. શરૂઆતમાં પવનની ગતિ ૧૧૫ થી ૧૨૫ કિમી પ્રતિ કલાકની વચ્ચે રહેશે, જે ઝાપટાં સ્વરૂપે ૧૪૦ કિમી પ્રતિ કલાક સુધી પહોંચી શકે છે. એકવાર જમીન પર ત્રાટકવાનું પૂર્ણ થઈ જાય, પછી સિસ્ટમ મેદાનોમાં જશે અને નબળી પડવાનું શરૂ કરશે.
IMD ના રૂટ મેપ મુજબ, તે દક્ષિણથી ઉત્તરપશ્ચિમ તરફ અને ત્યારબાદ ઉત્તર તરફ આગળ વધશે. તે પહેલા આંધ્રપ્રદેશના દરિયાકાંઠાના અને આંતરિક જિલ્લાઓમાંથી પસાર થશે, પછી તેલંગાણા અને છત્તીસગઢ તરફ આગળ વધશે. ત્યારબાદ, તે ઉત્તર પ્રદેશની સરહદોમાં પ્રવેશતા પહેલા મધ્યપ્રદેશના ભાગોમાંથી પસાર થશે. મેદાનો સુધી પહોંચતા તે થોડું નબળું પડી શકે છે, તેમ છતાં તે ઘણા શહેરોને અસર કરશે અને ભારે વરસાદ શરૂ કરવાની ક્ષમતા ધરાવે છે. હવામાન વિભાગના જણાવ્યા પ્રમાણે, આગામી ૨૪ કલાક રાજ્યના તાપમાનમાં કોઈ મોટા ફેરફારની શક્યતા વ્યક્ત કરવામાં આવી નથી. જોકે, તે બાદ બેથી ત્રણ ડિગ્રી તાપમાન ઘટવાની આગાહી છે. જેથી ગુજરાતના વાતાવરણમાં ઠંડક પ્રસરી શકે છે અને ગુજરાતીઓને ગુલાબી ઠંડીનો અનુભવ થઈ શકે છે. આ સાથે ગુજરાતમાં આગામી ત્રણ દિવસ વરસાદની આગાહી આપવામાં આવી છે.

### CEC જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણી

# INDIA બ્લોકની મહારેલીને કોકરોચ જનતા પાર્ટીનું સમર્થન

**કોકરોચ જનતા પાર્ટીએ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં INDIA બ્લોકની મહારેલીને સમર્થન આપ્યું**

નવી દિલ્હી, તા.૨૮

કોકરોચ જનતા પાર્ટીએ ૧ નવેમ્બરે દિલ્હીના રામલીલા મેદાનમાં યોજાનારી 'INDIA' બ્લોકની મહારેલીને પોતાનું સમર્થન જાહેર કર્યું છે. સીજેપી તરફથી જારી કરાયેલા પત્રમાં કહેવામાં આવ્યું છે કે, લોકશાહીનો મૂળ સિદ્ધાંત એ છે કે, જનતા પોતાની સરકાર ચૂંટે છે, નહીં કે સરકાર પોતાના મતદાતાઓને ચૂંટે. પાર્ટીએ સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન એટલે કે SIR પ્રક્રિયા દ્વારા આ સિદ્ધાંતને નબળો પાડવાનો આરોપ લગાવતા મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગ કરી છે.

કોકરોચ જનતા પાર્ટીએ જણાવ્યું કે, જ્ઞાનેશ કુમારે સ્વતંત્ર અને નિષ્પક્ષ ચૂંટણીઓની દેખરેખ માટે જરૂરી વિશ્વાસ ગુમાવી દીધો છે. પંચની વિશ્વસનીયતા અને સ્વાયત્તતા પુનઃસ્થાપિત કરવા માટે તેમનું રાજીનામું અત્યંત જરૂરી છે. પાર્ટીએ બંધારણના ઘડવૈયા ડૉ. બી.આર. આંબેડકરનો ઉલ્લેખ કરતા કહ્યું કે, દરેક પુખ્ત નાગરિકને સમાન મતાધિકાર આપવામાં આવ્યો છે. વર્તમાન SIR પ્રક્રિયાને કારણે મતદાર યાદીમાંથી યોગ્ય નાગરિકોના નામ કમી થવાની ગંભીર ચિંતાઓ ઊભી થઈ છે. દિલ્હી પોલીસે કોંગ્રેસને ૧ નવેમ્બરે રામલીલા મેદાનમાં એક દિવસીય રેલી આયોજિત કરવા માટે NOC આપી દીધું છે. કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ અગાઉ આ રેલીની જાહેરાત કરી હતી. ૧ નવેમ્બરની આ રેલીમાં મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારને પદ પરથી હટાવવાની માગ ઉઠાવવામાં આવશે. કોંગ્રેસને આ વિરોધ પ્રદર્શનમાં આશરે ૧૦ લાખ લોકો સામેલ થવાની અપેક્ષા છે.

### ઘાયલ ભારતીય પાયલટને UAEનું પ્રતિષ્ઠિત સન્માન

# ૧૭૪ લોકોના જીવ બચાવનાર કેપ્ટન સ્મિતને રાષ્ટ્રપતિએ ગળે લગાવ્યા

**ગંભીર ઈજા છતાં ફરજ નિભાવનાર ભારતીય પાયલટને 'ઓર્ડર ઓફ જાયેદ II'થી નવાજાયા, ક્રૂનું પણ સન્માન થયું**

નવી દિલ્હી, તા.૨૮

દુબઈથી તેલ અવીવ જઈ રહેલી ફ્લાયદુબઈ ની ફ્લાઈટમાં બનેલી ભયાનક ઘટનામાં અદમ્ય સાહસ બતાવીને 174 મુસાફરો અને ક્રૂ સભ્યોના જીવ બચાવનાર ભારતીય પાયલટ કેપ્ટન સ્મિત મચ્છારને સંયુક્ત આરબ અમીરાત દ્વારા પ્રતિષ્ઠિત સન્માનથી નવાજવામાં આવ્યા છે. UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહયાને તેમને 'ઓર્ડર ઓફ જાયેદ II' સન્માન આપ્યું છે. સન્માન સમારોહ દરમિયાન રાષ્ટ્રપતિએ કેપ્ટન સ્મિતને ગળે લગાવીને તેમના સાહસ અને ફરજ પ્રત્યેની નિષ્ઠાનું સન્માન કર્યું હતું.ગંભીર રીતે ઘાયલ થવા છતાં પરિસ્થિતિનો હિંમતપૂર્વક સામનો કરનાર કેપ્ટન સ્મિતની બહાદુરીની હવે આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રશંસા થઈ રહી છે. સમારોહમાં તેમના હાથ પર બ્રેસ જોવા મળ્યું હતું, જે તેમની ઈજાની ગંભીરતાની યાદ અપાવતું હતું. જોકે, ઈજા હોવા છતાં તેમણે જે હિંમત બતાવી તે બદલ તેમને આ પ્રતિષ્ઠિત સન્માન આપવામાં આવ્યું છે.

UAEના રાષ્ટ્રપતિ શેખ મોહમ્મદ બિન જાયેદ અલ નાહયાને કેપ્ટન સ્મિત મચ્છારને વ્યક્તિગત રીતે સન્માનિત કર્યા હતા. આ પ્રસંગે દુબઈના શાસક શેખ મોહમ્મદ બિન રાશિદ અલ મકતૂમ સહિત બંને અમીરાતના શાહી પરિવારના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા.આ સમારોહમાં માત્ર કેપ્ટન સ્મિત જ નહીં, પરંતુ ફ્લાઈટના અન્ય ક્રૂ સભ્યોને પણ સન્માનિત કરવામાં આવ્યા હતા. મુશ્કેલ અને જોખમી પરિસ્થિતિમાં તેમણે બતાવેલી હિંમત, જવાબદારી અને તાત્કાલિક નિર્ણય લેવાની ક્ષમતાને બિરદાવવામાં આવી હતી.

કેપ્ટન સ્મિતનું સન્માન એ વાતનું પ્રતીક છે કે કટોકટીની સ્થિતિમાં પાયલટ અને ક્રૂસભ્યોની હાજરજવાબી તથા તાલીમ કેટલું મહત્ત્વ ધરાવે છે. વિમાનમાં સવાર લોકોની સુરક્ષા માટે પોતાની સલામતીની પરવા કર્યા વિના ફરજ નિભાવનાર આ ટીમની કામગીરીની પ્રશંસા કરવામાં આવી રહી છે.'ઓર્ડર ઓફ જાયેદ II' સંયુક્ત આરબ અમીરાતનું પ્રતિષ્ઠિત નાગરિક અને સૈન્ય સન્માન છે.

દેશ અને સમાજ માટે અસાધારણ યોગદાન આપનાર, બહાદુરી બતાવનાર તથા ઉત્કૃષ્ટ કામગીરી કરનાર વ્યક્તિઓને આ પ્રકારના સન્માનથી નવાજવામાં આવે છે. આ સન્માન દ્વારા કેપ્ટન સ્મિત મચ્છારની બહાદુરી અને ફરજ પ્રત્યેની પ્રતિબદ્ધતાને માન્યતા આપવામાં આવી છે. દુબઈના ક્રાઉન પ્રિન્સ શેખ હમદાન બિન મોહમ્મદે ક્રૂ સભ્યોને મેડલ અર્પણ કર્યા હતા. તેમણે જણાવ્યું હતું કે કટોકટીના સમયે ક્રૂ સભ્યોએ બતાવેલી હિંમત, જવાબદારીની ભાવના અને ઝડપથી નિર્ણય લેવાની ક્ષમતા UAEના ઉડ્ડયન ક્ષેત્રના ઉચ્ચ ધોરણોને પ્રતિબિંબિત કરે છે.વિમાનમાં મુસાફરી દરમિયાન અચાનક ઊભી થતી કટોકટીમાં દરેક સેકન્ડ મહત્ત્વપૂર્ણ હોય છે. આવી પરિસ્થિતિમાં યોગ્ય નિર્ણય લેવો અને મુસાફરોની સુરક્ષા સુનિશ્ચિત કરવી પાયલટ તથા ક્રૂ માટે મોટો પડકાર બની શકે છે. કેપ્ટન સ્મિતે આ પડકારનો સામનો કરીને પોતાની ક્ષમતા સાબિત કરી હતી.

### ટ્રમ્પે ચૂંટણી પરિણામ સ્વીકારવા અંગે શરત મૂકી

# ઈમાનદારીથી ચૂંટણી થશે તો જ પરિણામ સ્વીકારીશ: ડોનાલ્ડ ટ્રમ્પ

**અમેરિકામાં 3 નવેમ્બરે મધ્યસત્ર ચૂંટણી પહેલાં ટ્રમ્પના નિવેદનથી રાજકીય ગરમાવો વધ્યો, રિપબ્લિકન પાર્ટી સામે પડકારો ઊભા થયા**

વૉશિંગ્ટન, તા.૨૮

અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આગામી મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારવા અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું છે કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ પરિણામોનું સન્માન કરશે. ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણી પહેલાં ટ્રમ્પના આ નિવેદનથી અમેરિકાનું રાજકીય વાતાવરણ ગરમાયું છે.

આ ચૂંટણીમાં કોંગ્રેસનાં બંને ગૃહોમાં કઈ પાર્ટીનું નિયંત્રણ રહેશે તે નક્કી થશે.મતદાર માહિતીમંગળવારે, ૨૭ ઑક્ટોબરે ટેક્સાસના ચૂંટણી પ્રચાર માટે રવાના થતાં પહેલાં એરફોર્સ વન વિમાનમાં ટ્રમ્પે પત્રકારો સાથે વાતચીત કરી હતી. આ દરમિયાન તેમણે કહ્યું હતું કે જો ચૂંટણી ઈમાનદારીથી યોજાશે તો તેઓ મિડટર્મ ચૂંટણીનાં પરિણામો સ્વીકારશે. ટ્રમ્પનું આ નિવેદન એવા સમયે આવ્યું છે, જ્યારે રિપબ્લિકન પાર્ટી અનેક રાજ્યોમાં ચૂંટણીના પડકારોનો સામનો કરી રહી છે.

પાર્ટીના કેટલાક વ્યૂહરચનાકારોને પણ વિવિધ રાજ્યોમાં ઉમેદવારોની જીતની સંભાવનાઓ અંગે ચિંતા છે.ટ્રમ્પ ટેક્સાસમાં રિપબ્લિકન ઉમેદવાર કેન પેક્સ્ટનના સમર્થનમાં ચૂંટણી પ્રચાર કરવા પહોંચ્યા છે. અમેરિકાની સેનેટ બેઠક માટે પેક્સ્ટનની સામે ડેમોક્રેટિક પાર્ટીના જેમ્સ ટાલારિકો સાથે છે.

ટ્રમ્પે રિપબ્લિકન પાર્ટીના પરંપરાગત ગઢ ગણાતા રાજ્યોમાં પ્રચાર તેજ કર્યો છે. બીજી તરફ, રિપબ્લિકન વ્યૂહરચનાકારો અલાસ્કાથી લઈને સાઉથ કેરોલિના સુધીનાં વિવિધ ચૂંટણી જંગ અંગે ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેમના મતે, ટ્રમ્પની ટેરિફ નીતિઓ અને ઈરાન સાથેના યુદ્ધને કારણે મોંઘવારી પર પડેલી અસર મતદારોમાં અસંતોષ વધારી શકે છે. તેની અસર ચૂંટણીનાં પરિણામો પર પડવાની શક્યતા છે.મતદાર માહિતીઅમેરિકામાં ૩ નવેમ્બરે યોજાનારી મધ્યસત્ર ચૂંટણીમાં હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સની તમામ ૪૩૫ બેઠકો અને સેનેટની ૧૦૦માંથી ૩૫ બેઠકો માટે મતદાન થશે. આમ, કોંગ્રેસનાં બંને ગૃહોમાં સત્તાનું સમીકરણ બદલાઈ શકે છે. જનમત સર્વેક્ષણો અનુસાર, ડેમોક્રેટિક પાર્ટી હાઉસ ઑફ રિપ્રેઝન્ટેટિવ્સમાં બહુમતી મેળવી શકે છે. જ્યારે સેનેટમાં બંને પક્ષો વચ્ચે કાંટાની ટક્કર રહેવાની શક્યતા છે.હાલમાં અમેરિકાની કોંગ્રેસનાં બંને ગૃહોમાં રિપબ્લિકન પાર્ટીનું નિયંત્રણ છે. તેના કારણે ટ્રમ્પને પોતાના કાયદાકીય અને નીતિગત એજન્ડાને આગળ વધારવામાં મદદ મળી છે. જો મધ્યસત્ર ચૂંટણીમાં ડેમોક્રેટિક પાર્ટી કોંગ્રેસનાં એક અથવા બંને ગૃહોમાં નિયંત્રણ મેળવી લે છે, તો ટ્રમ્પ માટે પોતાની નીતિઓને મંજૂરી અપાવવાનું મુશ્કેલ બની શકે છે. આ ઉપરાંત, ડેમોક્રેટ્સને ટ્રમ્પ વહીવટીતંત્રના કામકાજ અંગે સંસદીય તપાસ શરૂ કરવાની તક પણ મળી શકે છે.

### ૫૪૩ બ્રાન્ડ્સની કિંમતોમાં સુધારો

# ૯ નવે.થી કેન્સરની દવાઓના ભાવમાં ઘટાડો લાગુ થશે

**આ ઉપરાંત, ૧૩૭ બિન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું**

નવી દિલ્હી, તા.૨૮

કેન્સરની સારવાર લઈ રહેલા દર્દીઓ માટે રાહતના સમાચાર સામે આવ્યા છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા કેન્સરની દવાઓની ૫૪૩ બ્રાન્ડ્સના ભાવમાં સુધારો કરવામાં આવ્યો હોવાના અહેવાલ છે. આ ઉપરાંત, ૧૩૭ બિન-શેડ્યૂલ્ડ એન્ટી-કેન્સર દવાઓ પર ટ્રેડ માર્જિન ૩૦ ટકા સુધી મર્યાદિત કરવામાં આવ્યું છે. અહેવાલ મુજબ, સુધારેલા ભાવ ૯ નવેમ્બર, ૨૦૨૬થી અમલમાં આવશે. કેન્સરની સારવાર લાંબા સમય સુધી ચાલતી હોવાથી દર્દીઓ અને તેમના પરિવારજનોને દવાઓ પાછળ મોટો ખર્ચ કરવો પડે છે. દવાઓના ભાવમાં ઘટાડાથી સારવારના ખર્ચમાં રાહત મળવાની આશા છે. પ્રાપ્ત અહેવાલ મુજબ, Anarzoleનો ભાવ રૂ. ૬૯૫.૭૬થી ઘટીને રૂ. ૭૩ થયો છે. Azacytin Injectionનો ભાવ રૂ. ૬,૩૩૭થી ઘટીને રૂ. ૧,૪૯૫, Bevacizab Injectionનો ભાવ રૂ. ૨૧,૭૬૭થી ઘટીને રૂ. ૫,૯૩૦, Dasanat ૨૦નો ભાવ રૂ. ૨,૮૧૨થી ઘટીને રૂ. ૧,૦૮૫ અને Enutaનો ભાવ રૂ. ૬,૫૭૮થી ઘટીને રૂ. ૨,૨૩૨ થયો હોવાનું જણાવાયું છે.

NPPA દ્વારા દવાઓના ભાવમાં સુધારો અને ટ્રેડ માર્જિન પર મર્યાદા નક્કી કરવાનો હેતુ દર્દીઓને જરૂરી દવાઓ વાજબી ભાવે ઉપલબ્ધ કરાવવાનો છે. ખાસ કરીને લાંબા સમય સુધી કેન્સરની સારવાર લેતા દર્દીઓ માટે દવાઓના ખર્ચમાં ઘટાડો આર્થિક રાહતરૂપ બની શકે છે. જોકે, તમામ દવાઓના ભાવમાં સમાન પ્રમાણમાં ઘટાડો થયો નથી. દવાની બ્રાન્ડ, સ્ટ્રેન્થ અને પેકિંગ પ્રમાણે કિંમત અલગ હોઈ શકે છે. તેથી દર્દીઓએ દવા ખરીદતાં પહેલાં સુધારેલા ભાવની સત્તાવાર યાદી તપાસવી જરૂરી છે.

### દિવાળી બાદ ભાવમાં રાહતની આશા

# સુરતમાં શાકભાજીના ભાવમાં ભડકો, કાંદા અને સફરજનના ભાવ સરખા

**ઋતુ પરિવર્તનથી શાકભાજીની આવક ઘટતાં વટાણા, આદુ, પાપડી અને ગુવાર મોંઘાં; કાંદા ૮૦ પ્રતિ કિલો પહોંચ્યા**

સુરત,તા.૨૮

દિવાળીના તહેવાર વચ્ચે સુરતના શાકભાજી બજારમાં ભાવવધારાએ સામાન્ય પરિવારોનું બજેટ ખોરવી નાખ્યું છે. ઋતુ પરિવર્તનને કારણે શાકભાજીની આવકમાં ઘટાડો થતાં વટાણા, આદુ, દેશી પાપડી, સુરતી પાપડી, તુવેર અને ગુવાર સહિતનાં શાકભાજીના ભાવમાં વધારો નોંધાયો છે. બીજી તરફ, બજારમાં ફળોની આવક પ્રમાણમાં સારી રહેતાં કેટલાંક ફળો શાકભાજીની સરખામણીએ સસ્તાં મળી રહ્યાં છે. સુરતના બજારમાં ગુણવત્તાયુક્ત કાંદાનો ભાવ પ્રતિ કિલો ૮૦ સુધી પહોંચ્યો છે. રસપ્રદ બાબત એ છે કે કાશ્મીરી સફરજન પણ આશરે ૮૦ પ્રતિ કિલોના ભાવે વેચાઈ રહ્યાં છે. સામાન્ય રીતે રોજિંદા રસોઈમાં વપરાતાં શાકભાજીના ભાવમાં થયેલા વધારાને કારણે ગૃહિણીઓ માટે ઘરનું બજેટ સંભાળવું મુશ્કેલ બન્યું છે.

વટાણા, પાપડી, તુવેર અને ગુવાર જેવા શિયાળાની શરૂઆતમાં વધુ વપરાતા શાકભાજીના ભાવ પણ ઊંચા રહેતાં ખરીદદારોને વધુ ખર્ચ કરવો પડી રહ્યો છે. આદુ અને લસણ જેવી રસોઈમાં નિયમિત વપરાતી વસ્તુઓ મોંઘી થતાં રોજિંદા ખાદ્ય ખર્ચમાં પણ વધારો થયો છે. શાકભાજીના ભાવમાં વધારો થયો છે ત્યારે બીજી તરફ કેળાં, પપૈયાં, મોસંબી અને સફરજન જેવાં ફળો બજારમાં પ્રમાણમાં વાજબી ભાવે ઉપલબ્ધ હોવાનું વેપારીઓ જણાવી રહ્યા છે. કાંદા અને સફરજનના ભાવ સરખા થતાં ગ્રાહકોમાં પણ ચર્ચા જોવા મળી રહી છે. જોકે, ફળો અને શાકભાજીના ભાવ તેમની ગુણવત્તા, કદ, આવક અને વેચાણના સ્થળ પ્રમાણે અલગ હોઈ શકે છે. તેમ છતાં, હાલની સ્થિતિમાં કેટલીક શાકભાજી ખરીદવા કરતાં અમુક ફળો ખરીદવા વધુ આર્થિક વિકલ્પ બની રહ્યા છે. ચોમાસાની વિદાય અને શિયાળાની શરૂઆત વચ્ચે હવામાનમાં થઈ રહેલા ફેરફારની અસર શાકભાજીના બજાર પર જોવા મળી રહી છે. ગરમી, ઠંડી અને ભેજના મિશ્ર વાતાવરણને કારણે સ્થાનિક તથા ગ્રામ્ય વિસ્તારોમાંથી આવતી શાકભાજીની આવક ઘટી હોવાનું જણાવવામાં આવે છે.પાકને થયેલા સંભવિત નુકસાન અને બજારમાં માલની મર્યાદિત ઉપલબ્ધતાને કારણે ભાવ પર દબાણ વધ્યું છે. સુરત છઁસ્ઝમાં શાકભાજીની આવક અને માંગ વચ્ચેનું સંતુલન બગડતાં છૂટક બજારમાં પણ તેની અસર જોવા મળી રહી છે.

જથ્થાબંધ વેપારીઓના અંદાજ મુજબ, દિવાળીના તહેવારો પૂર્ણ થયા બાદ શિયાળાની નવી સિઝનનાં શાકભાજીની આવક વધે તો ભાવમાં રાહત મળી શકે છે. આગામી એક મહિનામાં બજારમાં પુરવઠો સુધરવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### CMની સુરક્ષામાં ફરજ બજાવતા હતા

# ગાંધીનગરમાં PSI એ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી આપઘાત કર્યો

**વીઆઈપીની સુરક્ષામાં તૈનાત અધિકારીના આપઘાતના પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી ગઈ**

ગાંધીનગર, તા.૨૮

મુખ્યમંત્રીની સુરક્ષામાં ફરજ બજાવતા PSI ઝાલાએ પોતાની જ સર્વિસ રિવોલ્વરથી ગોળી મારી જીવન ટૂંકાવી લેતાં ચકચાર મચી ગઈ છે. પ્રાથમિક તપાસમાં કૌટુંબિક અને અંગત કારણોસર આ આત્યંતિક પગલું ભર્યું હોવાની વિગતો સામે આવી છે. મુખ્યમંત્રી જેવા અતિ મહત્વના વીઆઈપીની સુરક્ષામાં તૈનાત અધિકારીના આપઘાતના પગલે સમગ્ર પોલીસ બેડામાં શોકની લાગણી વ્યાપી ગઈ છે અને ઉચ્ચ અધિકારીઓ દ્વારા બનાવ અંગે સઘન તપાસ શરૂ કરવામાં આવી છે. પોતાની જ સર્વિસ રિવોલ્વર વડે જાતે ગોળી મારી લીધી મળતી વિગતો અનુસાર, ગાંધીનગરમાં ફરજ બજાવતા અને સેક્ટર ૨૭ પોલીસ લાઈનમાં રહેતા PSI ઝાલાએ અચાનક પોતાની જ સર્વિસ રિવોલ્વર વડે જાતે ગોળી મારી લીધી હતી. ગોળીનો અવાજ સાંભળી આસપાસના લોકો અને સાથી કર્મચારીઓ દોડી આવ્યા હતા, પરંતુ ગંભીર ઈજાઓને કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાં જ ઉચ્ચ પોલીસ અધિકારીઓનો કાફલો પણ સ્થળ પર પહોંચી ગયો હતો.

પોલીસની પ્રાથમિક પૂછપરછ અને તપાસમાં આ આપઘાત પાછળ કૌટુંબિક કે પારિવારિક વિવાદ કારણભૂત હોવાની શક્યતાઓ સેવાઈ રહી છે. જોકે, આ અંગે કોઈ અંતિમ નિષ્કર્ષ પર પહોંચતા પહેલાં તમામ પાસાઓની બારીકાઈથી ચકાસણી કરવામાં આવી રહી છે. બનાવની ગંભીરતાને ધ્યાને રાખીને FSLની ટીમને પણ સ્થળ પર બોલાવવામાં આવી હતી.

FSL દ્વારા ઘટનાસ્થળેથી જરૂરી નમૂના અને પુરાવા એકત્ર કરવામાં આવ્યા છે, જેથી બનાવની ચોક્કસ કડીઓ મેળવી શકાય. હાલમાં પોલીસે મૃતક PSIના સાથી કર્મચારીઓ, સાથે ફરજ બજાવતા અધિકારીઓ તેમજ પરિવારજનોની પૂછપરછ હાથ ધરી છે. પોલીસ તંત્ર દ્વારા સત્તાવાર વિગતવાર અહેવાલ જાહેર કર્યા બાદ જ આત્મહત્યાના સાચા અને ચોક્કસ કારણો અંગે વધુ સ્પષ્ટતા સામે આવી શકશે.

### ICC રેન્કિંગમાં મોટો ફેરફાર

# અભિષેક શર્મા ફરી T૨૦માં નંબર-૧, માર્કો યાનસેનને બેવડો તાજ

**T૨૦ બેટિંગમાં અભિષેક શર્માનું પુનરાગમન; ટેસ્ટ બોલિંગ અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ માર્કો યાનસેન ટોચ પર પહોંચ્યો**

નવી દિલ્હી, તા.૨૮

આંતરરાષ્ટ્રીય ક્રિકેટ પરિષદ (ICC) દ્વારા જાહેર કરવામાં આવેલી તાજેતરની રેન્કિંગમાં મોટા ફેરફારો જોવા મળ્યા છે. ભારતીય બેટર અભિષેક શર્મા ફરી T20 આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વિશ્વનો નંબર-૧ બેટર બન્યો છે. બીજી તરફ, દક્ષિણ આફ્રિકાના ઓલરાઉન્ડર માર્કો યાનસેને ટેસ્ટ ક્રિકેટમાં બોલિંગ અને ઓલરાઉન્ડર રેન્કિંગમાં ટોચનું સ્થાન મેળવ્યું હોવાનો અહેવાલ છે.

ન્યૂઝીલેન્ડ સામેની ત્રીજી T20 મેચમાં અભિષેક શર્માએ શાનદાર બેટિંગ કરતાં માત્ર ૩૮ બોલમાં ૧૧૩ રન ફટકાર્યા હતા. આ પ્રદર્શનના આધારે તે ૮૯૭ રેટિંગ પોઈન્ટ સાથે ફરી પ્રથમ સ્થાને પહોંચ્યો છે. T20 આંતરરાષ્ટ્રીય બેટિંગ રેન્કિંગમાં અભિષેક શર્માએ પાકિસ્તાનના સાહિબઝાદા ફરહાન અને ભારતના ઈશાન કિશનને પાછળ છોડી દીધા છે. ફરહાન ૮૮૩ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે, જ્યારે ઈશાન કિશન ૮૬૬ પોઈન્ટ સાથે ત્રીજા સ્થાને સરકી ગયો છે.

T20 બેટિંગ રેન્કિંગના ટોચના પાંચ ખેલાડીઓ આ પ્રમાણે છે:

અભિષેક શર્મા — ૮૯૭ પોઈન્ટ
સાહિબઝાદા ફરહાન — ૮૮૩ પોઈન્ટ
ઈશાન કિશન — ૮૬૬ પોઈન્ટ
હેરી બ્રુક — ૭૯૩ પોઈન્ટ
જોસ બટલર — ૭૮૯ પોઈન્ટ

ટેસ્ટ બોલિંગમાં માર્કો યાનસેન પ્રથમ સ્થાને ટેસ્ટ બોલિંગ રેન્કિંગમાં દક્ષિણ આફ્રિકાના માર્કો યાનસેને ઓસ્ટ્રેલિયાના મિચેલ સ્ટાર્કને પાછળ છોડીને પ્રથમ સ્થાન મેળવ્યું છે. યાનસેનના ૮૭૬ રેટિંગ પોઈન્ટ છે, જ્યારે સ્ટાર્ક ૮૬૧ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. ટેસ્ટ બોલિંગ રેન્કિંગના ટોચના પાંચ ખેલાડીઓમાં ન્યૂઝીલેન્ડના મેટ હેનરી ત્રીજા, ઈંગ્લેન્ડના ઓલી રોબિન્સન ચોથા અને ભારતના જસપ્રીત બુમરાહ પાંચમા સ્થાને છે.

ટોચના પાંચ બોલરોની યાદી:

માર્કો યાનસેન — ૮૭૬ પોઈન્ટ
મિચેલ સ્ટાર્ક — ૮૬૧ પોઈન્ટ
મેટ હેનરી — ૮૬૧ પોઈન્ટ
ઓલી રોબિન્સન — ૮૫૬ પોઈન્ટ
જસપ્રીત બુમરાહ — ૮૫૩ પોઈન્ટ

ટેસ્ટ ઓલરાઉન્ડર રેન્કિંગમાં પણ માર્કો યાનસેનને ફાયદો થયો છે. તે ૪૫૧ પોઈન્ટ સાથે પ્રથમ સ્થાને પહોંચ્યો છે, જ્યારે ભારતનો રવીન્દ્ર જાડેજા ૪૨૨ પોઈન્ટ સાથે બીજા સ્થાને છે. બાંગ્લાદેશનો મેહદી હસન મિરાઝ ૩૧૯ પોઈન્ટ સાથે ત્રીજા, દક્ષિણ આફ્રિકાનો વિયાન મુલ્ડર ૩૦૯ પોઈન્ટ સાથે ચોથા અને મિચેલ સ્ટાર્ક ૨૫૭ પોઈન્ટ સાથે પાંચમા સ્થાને છે. અભિષેક શર્માનું ફરી T20 બેટિંગ રેન્કિંગમાં ટોચ પર પહોંચવું ભારતીય ક્રિકેટ માટે નોંધપાત્ર ઘટના છે. ન્યૂઝીલેન્ડ સામેની તેની સદી તેના આક્રમક બેટિંગ અભિગમને દર્શાવે છે. બીજી તરફ, ટેસ્ટ ક્રિકેટમાં યાનસેનનું બોલર અને ઓલરાઉન્ડર તરીકે ટોચનું સ્થાન દક્ષિણ આફ્રિકાના ક્રિકેટ માટે મહત્ત્વપૂર્ણ છે. આ રેન્કિંગ ફેરફારોને કારણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટના ત્રણ અલગ-અલગ વિભાગોમાં નવા નંબર-૧ ખેલાડીઓની ચર્ચા શરૂ થઈ છે.

### દક્ષિણ આફ્રિકાએ સૌથી લાંબી માલગાડી દોડાવી

# ૬૯૬ ડબ્બા અને ૭.૬ કિલોમીટર લાંબી ટ્રેને રચ્યો વિશ્વ વિક્રમ

**ટ્રાન્સનેટે ૮૬૦ કિલોમીટરનું અંતર કાપતી માલગાડી દોડાવી, ઓસ્ટ્રેલિયાનો ૨૨ વર્ષ જૂનો રેકોર્ડ તૂટ્યો**

નવી દિલ્હી, તા.૨૮

દુનિયાની સૌથી લાંબી માલગાડી દોડાવવાનો નવો વર્લ્ડ રેકોર્ડ દક્ષિણ આફ્રિકાએ પોતાના નામે કર્યો છે. સામાન્ય રીતે માલગાડીની લંબાઈ એકથી દોઢ કિલોમીટર જેટલી હોય છે, પરંતુ દક્ષિણ આફ્રિકાએ ૭.૬ કિલોમીટર લાંબી માલગાડી દોડાવીને સૌને ચોંકાવી દીધા છે. આ માલગાડીમાં કુલ ૬૯૬ ડબ્બા જોડવામાં આવ્યા હતા. આ સાથે દક્ષિણ આફ્રિકાએ ઑસ્ટ્રેલિયાનો ૨૨ વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખ્યો છે.૭.૬ કિલોમીટર લાંબી માલગાડીને દોડાવવી સરળ નહોતી.

આટલી લાંબી ટ્રેનને ખેંચવા માટે તેની વચ્ચે અનેક ઈલેક્ટ્રિક અને ડીઝલ એન્જિન લગાવવામાં આવ્યાં હતાં. આ વ્યવસ્થા દ્વારા ટ્રેનને લાંબા અંતર સુધી લઈ જવાની ક્ષમતા ચકાસવામાં આવી હતી.અહેવાલ મુજબ, આ માલગાડીએ દરિયાકાંઠે આવેલા સલદાન્હા બે થી લોખંડની ખાણ સુધીની સફર પૂરી કરી હતી. ખાલી ડબ્બા સાથેની આ ટ્રેને ૮૬૦ કિલોમીટરનું અંતર કાપવામાં બે દિવસનો સમય લીધો હતો. આટલી લાંબી માલગાડીને એકસાથે ચલાવવી અને લાંબા અંતર સુધી લઈ જવી એ રેલવેની પરિવહન ક્ષમતાની મહત્ત્વપૂર્ણ કસોટી હતી.દક્ષિણ આફ્રિકાની સરકારી પરિવહન કંપની ટ્રાન્સનેટે ૧૭ ઑક્ટોબરે આ માલગાડી દોડાવી હતી. કંપનીના જણાવ્યા અનુસાર, આ એક પરીક્ષણ હતું, જે સફળ રહ્યું હતું. ભારે માલસામાનને એકસાથે લાંબા અંતર સુધી પહોંચાડવા માટે રેલવે કેટલી સક્ષમ છે, તે ચકાસવાનો આ પરીક્ષણનો મુખ્ય હેતુ હતો.આ પહેલાં દુનિયાની સૌથી લાંબી માલગાડી દોડાવવાનો રેકોર્ડ ઑસ્ટ્રેલિયાના નામે હતો. વર્ષ ૨૦૦૧માં ઑસ્ટ્રેલિયાએ ૭.૨૪ કિલોમીટર લાંબી માલગાડી દોડાવી હતી. હવે દક્ષિણ આફ્રિકાએ ૭.૬ કિલોમીટર લાંબી માલગાડી દોડાવીને આ રેકોર્ડ તોડી નાખ્યો છે. ૬૯૬ ડબ્બા અને અનેક એન્જિન સાથે દોડેલી આ માલગાડીએ રેલવે પરિવહનના ક્ષેત્રમાં નવો માપદંડ સ્થાપિત કર્યો છે. આ સફળ પરીક્ષણથી ભારે માલસામાનના પરિવહન માટે લાંબી માલગાડીઓની ક્ષમતા ચકાસવાનો માર્ગ વધુ મજબૂત બન્યો છે.

### ચક્રવાત અર્નબથી ઓડિશા-આંધ્રપ્રદેશમાં ભારે તબાહી

# અર્નબનો કહેર: ૧૫૦ કિમીની ઝડપે પવન, ભારે વરસાદથી દરિયાકાંઠે તબાહી

**કાકીનાડા નજીક લેન્ડફોલ બાદ અનેક જિલ્લાઓમાં જળબંબાકાર, ૮૪ હજારથી વધુ લોકોને સુરક્ષિત સ્થળે ખસેડાયા**

વિશાખાપટ્ટનમ, તા.૨૮

ભયાનક વાવાઝોડું અર્નબ આખરે ભારતના બે મોટા રાજ્યોના દરિયાકાંઠે લેન્ડફોલ કરી ગયું. મંગળવારે મોડી રાતે દોઢ વાગ્યાની આસપાસ આ વાવાઝોડું ત્રાટકતાં ૧૫૦ કિ.મી.ની ઝડપે તોફાની પવન સાથે ભારે વરસાદ ખાબક્યો હતો. ભારતીય હવામાન વિભગના અહેવાલ અનુસાર અનેક રાજ્યોમાં ભારે વરસાદ પડી શકે છે.ચક્રવાત 'અર્નબ' ના કારણે વિશાખાપટ્ટનમના આર.કે. બીચ પર ભયાનક મોજાં અને ઝડપી પવનો જોવા મળી રહ્યા છે.

વાવાઝોડાના કારણે અનકાપલ્લી, કાકીનાડા, કોનસીમા, પૂર્વ ગોદાવરી અને પશ્ચિમ ગોદાવરી જિલ્લામાં ૧૦૦ મિલીમીટરથી વધુ ભારે વરસાદ નોંધાયો છે. વિશાખાપટ્ટનમમાં સેંકડો વૃક્ષો અને વીજળીના થાંભલા ધરાશાયી થતાં માર્ગ વ્યવહાર ખોરવાયો છે. અનેક ઘરોની દીવાલો અને છતોને ભારે નુકસાન પહોંચ્યું છે.ભારતીય મોસમ વિભાગ ના તાજેતરના બુલેટિન મુજબ, 'અર્નબ' વાવાઝોડું અપેક્ષા કરતાં વધુ ઝડપથી પશ્ચિમ-મધ્ય બંગાળની ખાડીમાંથી આગળ વધીને આંધ્રના તટ પર ત્રાટક્યું હતું. લૅન્ડફોલની પ્રક્રિયા ૨૮ ઓક્ટોબર ૨૦૨૬ની વહેલી સવારે આશરે ૦૧:૨૦ વાગ્યે બાપટલાથી વિશાખાપટ્ટનમ વચ્ચે સ્થિત યનમ દક્ષિણે કાકીનાડા નજીક શરૂ થઈ ગઈ હતી.પવનની ગતિ: લૅન્ડફોલ સમયે પવનની સતત ઝડપ ૧૨૫ થી ૧૩૫ કિમી/કલાક રહી હતી, જે એક ઝટકામાં ૧૫૦ કિમી/કલાક ની ભયાનક સપાટીએ પહોંચી ગઈ હતી.ઉંચા મોજાં: દરિયામાં ૧.૫ થી ૨.૫ મીટર સુધીની તીવ્ર તુફાની લહેરો ઉછળી રહી છે, જ્યારે ગોદાવરી નદીના મુખ પાસે ૨ થી ૩.૫ મીટર ઉંચા મોજાં ઉછળવાની ભીતિ છે.ઓડિશામાં અસર: આંધ્ર પ્રદેશ ઉપરાંત દક્ષિણ ઓડિશાના તટીય જિલ્લાઓમાં પણ ભારે પવન સાથે ભયાનક વરસાદ ચાલુ છે.

સ્થાનિક તંત્ર અને પ્રશાસન દ્વારા તટીય વિસ્તારોમાંથી અત્યાર સુધીમાં ૮૪૦૦૦ થી વધુ લોકોને સુરક્ષિત રીતે ખસેડીને રેસ્ક્યૂ શેલ્ટરમાં રાખવામાં આવ્યા હતા. લૅન્ડફોલની પ્રક્રિયા કલાકો સુધી ચાલુ રહેવાની શક્યતા હોવાથી કાકીનાડા, યનમ અને નરસપુર સહિતના નીચાણવાળા વિસ્તારોમાં લોકોને ઘરોમાં જ રહેવાની સૂચના આપવામાં આવી હતી.

### ચૂંટણીમાં હાર બાદ ફ્લાવિયો બોલ્સોનારો ગાયબ

# બ્રાઝિલ છોડીને અમેરિકા પહોંચ્યા ફ્લાવિયો, પાસપોર્ટ મુદ્દે સસ્પેન્સ

**ચૂંટણીમાં ધાંધલીના આરોપો વચ્ચે દેશ છોડ્યાના અહેવાલ, પ્રવક્તાએ હજુ જવાબ આપ્યો નથી**

બ્રાઝિલ, તા.૨૮

બ્રાઝિલના તાજેતરમાં યોજાયેલા રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પરાજયનો સામનો કરનાર ફ્લાવિયો બોલ્સોનારો દેશ છોડીને અમેરિકા ચાલી ગયા હોવાના દાવા મંગળવારે અનેક વિદેશી મીડિયા રિપોર્ટ્સમાં કરવામાં આવ્યા છે. જોકે, આ અંગે તેમના પ્રવક્તા તરફથી પૂછવામાં આવેલા સવાલોનો કોઈ જવાબ આપવામાં આવ્યો નથી. ઉલ્લેખનીય છે કે, સોમવારે જ તેમને મંગળવાર બપોર સુધીમાં પોતાનો સામાન્ય અને રાજદ્વારી (ડિપ્લોમેટિક) પાસપોર્ટ જમા કરાવવાનો આદેશ આપવામાં આવ્યો હતો. તેમણે પાસપોર્ટ જમા કરાવ્યો છે કે નહીં તે અંગે હજુ સુધી સ્પષ્ટતા થઈ શકી નથી.

આ ઉપરાંત ટેક્સાસ (અમેરિકા)માં રહેતા તેમના ભાઈ એડુઆર્ડો બોલ્સોનારોએ તેમને ચૂંટણી હારવાની સ્થિતિમાં દેશ છોડી દેવાની સલાહ આપી હતી.મતદાર માહિતીફ્લાવિયો બોલ્સોનારોએ આ રાષ્ટ્રપતિ ચૂંટણીમાં પોતાની હારનો સ્વીકાર કર્યો નથી અને મતદાનમાં વ્યાપક ધાંધલધમાલ થઈ હોવાના ગંભીર આરોપો લગાવ્યા છે.

તેમણે ચૂંટણી પરિણામો રદ કરવાની સાથે વિજેતા બનેલા રાષ્ટ્રપતિ લુઈઝ ઈનાસિઓ લૂલા દા સિલ્વા અને ઉપ-રાષ્ટ્રપતિ ગિરાલ્ડો અલ્કમીનની ઉમેદવારી રદ કરવાની માગણી પણ કરી છે. આ ચૂંટણીમાં લૂલાને ૬.૪ કરોડથી વધુ મતો મળ્યા હતા, જ્યારે ફ્લાવિયોને ૬ કરોડથી ઓછા મતો પ્રાપ્ત થતાં બંને વચ્ચે લગભગ ૪૦ લાખ મતોનો મોટો તફાવત રહ્યો હતો. આવી સ્થિતિમાં ચૂંટણી પરિણામો ઉલટાવવા માટે બોલ્સોનારોએ ચૂંટણી કોર્ટમાં ધાંધલીના નક્કર પુરાવા રજૂ કરવા પડશે.ફ્લાવિયો બોલ્સોનારો બ્રાઝિલના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ઝાયર બોલ્સોનારોના પુત્ર છે. ઝાયર બોલ્સોનારો ૨૦૨૨ની ચૂંટણી હાર્યા બાદ તખ્તાપલટ કરવાનો પ્રયાસ કરવાના ગુનામાં ૨૭ વર્ષની જેલની સજા કાપી રહ્યા છે અને હાલ નજરકેદ હેઠળ છે. આ ઉપરાંત, ફ્લાવિયો પોતે પણ ભ્રષ્ટાચાર, મની લોન્ડરિંગ અને કરચોરી સાથે જોડાયેલા બે અલગ-અલગ કાનૂની કેસોમાં તપાસનો સામનો કરી રહ્યા છે, જોકે તેમણે પોતાના પર લાગેલા તમામ આરોપોને નકારી કાઢ્યા છે.અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે પણ બ્રાઝિલના ચૂંટણી પરિણામો પર સવાલ ઉઠાવ્યા છે. મધ્યસત્ર ચૂંટણીના પ્રચારમાં વ્યસ્ત ટ્રમ્પે સોમવારે કોઈ પણ પુરાવા આપ્યા વિના પત્રકારોને જણાવ્યું હતું કે, બ્રાઝિલની ચૂંટણીમાં ડાબેરી નેતા લૂલા દા સિલ્વા જીત્યા તે એક વધુ ધાંધલીવાળી ચૂંટણી લાગે છે. નોંધનીય છે કે, લૂલા દા સિલ્વા ચોથી વખત બ્રાઝિલના રાષ્ટ્રપતિ બનવા જઈ રહ્યા છે અને તેઓ ડોનાલ્ડ ટ્રમ્પના આકરા આલોચક માનવામાં આવે છે.

### પાણીની કટોકટી ટાળવા AMCની નવી કવાયત

# અમદાવાદમાં ૧૦૦૦ ફૂટ ઊંડા ૧૨ બોરવેલ બનાવાશે

**ચાર ઝોનમાં બોરવેલ બનાવવા AMCની રૂ. ૩.૯૯ કરોડની દરખાસ્ત, વોટર કમિટીની મંજૂરીની રાહ જોઈ રહ્યું છે તંત્ર**

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ શહેરમાં પાણીની પેદા થઈ રહેલી ગંભીર સ્થિતિ વચ્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીઓ ભલે બધું બરાબર હોવાની વાતો કરી રહ્યા હોય, પરંતુ સંભવિત કટોકટી સામે તંત્ર અંદરખાને દોડતું થઈ ગયું છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા શહેરના ચાર ઝોનમાં એક હજાર ફૂટ (૩૧૦ મીટર) ઊંડાઈ ધરાવતા કુલ ૧૨ બોરવેલ બનાવવા માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.ગુરુવારે મળનારી મ્યુનિસિપલ કોર્પોરેશનની વોટર સપ્લાય એન્ડ સુઅરેજ કમિટીની બેઠકમાં આ અંગેની ખાસ દરખાસ્ત મૂકવામાં આવી છે. જેમાં ચાર જુદી જુદી એજન્સીઓને કુલ રૂ. ૩.૯૯ કરોડના ખર્ચે ૧૨ બોરવેલ બનાવવાનું કામ સોંપવા માટેની મંજૂરી માંગવામાં આવી છે.

૩૫૦ બાય ૨૫૦ એમએમ ડાયા અને ૩૧૦ મીટર ઊંડાઈ ધરાવતા એક બોરવેલનો અંદાજિત ખર્ચ રૂ. ૩૩.૩૦ લાખ નક્કી કરવામાં આવ્યો છે. આ ખર્ચમાં ડ્રિલિંગ ઉપરાંત ડેવલપિંગ, પાઈપ એસેમ્બલી અને મટિરિયલ સહિતની તમામ બાબતોનો સમાવેશ થાય છે. આગામી દિવસોમાં શહેરના બાકી રહેતા અન્ય ત્રણ ઝોન માટે પણ આ જ પ્રકારે બોરવેલ બનાવવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

# અમરેલીમાં સાંસદ સુતરીયાનાં હસ્તે સરસ મેળાનો પ્રારંભ






ભારત સરકાર અને ગુજરાત સરકારના સંયુક્ત ઉપક્રમે ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિ. દ્વારા આયોજિત 'સરસ મેળા–૨૦૨૬'નો અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયાના હસ્તે શુભારંભ કરવામાં આવ્યો હતો. આ તકે જિલ્લાના અગ્રણી અતુલ કાનાણી સહિત સ્થાનિક પદાધિકારીઓ વિશેષ રૂપે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે સાંસદએ જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર દ્વારા મહિલાઓને આર્થિક રીતે પગભર બનાવવાના ઉમદા હેતુસર દર વર્ષે સરસ મેળાનું આયોજન કરવામાં આવે છે. જેના કારણે અનેક સ્વસહાય જૂથની બહેનોને પોતાની કલા અને આવડતને રજૂ કરવાનું મજબૂત મંચ મળ્યું છે. સખી મંડળની બહેનો હાથ બનાવટની વસ્તુઓનું વેચાણ કરીને આત્મનિર્ભર બની રહી છે. દિવાળી નજીક છે, ત્યારે વિવિધ જિલ્લાની બહેનો દ્વારા ઉત્પાદિત વસ્તુઓની ખરીદી કરવા માટે લોકોએ સરસ મેળાની મુલાકાત લઈને પ્રોત્સાહન પૂરૂ પાડવું જોઈએ. આ તકે સાંસદ ભરતભાઈએ વિવિધ સ્ટોલની મુલાકાત લઈને સ્વ સહાય જૂથની બહેનો સાથે તલસ્પર્શી સંવાદ સાધ્યો હતો. તેમજ સાંસદના હસ્તે દીન દયાળ અંત્યોદય યોજના અંતર્ગત જય ઠાકરધણી આજીવિકા મંડળને રૂ. ૬,૫૦,૦૦૦ની કેશ ક્રેડિટ લોનનો ચેક અર્પણ કરવામાં આવ્યા હતા. ઉલ્લેખનીય છે કે, તા. ૨૮ ઓકટોબરથી તા. ૦૪ નવેમ્બર સુધી ચાલનારા સરસ મેળામાં આશરે ૩૦ ક્રાફટ સ્ટોલ અને ૦૫ લાઈવ ફૂડ સ્ટોલ સહિત કુલ ૩૫ સ્ટોલનું આયોજન કરવામાં આવ્યું છે. સખી મંડળની બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ હેન્ડીક્રાફટ, હેડલુમ, ખાદ્ય ઉત્પાદનો, દિવાળી ડેકોરેશન, દિવા, રંગોળી સામગ્રી, ગિફ્ટ પેક, પરંપરાગત વસ્ત્રો તથા ગ્રામ્ય ઉત્પાદનોને ગ્રાહક સુધી પહોંચાડવા સરસ મેળો ઉત્તમ પ્લેટફોર્મ સાબિત થશે. આ પ્રસંગે જિલ્લાના સ્થાનિક અગ્રણીઓ, જિલ્લા વિકાસ અધિકારી કે.જે. જાડેજા(ઈ.ચા), સહિતના અધિકારીઓ, બહોળી સંખ્યામાં સખી મંડળની બહેનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલી જિલ્લાને તાત્કાલિક

સીમિત ન રહે, પરંતુ નુકસાનનું મૂલ્યાંકન કરી સમયસર રાહત આપે અને અમરેલી જિલ્લાને દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા અંગે તાત્કાલિક નિર્ણય લે. દિવાળી પહેલાં વળતર, લોન – વ્યાજમાં રાહત, પશુઓ માટે ઘાસચારો અને પાણીનું આયોજન આ માંગણીઓ પર સરકાર કયારે પગલાં ભરે છે તે હવે ખેડૂતો માટે મહત્ત્વનો સવાલ બન્યો છે.

સૌની યોજના મારફતે શકય હોય ત્યાં ડેમ અને જળાશયો ભરી પાણીનું આગોતરૂં આયોજન કરવામાં આવે.

સિંચાઈ માટે પણ પાણીની અછત વરસાદની લાંબી ખેંચથી અનેક ખેતરોમાં મગફળીના છોડ સુકાવા લાગ્યા છે, જયારે કપાસ અને સોયાબીનના પાકને પણ નુકસાન થવાની ભીતિ છે. બિયારણ, ખાતર, જંતુનાશક દવાઓ અને મજૂરી પાછળ મોટો ખર્ચ કર્યા બાદ પાક બચાવવો મુશ્કેલ બનતાં ખેડૂતો આર્થિક સંકટમાં મુકાયા છે. કૂવા – બોરનાં જળસ્તર નીચે ઊતરી જતાં પિયતનો વિકલ્પ પણ મર્યાદિત બન્યો છે. આ સ્થિતિની અસર પશુપાલન પર પણ પડી શકે છે.

ખેતરોમાં પાક સુકાતાં પશુઓ માટે લીલો ઘાસચારો મેળવવામાં મુશ્કેલી સર્જાવાની ભીતિ છે. સાથે જ જળાશયોમાં પૂરતા પાણીના સંગ્રહના અભાવે આગામી ઉનાળામાં પીવાના પાણીની ચિંતા પણ અત્યારથી સતાવી રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીમાં આગામી 31 ઓક્ટોબરે

નજીકના વિસ્તારમાં સરળતાથી પહોંચીને રક્તદાન કરી શકે. આ સેવા યજ્ઞના અનુસંધાનમાં આગામી તારીખ ૧ નવેમ્બર ૨૦૨૬, રવિવારના રોજ સાંજના સમયે જુના માર્કેટ યાર્ડ અંદર આવેલ હોટેલ લોડર્સ ખાતે પી.પી. સોજીત્રાની ભવ્ય રક્તતુલા યોજાશે. આ સમગ્ર આયોજનમાં સરદાર પટેલ સેવાદળના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજીભાઈ પટેલ, સૌરાષ્ટ્ર અધ્યક્ષ અલ્પેશભાઈ રાખ, સૌરાષ્ટ્ર ઉપાધ્યક્ષ (અમરેલી – ભાવનગર જિલ્લડો) ભૂપત સાવલીયા તેમજ સંયોજક રાજુભાઈ ઝાલાવાડીયા સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યક્રમનું સંચાલન કરશે. રક્તએ એવી અમૂલ્ય દેણ છે જે કોઈપણ ફેકટરીમાં બની શકતી નથી, તે માત્ર માનવી જ માનવીને આપી શકે છે. તેથી જ સમાજના ઉત્કર્ષ અને માનવતાના રક્ષણ કાજે સર્વ સમાજ, તમામ જ્ઞાતિ મંડળો, સામાજિક સંગઠનો, યુવા સંગઠનો, ટ્રસ્ટો અને જિલ્લાભરના પ્રબુદ્ધ નાગરિકોને ભાવભર્યુ જાહેર આહવાન કરવામાં આવે છે કે, પક્ષાપક્ષી કે ભેદભાવ ભૂલી સૌ સાથે મળી આ મહા રક્તદાન કેમ્પમાં વધુમાં વધુ સંખ્યામાં ઉત્સાહભેર જોડાઈને રક્તદાન કરે અને આ કાર્યક્રમને સફળ બનાવી કોઈના જીવનમાં આશાનું નવું કિરણ પ્રગટાવે.

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૯૬ | ૧૯૫૧ |
| ૨ | મગફળી | ૧૨૮૦ | ૧૫૦૧ |
| ૩ | સોયાબીન | ૧૩૩૧ | ૧૩૭૧ |
| ૪ | અડદ | ૧૭૪૧ | ૧૮૦૫ |

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૧૦૦ | ૧૪૯૦ |
| ૨ | ગિરનાર શીંગ | ૧૦૩૦ | ૧૫૬૦ |
| ૩ | શિંગ મોટી | ૧૧૫૦ | ૧૬૩૫ |
| ૪ | શિંગદાણા ફાડા | ૧૫૫૦ | ૧૮૬૦ |
| ૫ | તલ સફેદ | ૨૧૬૦ | ૪૦૧૫ |
| ૬ | તલ કાળા | ૨૪૦૫ | ૪૩૫૦ |
| ૭ | તલ કાશ્મીરી | ૨૮૨૦ | ૨૯૩૦ |
| ૮ | બાજરો | ૪૦૦ | ૪૯૫ |
| ૯ | જુવાર | ૫૯૫ | ૧૬૫૦ |
| ૧૦ | ઘઉં ટુકડા | ૫૧૦ | ૭૬૫ |
| ૧૧ | ઘઉં લોકવન | ૫૯૫ | ૬૫૫ |
| ૧૨ | મકાઈ | ૫૮૦ | ૬૦૫ |
| ૧૩ | મગ | ૧૨૮૦ | ૨૧૦૫ |
| ૧૪ | અડદ | ૧૫૦૦ | ૧૮૮૫ |
| ૧૫ | ચણા | ૧૨૦૦ | ૧૪૭૦ |
| ૧૬ | ચણા દેશી | ૧૪૯૫ | ૧૪૯૫ |
| ૧૭ | સફેદ ચણા | ૧૧૫૦ | ૧૫૭૦ |
| ૧૮ | છોલે ચણા | ૯૧૫ | ૯૧૫ |
| ૧૯ | તુવેર | ૧૦૫૦ | ૧૬૦૦ |
| ૨૦ | મઠ | ૬૪૦ | ૬૪૦ |
| ૨૧ | કપાસ | ૧૧૦૦ | ૧૯૪૦ |
| ૨૨ | જીરૂ | ૪૦૨૫ | ૪૪૦૦ |
| ૨૩ | ધાણી | ૨૫૦૦ | ૩૪૨૫ |
| ૨૪ | અજમા | ૧૩૭૫ | ૩૪૪૦ |
| ૨૫ | મેથી | ૧૧૪૦ | ૧૪૦૦ |
| ૨૬ | સોયાબીન | ૯૭૦ | ૧૪૩૫ |
| ૨૭ | વરીયાળી | ૧૭૪૦ | ૨૧૨૦ |

## પાના ૮ ઉપરનું ચાલું રાજુલામાં માર્ગ સારો હોવા છતાં

મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે. બીજી તરફ, જયાં પહેલેથી જ સારો અને ઉપયોગમાં લઈ શકાય એવો સીસી રોડ ઉપલબ્ધ છે, ત્યાં ફરીથી તેની ઉપર નવો રોડ બનાવવામાં આવી રહ્યો છે. આ બાબત જાહેર નાણાંનાં યોગ્ય ઉપયોગ અંગે ગંભીર પ્રશ્નો ઊભા કરે છે.

માત્ર હયાત રોડની ઉપર નવો રોડ બનાવી દેવાથી તેની મજબૂતી અને ટકાઉપણાની ખાતરી રહેતી નથી. જો રોડનું કામ સરકારી એસ્ટિમેન્ટ, ટેકનિકલ માપદંડો અને ગુણવત્તાનાં નિયમો મુજબ કરવામાં ન આવે, તો ભવિષ્યમાં રોડની ગુણવત્તા અંગે પ્રશ્નો ઊભા થઈ શકે છે અને સરકારી નાણાંનો બિનજરૂરી ખર્ચ થવાની શકયતા રહે છે.

સ્વામિનારાયણ મંદિર સામે તથા પોસ્ટ ઓફિસની બાજુમાં ચાલી રહેલા રોડનાં કામની તાત્કાલિક સ્થળ તપાસ કરવામાં આવે.

હયાત સીસી રોડની સ્થિતિ અને મંજૂર એસ્ટિમેન્ટની ચકાસણી કરવામાં આવે.

ટેકનિકલ નિયમો અને મંજૂર એસ્ટિમેન્ટ મુજબ જરૂરી હોય ત્યાં હયાત રોડનું ખોદકામ કરી, યોગ્ય પાયાની તૈયારી કર્યા બાદ જ નવો સીસી રોડ બનાવવામાં આવે.

રોડની કામગીરીમાં વપરાતી સામગ્રી, જાડાઈ, ગુણવત્તા તથા ખર્ચની તપાસ કરી, સરકારી નિયમોનું પાલન થાય તેની ખાતરી કરવામાં આવે.

શહેરનાં જે વિસ્તારોમાં હજુ સુધી રોડની સુવિધા નથી, ત્યાં પ્રાથમિકતાનાં ધોરણે રોડ બનાવવામાં આવે, જેથી નાગરિકોને વાસ્તવિક સુવિધા મળી શકે. આપને નમ્ર વિનંતી છે કે આ બાબતને ગંભીરતાથી લઈ સંબંધિત વિભાગનાં અધિકારીઓ મારફતે નિષ્પક્ષ તપાસ કરાવી, સરકારી નાણાંનો યોગ્ય ઉપયોગ થાય અને નાગરિકોને ગુણવત્તાયુક્ત તથા લાંબા સમય સુધી ટકી શકે તેવા રોડ મળે તે માટે જરૂરી કાર્યવાહી કરવા આદેશ આપશો. તેમ અંતમાં જણાવેલ છે.

આપની હકારાત્મક કાર્યવાહી અને ન્યાયસંગત નિર્ણયની અપેક્ષા સાથે.

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૬૦૧ | ૧૯૦૦ |
| ૨ | મગફળી | ૧૧૦૦ | ૧૫૭૦ |
| ૩ | ઘઉં | ૪૨૫ | ૪૨૫ |
| ૪ | ચણા | ૧૩૬૦ | ૧૪૪૦ |
| ૫ | અડદ | ૧૩૪૦ | ૧૮૦૦ |
| ૬ | તલ સફેદ | ૨૬૦૧ | ૨૮૯૦ |
| ૭ | ધાણા | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૮ | કલોંજી | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૯ | સોયાબીન | ૧૨૦૦ | ૧૩૮૧ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૭૦ | ૧૯૪૦ |
| ૨ | કપાસ મીડીયમ | ૧૬૫૦ | ૧૭૩૦ |
| ૩ | મગફળી | ૧૩૪૦ | ૧૬૧૧ |
| ૪ | તલ સફેદ | ૨૯૦૦ | ૩૨૧૧૦ |
| ૫ | તલ કાળા | ૩૨૨૦ | ૩૯૩૦ |
| ૬ | જીરૂ | ૪૧૨૦ | ૪૬૧૦ |
| ૭ | ચણા | ૧૩૫૦ | ૧૪૧૦ |
| ૮ | ઘઉં | ૫૪૦ | ૫૯૨ |
| ૯ | અડદ | ૧૭૫૦ | ૧૮૭૨ |
| ૧૦ | મગ | ૧૫૭૫ | ૨૦૧૦ |
| ૧૧ | સોયાબીન | ૧૩૪૫ | ૧૩૬૭ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૨૦૦ | ૨૧૦૦ |
| ૨ | શીંગ મોટી | ૧૦૦૦ | ૧૭૮૦ |
| ૩ | તલ સફેદ | ૨૫૦૦ | ૩૩૦૨ |
| ૪ | તલ કાળા | ૩૩૦૦ | ૪૦૦૧ |
| ૫ | જીરૂ | ૪૬૮૬ | ૪૯૭૫ |
| ૬ | કપાસ | ૧૯૦૦ | ૧૯૫૦ |
| ૭ | ઘઉં લોકવન | ૫૪૦ | ૬૦૫ |
| ૮ | ઘઉં ટુકડા | ૫૭૦ | ૬૮૪ |
| ૯ | બાજરો | ૪૦૦ | ૫૩૦ |
| ૧૦ | જુવાર | ૭૦૦ | ૧૫૮૦ |
| ૧૧ | મગ | ૧૦૦૦ | ૧૩૦૦ |
| ૧૨ | અડદ | ૧૫૦૦ | ૧૯૮૦ |
| ૧૩ | ચણા | ૧૨૦૦ | ૧૪૬૦ |
| ૧૪ | દેશી ચણા | ૧૨૫૦ | ૧૫૧૫ |
| ૧૫ | તુવેર | ૧૩૦૦ | ૧૭૫૦ |
| ૧૬ | ધાણા | ૨૭૦૦ | ૩૧૫૦ |
| ૧૭ | સોયાબીન | ૧૨૬૦ | ૧૩૯૦ |

## પાના ૮ ઉપરનું ચાલું દામનગરમાં જતી બે લોકલ બસ બંધ થઈ

જતા આવતા લોકોને નાછુટકે ખાનગી વાહનોમાં અથવા અન્ય કોઈ રીતે આર્થિક નુકશાની વેઠીને જવું પડતું હોય. આ બંને ડેપોના મેનેજરે બંધ કરી દેવામાં આવેલ આ બંને બસને શરૂ કરવા મુસાફર વર્ગમાંથી માંગ ઉઠી છે. તેમજ દામનગર અને આજુબાજુના વિશથી વધુ ગામના લોકો સુરત કાયમી આવતા જતા હોય, માત્ર ગારિયાધાર ડેપોની એક જ બસ ચાલતી હોય. જો ખાનગી બસમાં ટ્રાફિક થતો હોય તો સરકારી એસ.ટી. બસ ચલાવવામાં આવે તો ચોક્કસથી જનતાને લાભ મળે અને એસ.ટી. તંત્રને આવકમાં વધારો થાય તેમ હોય. ગારિયાધાર અને લાઠીના ધારાસભ્ય આ બાબતને ધ્યાનમાં લઈને રજૂઆત કરી મુસાફરોની માંગ સંતોષાય તે માટે જરૂરી પ્રયત્નો કરે, આ પણ વિકાસનો એક ભાગ ગણાશે.

## પાના ૧ ઉપરનું ચાલું ઉનાનાં વેરાવળ માર્ગ ઉપર

ગંભીરતાથી માતા પાંચીબેન આઘાતમાં સરી પડતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડયો હતો. બનાવને પગલે કાજરડી ગામમાં શોકની લાગણી ફેલાઈ હતી.

ફરિયાદમાં નોંધાયેલી વિગતો અનુસાર, કાજરડી ગામના પ્રવીણભાઈ દાનાભાઈ વાળાની પત્ની પાંચીબેન, પુત્રી પ્રતિજ્ઞાબેન અને પુત્ર પ્રીતમ વાળા મોટર સાઈકલ લઈને ઉના તરફ જઈ રહ્યાં હતાં. પરિવાર ઉનામાં દવાખાનાના કામ અર્થે નીકળ્યો હતો. દરમિયાન રસ્તામાં કેસરિયાઅને નાથળ ગામ વચ્ચે ખાણિયાધાર વિસ્તાર નજીક આ દુર્ઘટના બની હતી.

પરિવાર માટે સામાન્ય દિવસ અચાનક જ કાળમુખો સાબિત થયો હતો. ૧૮ વર્ષની પ્રતિજ્ઞાબેન પરિવાર સાથે મુસાફરી કરી રહ્યાં હતાં, પરંતુ રસ્તામાં બનેલા અકસ્માતે તેમનો જીવ લઈ લીધો હતો.

ફરિયાદ મુજબ, મોટર સાઈકલની આગળ એક છકડો રિક્ષા જઈ રહી હતી. તે દરમિયાન પાછળથી આવી રહેલા ટ્રક નંબર જીજે–૧૪–એકસ–૨૫૯૫ના ચાલકે પૂરઝડપે અને બેદરકારીપૂર્વક ટ્રક ચલાવી મોટર સાઈકલને પાછળથી ટક્કર મારી હતી. ટક્કર એટલી જોરદાર હતી કે મોટરસાઈકલ ચાલકનો કાબૂ ગુમાતાં બાઈક આગળ જતી છકડો રિક્ષા સાથે અથડાયું હતું. આ અકસ્માતમાં બાઈક પર સવાર ત્રણેય વ્યક્તિઓને ઈજાઓ પહોંચી હતી. ઘટનાને પગલે આસપાસના લોકો મદદ માટે દોડી આવ્યા હતા અને ઈજાગ્રસ્તોને સારવાર માટે ખસેડવાની વ્યવસ્થા કરવામાં આવી હતી.

અકસ્માતમાં પ્રતિજ્ઞાબેનને માથાના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેના કારણે તેમનું મોત નીપજયું હતું. બહેનને પોતાની નજર સામે ગુમાવતાં ભાઈ પ્રીતમ વાળા માટે આ ઘટના અત્યંત આઘાત જનક બની હતી.

## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૮૫૦ | ૧૯૩૦ |


## :: જાહેર હરરાજી ::

આથી જાણ કરવામાં આવે છે કે, શ્રી પ્રાથમિક શાળા રાણપર, ગામ : રાણપર, તા.બાબરા, જિ.અમરેલીના જર્જરીત થયેલ સ્લેબ વાળા ૨ રૂમ અને એક મધ્યાહ્ન ભોજન રસોડાની હરરાજી તા.૦૭/૧૧/૨૦૨૬ ને શનિવારના રોજ ૧૦:૦૦ કલાકે રાણપર પ્રાથમિક શાળા ખાતે રાખવામાં આવેલ છે. તે હરરાજીમાં ભાગ લેવા ઈચ્છતા હોય તેમણે હાજર રહેવા જાણ કરવામાં આવે છે, હરરાજી અંગેની બોલીઓ અને શરતો સ્થળ પર વાંચી સંભળાવવામાં આવશે.

**ખાસ નોંધ :** હરરાજીમાં ભાગ લેનારે રૂા.૨,૦૦૦/– ડીપોઝીટ સ્થળ પર ભરવાની રહેશે.

હરરાજીમાં ઈમલો રાખનારે હરરાજીની કુલ કિંમતનાં ૪૦% રકમ સ્થળ પર ભરવાની રહેશે.

સોલંકી પરેશભાઈ એલ.
સરપંચશ્રી
રાણપર ગ્રામ પંચાયત, તા.બાબરા,જી. અમરેલી

કે.ડી. વાઘેલા
આચાર્યશ્રી
રાણપર પ્રા.શાળા,રાણપર, તા.બાબરા,જી. અમરેલી

રાણપર પ્રામિક શાળા,મુ.રાણપર, તા.બાબરા,જી. અમરેલી


## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૭૦૦ | ૧૯૪૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૨૫ | ૫૮૪ |
| ૩ | ચણા સફેદ | ૧૩૪૨ | ૧૩૪૨ |
| ૪ | મગફળી | ૯૫૦ | ૧૪૦૨ |
| ૫ | ચણા | ૧૦૦૦ | ૧૪૦૦ |
| ૬ | લસણ | ૩૪૫ | ૪૪૫ |
| ૭ | ધાણા | ૨૪૪૦ | ૩૦૦૦ |
| ૮ | સોયાબીન | ૧૦૫૦ | ૧૩૯૨ |
| ૯ | તલ કાળા | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ૧૦ | જુવાર | ૭૩૫ | ૭૩૫ |
| ૧૧ | તલ સફેદ | ૧૭૨૦ | ૩૨૧૫ |
| ૧૨ | અડદ | ૧૮૨૫ | ૧૯૦૦ |
| ૧૩ | મકાઈ | ૪૦૦ | ૪૦૦ |
| ૧૪ | શીંગદાણા | ૧૪૯૦ | ૧૬૫૫ |

## પાના ૧ ઉપરનું ચાલું બાબરા પંથકમાંથી ૨૪૭૪ અને વંડા પંથકમાંથી

ઈશારો કરતા ફોરવ્હીલ ચાલકે પોતાના હવાલાવાળી ફોરવ્હીલ કાર ઉભી રાખેલ નહી. જેથી પોલીસ સ્ટાફે ગાડી આગળ લાકડી આડી કરતા કારચાલક ગાડી ભગાડવા પ્રયાસ કરેલ અને લાકડીથી ગાડીના કાચ ફુટી ગયેલ અને ગાડીમાંથી બે ઈસમો ભાગવા જતા તેઓને દોડીને કોર્ડન કરી પકડી લીધેલ. તેમજ ક્રેટા કાર ચેક કરતા અલગ અલગ બ્રાન્ડના ભારતીય બનાવટની વિદેશી દારૂની બોટલો હોય જે બોટલો ગણી જોતા નંગ–૨૪૭૪, કિં. રૂા. ૪,૩૭,૮૪૪ તથા ક્રેટા કાર કિંમત રૂા. ૧૦,૦૦,૦૦૦ તથા બે મોબાઈલ ફોન કિં. રૂા. ૧૫,૦૦૦ ગણી કુલ કિં. રૂા. ૧૪,૫૨,૮૪૪નો મુદ્દામાલ તપાસ અર્થે કબ્જે કરેલ છે તેમજ બંન્ને આરોપીઓ વિરૂદ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળ કાર્યવાહી કરેલ છે.

(૧) શ્રવણકુમાર બાબુલાલ બોલા (ઉ.વ. ૨૧) ધંધો. મજુરી, રહે. બોલો કા પાડા, ગોડા તા. સેરવા, જી. બાડમેર રાજય–રાજસ્થાન, (૨) સુનીલ ભીખારામ ગોદારા (ઉ.વ. ૨૦) ધંધો.મજુરી રહે.કુંડકી પોસ્ટ–કેરીયા તા.ચીતલવાના જી.જાલોર રાજય–રાજસ્થાનની વિરૂધ્ધ ધી ગુજરાત પ્રોહીબીશન એકટ હેઠળ કાર્યવાહી કરવામાં આવી છે.

વંડા

વંડા પોલીસ સ્ટેશન વિસ્તારનાં વિરડી ગામથી નાળ ગામ નવાના રસ્તેથી ઘાસચારાની આડકમાં બોલેરોમાંથી અલગ અલગ બ્રાન્ડની વિદેશી દારૂની બોટલ નં.–૨૦૪૦ (પેટી નંગ–૧૦૨) કિંમત રૂપિયા ૪,૬૭,૨૮૦, મોબાઈલ ફોન નં.–૨ કિંમત રૂા. ૧૦,૦૦૦ તેમજ બોલેરો પીકઅપ જેની કિંમત રૂપિયા ૫,૦૦,૦૦૦ મળી કુલ કિંમત રૂપિયા ૯,૭૭,૨૮૦નાં મુદામાલ સાથે બે ઈસમને પકડી પાડવામાં આવેલ છે.

વંડા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર એન.જી. સાપરાની સુચના અને માર્ગદર્શન હેઠળ વંડા પોલીસ ટીમ કોમ્બીંગ ના.રા. માં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન બાતમી મળેલ કે વિરડી ગામથી નવા ગામ જવાના રસ્તે એક બોલેરો પીકઅપ ઘાસચારાની આડમાં વિદેશી દારૂ લઈ જનાર હોય. જે અન્વયે વંડા પોલીસ ટીમ દ્વારા કોમ્બીંગ ના.રામા પ્રોહીબીશન લગત મુદામાલ પકડી પાડી વંડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં. ૧૧૧૯૩૦૬૧૨૬૦૧૪૯/૨૦૨૬ પ્રોહી. એકટ કલમ–૬૫ એઈ, ૧૧૬ (બી), ૮૧, ૮૮, ૯૮(૨) મુજબ પ્રોહીબીશન એકટ હેઠળ ગુન્હો દાખલ કરી ધોરણસર કાર્યવાહી કરવામાં આવેલ છે.

(૧) ગોપાલભાઈ સુરેશભાઈ ડાભી ધંધો ડ્રાઈવીંગ રહે. વિરડી નેરા પાસે તા. સાવરકુંડલા (૨) રોહિતભાઈ ઉર્ફે લાલજી મનુભાઈ દાણીધારીયા ધંધો ડ્રાઈવીંગ રહે. વિરડી, પ્રાથમિક શાળા પાસે, તા. સાવરકુંડલાની અટકાયત કરવામાં આવી છે.

જયારે (૧) વિવેક ગુજરીયા રહે. કામરેજ, સુરત (ઈંગ્લીશ દારૂનો જથ્થો બોલેરોમાં ભરી આપનાર) (૨) ઈંગ્લીશ દારૂનો જથ્થે મંગાવનાર અજાણ્યો ઈસમ સહિત ૨ ને પકડવાનાં બાકી છે.


## ॥ જાહેર નોટિસ ॥

આથી હું **હીતેષકુમાર એમ. મીઠાપરા** (એડવોકેટ) તે અમારા અસીલશ્રીની સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપવામાં આવે છે કે, અમારા અસીલશ્રી નીચેના પરિશિષ્ટમાં દર્શાવેલ મિલ્કત નીચેની વિગતે ખરીદ કરેલ છે.

**પરિશિષ્ટ**

**ગુજરાત રાજયના અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનાં મોજે :– ગમાપીપળીયા ગામના,ખાતા નં.–૧૧૨૬ બ્લોક/સર્વે ૨૯૧ પૈકીઉ જમીન હે.આરે. ૧–૦૨–૧૮, ચો.મી. વાળી પિયત/પિયત ખેતીની જમીનમાંથી કુલ હે.આરે. ૧–૦૨–૧૮ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ મનસુખભાઈ શામજીભાઈ સાવલીયા પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકવી ખરીદ કરવા માંગે છે.**

**પિયત ખેતીની જમીનમાંથી કુલ હે.આરે.૧–૦૨–૧૮ ચો.મી.વાળી જમીન અમારા અસીલશ્રીએ, મનસુખભાઈ શામજીભાઈ સાવલીયા પાસેથી વેચાણ દસ્તાવેજ કરી યોગ્ય અવેજ ચુકતા ખરીદ કરવા માંગે છે.**

સદરહું મિલ્કત પરત્વે કોઈ વ્યકિત, સંસ્થા કે કોઈપણનો વેચાણ, ગીરો, બક્ષિસ કે અન્ય કોઈપણ પ્રકારનો હકકહિત હોય, બોજો, ચાર્જ, લીયન, ભરણપોષણ કે અન્ય કોઈ હકક હોય કે સદરહું જમીન માટેના કબ્જા બાબતે કોઈને વાદ – વિવાદ હોય કે મિલ્કત પરત્વે કોઈ કરાર/લખાણ કે અન્ય કોઈ પ્રકારનો હકક/વિવાદ હોય તો આ નોટીસ પ્રસિધ્ધ થયે દિન–૦૮ (આઠ)માં નીચેના સરનામે લેખીતમાં રૂબરૂ અથવા રજી.એડીથી જાણ કરવી. દિવસ–૦૮ નો સમય વિત્યાબાદ કોઈના આ અંગે હરકત, વાંધા, તકરાર, સરખું નથી, અને જો હોય તો તેમણે સ્વૈચ્છાએ જતા (વેઈવ) કરેલ છે. તેમ માની અમારા અસીલશ્રી દસ્તાવેજ બનાવવા કાર્યવાહી હાથ ધરશે. અને આ અંગેની કોઈ જ તકરાર ગ્રાહય રાખવામાં આવશે નહી જેની લાગતા વળગતા સર્વેએ નોંધ લેવી.

તારીખ : ૨૮/૧૦/૨૦૨૬, બુધવાર
મામલતદાર ઓફીસ સામે,મર્કેનટાઈલ બેંક નીચે, મુ. બાબરા. જિ. અમરેલી,
મો. ૯૯૨૫૦ ૧૬૦૨૮

તે અમારા અસીલશ્રીની સુચના અનુસાર
**હિતેષભાઇ એમ. મીઠાપરા**
(એડવોકેટ)



### માત્ર ૧૭ જિલ્લાનો ડેટા રજૂ થતાં અરજદારનો વાંધો

# રખડતાં કૂતરાંના ખસીકરણ મુદ્દે ગુજરાત સરકારનું હાઇકોર્ટમાં સોગંદનામું

## રાજ્યની ૭૯,૧૫૦ સરકારી અને જાહેર સંસ્થાઓમાં તપાસ કર્યાનો સરકારનો દાવો, તમામ જિલ્લાનો સંપૂર્ણ અહેવાલ રજૂ કરવા હાઇકોર્ટનો નિર્દેશ

અમદાવાદ,તા.૨૮

ગુજરાતમાં રખડતાં કૂતરાંના ખસીકરણ અને રસીકરણના મુદ્દે ગુજરાત હાઈકોર્ટમાં સુનાવણી દરમિયાન રાજ્ય સરકાર દ્વારા સોગંદનામું રજૂ કરવામાં આવ્યું છે. જોકે, કૂતરાંના ખસીકરણ અને રસીકરણ અંગે માત્ર ૧૭ જિલ્લાનો ડેટા રજૂ થતાં અરજદાર તરફથી વાંધો ઉઠાવવામાં આવ્યો હતો. સરકારે સ્વીકાર્યું હતું કે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં હજુ સુધી એનિમલ બર્થ કંટ્રોલ (ABC) સેન્ટર ઉપલબ્ધ નથી. આ મામલે હાઈકોર્ટે તમામ જિલ્લાઓનો સંપૂર્ણ ડેટા રજૂ કરવા જણાવ્યું છે અને વધુ સુનાવણી આવતા અઠવાડિયે રાખવામાં આવી છે.

સુપ્રીમ કોર્ટના નિર્દેશ અનુસાર રખડતાં કૂતરાં અને ઢોરના વ્યવસ્થાપન અંગે રાજ્ય સરકારે સમયાંતરે અહેવાલ રજૂ કરવાનો છે. આ સંદર્ભમાં ગુજરાત હાઈકોર્ટ સમક્ષ થયેલી સુનાવણી દરમિયાન સરકારે સોગંદનામું રજૂ કર્યું હતું.

અરજદાર તરફથી એડવોકેટ મેધા જાનીએ રજૂઆત કરી હતી કે છેલ્લા છ મહિનામાં કેટલાં કૂતરાંનું ખસીકરણ અને રસીકરણ કરવામાં આવ્યું તેની વિગતો માત્ર ૧૭ જિલ્લાની જ રજૂ કરવામાં આવી છે. બાકીના ૧૭ જિલ્લાનો સંપૂર્ણ ડેટા ઉપલબ્ધ ન હોવા અંગે પણ સવાલ ઉઠાવવામાં આવ્યો હતો.અરજદારના જણાવ્યા અનુસાર, રાજ્યમાં રખડતાં કૂતરાંની વસતી નિયંત્રિત કરવા માટે હાથ ધરવામાં આવતી કામગીરીની સ્પષ્ટ અને જિલ્લાવાર વિગતો કોર્ટ સમક્ષ રજૂ થવી જરૂરી છે. આ ઉપરાંત કૂતરાંને આપવામાં આવતી રસી, તેની કંપની અને સંભવિત આડઅસરો અંગે પણ વધુ માહિતી માગવામાં આવી હતી.

સરકાર તરફથી રજૂઆત કરવામાં આવી હતી કે રાજ્યના કેટલાક જિલ્લાઓમાં એનિમલ બર્થ કંટ્રોલ સેન્ટર ઉપલબ્ધ નથી. વડોદરામાં ખસીકરણ માટે પૂરતી માળખાકીય સુવિધા અને ક્ષમતા હોવાથી આસપાસના જિલ્લાઓમાંથી રખડતાં કૂતરાંને ત્યાં લાવીને ખસીકરણ કરવામાં આવ્યું હતું.

આ કારણોસર કેટલાક જિલ્લાઓના અહેવાલમાં ખસીકરણનો આંકડો શૂન્ય દર્શાવવામાં આવ્યો હોવાનું સરકારે જણાવ્યું હતું. જોકે, સરકારે એવો દાવો પણ કર્યો હતો કે શૂન્ય આંકડો દર્શાવવાનો અર્થ એ નથી કે સંબંધિત જિલ્લામાં કામગીરી કરવામાં આવી નથી.આ મુદ્દે હાઈકોર્ટે જિલ્લાવાર આંકડાઓની સ્પષ્ટતા અંગે સવાલો ઉઠાવ્યા હતા. તમામ જિલ્લાઓની કામગીરીનો ચોક્કસ અને સંપૂર્ણ હિસાબ રજૂ કરવો કેટલો જરૂરી છે તે બાબત સુનાવણી દરમિયાન મહત્ત્વની બની હતી. રાજ્ય સરકારે કોર્ટને જણાવ્યું હતું કે સુપ્રીમ કોર્ટના આદેશના અનુસંધાનમાં રાજ્યની કુલ ૭૯,૧૫૦ સરકારી અને જાહેર સંસ્થાઓમાં તપાસ કરવામાં આવી છે. તેમાં શાળાઓ, આંગણવાડીઓ, હોસ્પિટલો, બસ ડેપો અને ગ્રામ પંચાયતોની કચેરીઓ સહિતની સંસ્થાઓનો સમાવેશ થાય છે.આ કામગીરીના સંચાલન માટે વધુ છથી સાત નોડલ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી હોવાનું પણ જણાવાયું હતું. સરકારના દાવા મુજબ, રસીકરણ અને ખસીકરણ બાદ આ સંસ્થાઓનાં પરિસરમાં કૂતરાંની સંખ્યામાં વધારો થયો નથી. આ ઉપરાંત આશરે ૧૧૪ શૈક્ષણિક સંસ્થાઓને રખડતાં કૂતરાંથી સંપૂર્ણપણે મુક્ત કરવામાં આવી હોવાનો દાવો પણ કરવામાં આવ્યો હતો.

સુનાવણી દરમિયાન સરકારે તમામ જિલ્લાઓમાંથી સંપૂર્ણ માહિતી એકત્રિત કરીને રજૂ કરવા માટે વધુ સમય માગ્યો હતો. હાઈકોર્ટે આ મામલે જરૂરી નિર્દેશ આપીને વધુ સુનાવણી આવતા અઠવાડિયે રાખી છે.

હવે આગામી સુનાવણીમાં સરકાર જિલ્લાવાર ખસીકરણ અને રસીકરણના આંકડા, ABC સેન્ટરની ઉપલબ્ધતા તથા કામગીરીની વિગતો કેવી રીતે રજૂ કરે છે તેના પર નજર રહેશે. રાજ્યમાં રખડતાં કૂતરાંની સમસ્યાના વ્યવસ્થિત ઉકેલ માટે પારદર્શક માહિતી અને અસરકારક અમલીકરણ મહત્ત્વનાં બની રહેશે.

### CJIએ કહ્યું- તેનાથી મુખ્ય કેસોમાં વિલંબ થશે

# દરેક અટકેલા હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ મંચ બની શકે નહીં

## સુપ્રીમ કોર્ટે અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારોની સતત અરજીઓ પર ચિંતા વ્યક્ત કરી છે

નવી દિલ્હી, તા.૨૮

સુપ્રીમ કોર્ટે અટકેલા રિયલ એસ્ટેટ પ્રોજેક્ટ્સના ઘર ખરીદદારો દ્વારા સતત દાખલ કરવામાં આવી રહેલી અરજીઓ અંગે ચિંતા વ્યક્ત કરી છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, જો દરેક હાઉસિંગ પ્રોજેક્ટ સાથે જોડાયેલા મામલાની અલગ-અલગ સુનાવણી શરૂ કરવામાં આવશે, તો મુખ્ય કેસમાં આખરી ચુકાદો આપવો મુશ્કેલ બની જશે. જસ્ટિસ જોયમાલ્ય બાગચીએ નોંધ્યું કે, ભારતમાં દરેક સમસ્યાગ્રસ્ત હાઉસિંગ પ્રોજેક્ટ માટે સુપ્રીમ કોર્ટ એક પ્લેટફોર્મ બની શકે નહીં. કોર્ટે એ પણ ઉમેર્યું કે, મુખ્ય કેસ પર આવનારો નિર્ણય આવા જ વિવાદો ઉકેલી રહેલી હાઈકોર્ટ માટે દિશા-નિર્દેશનું કામ કરશે.

સુનાવણી દરમિયાન એક અરજદારના વકીલે દલીલ કરી હતી કે, જે પ્રોજેક્ટ્સની વાત થઈ રહી છે, તે હાલમાં સુપ્રીમ કોર્ટ સમક્ષ વિચારાધીન મુખ્ય કેસનો ભાગ નથી અને ઘર ખરીદદારોને રાહત મળી રહી નથી. તેના પર ઝત્તૈં સૂર્યકાંત એ કહ્યું કે, જો એક પ્રોજેક્ટના ખરીદદારો સુપ્રીમ કોર્ટ પહોંચશે, તો તે જ પ્રોજેક્ટ સાથે જોડાયેલા બીજા ૨૦૦ લોકો પણ અરજી લઈને આવી શકે છે, જેનાથી સુનાવણીની પ્રક્રિયા ક્યારેય પૂરી થશે નહીં.

અરજદારોને મુખ્ય કેસના ચુકાદાની રાહ જોવા અથવા સંબંધિત હાઈકોર્ટનો સંપર્ક કરવા જણાવવામાં આવ્યું છે. ઝત્તૈં એ કહ્યું કે, સુપ્રીમ કોર્ટ કોઈપણ મામલે આખરી અભિપ્રાય આપે તે પછી હાઈકોર્ટો તેનાથી અલગ વલણ અપનાવી શકતી નથી. તેથી મુખ્ય નિર્ણય આવ્યા પછી પણ અરજદારો પાસે કાનૂની રાહત મેળવવાના વિકલ્પો ખુલ્લા રહેશે.

### ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા પાંચ મેચોની શ્રેણીમાંથી બહાર

# ન્યૂઝીલેન્ડ સામેની વનડે શ્રેણી પહેલાં ટીમ ઈન્ડિયાને મોટો ઝટકો

## ભારતીય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા હજુ સુધી હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો થયો નથી

નવી દિલ્હી, તા.૨૮

ભારતીય ફાસ્ટ બોલર પ્રસિદ્ધ કૃષ્ણા ન્યુઝીલેન્ડ સામેની આગામી પાંચ વનડે મેચોની શ્રેણીમાં રમશે નહીં. તે હજુ સુધી હેમસ્ટ્રિંગની ઈજામાંથી સંપૂર્ણપણે સાજો થયો નથી. ભારત અને ન્યુઝીલેન્ડ વચ્ચેની વનડે શ્રેણી ૪ નવેમ્બરથી શરૂ થવાની છે.વેસ્ટ ઈન્ડિઝ સામેની ઘરઆંગણે રમાયેલી વનડે શ્રેણી દરમિયાન પ્રસિદ્ધ કૃષ્ણાને ઈજા થઈ હતી. તે હાલમાં સ્વસ્થ થઈ રહ્યો છે અને ૧ તથા ૨ નવેમ્બરે બેંગલુરુ સ્થિત સેન્ટર ઓફ એક્સેલન્સ ખાતે તેની મેચ સિમ્યુલેશન અને ફિટનેસ ટેસ્ટ આપશે. સૂત્રના જણાવ્યા અનુસાર, ટીમ મેનેજમેન્ટ અને પસંદગી સમિતિનું માનવું છે કે પ્રસિદ્ધે વનડેને બદલે ટેસ્ટ ક્રિકેટ માટે સંપૂર્ણ ફિટનેસ મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ, કારણ કે ટેસ્ટ ફોર્મેટમાં તેની વધારે જરૂર છે. જમ્મુ-કાશ્મીરના ફાસ્ટ બોલર આકિબ નબીને પ્રસિદ્ધ કૃષ્ણાના સ્થાને ભારતીય વડે ટીમમાં સામેલ કરવામાં આવી શકે છે. લિંકન ખાતે ભારત છ અને ન્યુઝીલેન્ડ છ વચ્ચે રમાયેલી પ્રથમ અનૌપચારિક રેડ-બોલ મેચમાં આકિબે પોતાના પ્રદર્શનથી સૌને પ્રભાવિત કર્યા હતા. હવે એ જોવાનું રહે છે કે પસંદગીકારો પ્રસિદ્ધ કૃષ્ણાના સ્થાને આકિબ નબીને ટીમમાં સામેલ કરશે કે પછી કોઈ અન્ય વિકલ્પ પર વિચાર કરશે.

ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે વનડે કાર્યક્રમ
પ્રથમ વનડેઃ ૪ નવેમ્બર, ૨૦૨૬, ઓકલેન્ડ
બીજી વનડેઃ ૭ નવેમ્બર, ૨૦૨૬, વેલિંગ્ટન, ત્રીજી વનડેઃ ૧૦ નવેમ્બર, ૨૦૨૬, હેમિલ્ટન,ચોથી વનડેઃ ૧૩ નવેમ્બર, ૨૦૨૬, માઉન્ટ મૌંગાનુઈ
પાંચમી વનડેઃ ૧૫ નવેમ્બર, ૨૦૨૬, માઉન્ટ મૌંગાનુઈ,ન્યૂઝીલેન્ડ પ્રવાસ માટે ટેસ્ટ કાર્યક્રમ પ્રથમ ટેસ્ટઃ ૧૯ નવેમ્બર, ૨૦૨૬, વેલિંગ્ટન, બીજી ટેસ્ટઃ ૨૭ નવેમ્બર, ૨૦૨૬, ક્રાઈસ્ટચર્ચ,ન્યૂઝીલેન્ડ પ્રવાસની પ્રથમ ત્રણ વનડે માટે ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, શ્રેયસ અય્યર (વાઈસ કેપ્ટન), કે.એલ. રાહુલ (વિકેટકીપર), નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધીર, અંશુલ કંબોજ, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, ઈશાન કિશન (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ અને કુલદીપ યાદવ. ન્યૂઝીલેન્ડ પ્રવાસની છેલ્લી બે વનડે માટે ભારતીય ટીમઃ શ્રેયસ અય્યર (કેપ્ટન), રોહિત શર્મા, વિરાટ કોહલી, તિલક વર્મા, ઈશાન કિશન (વિકેટકીપર અને વાઈસ-કેપ્ટન), નીતિશ કુમાર રેડ્ડી, અક્ષર પટેલ, નમન ધીર, આકિબ નબી, ગુરનૂર બ્રાર, ઋતુરાજ ગાયકવાડ, અર્શદીપ સિંહ, કુમાર કુશાગ્ર (વિકેટકીપર), મોહમ્મદ સિરાજ, યશ ઠાકુર અને કુલદીપ યાદવ. ટેસ્ટ શ્રેણી માટેની ભારતીય ટીમઃ શુભમન ગિલ (કેપ્ટન), યશસ્વી જયસ્વાલ, કેએલ રાહુલ (વાઈસ-કેપ્ટન), દેવદત્ત પડિકલ, ઋષભ પંત (વિકેટકીપર)*, ધ્રુવ જુરેલ (વિકેટકીપર), રવિન્દ્ર જાડેજા, અંશુલ કંબોજ, જસપ્રિત બુમરાહ, પ્રસિદ્ધ કૃષ્ણા, આકાશ દીપ, સાઈ સુદર્શન, નીતિશ કુમાર રેડ્ડી, વોશિંગ્ટન સુંદર, કુલદીપ યાદવ અને મોહમ્મદ સિરાજ.

# સાવરકુંડલા : ઉતાવળા હનુમાન મંદિર ખાતે સર્વરોગ આયુર્વેદ નિદાન અને સારવાર કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૨૮

આજરોજ તા. ૨૮/૧૦/૨૦૨૬ને બુધવારનાં રોજ નિયામક આયુષની કચેરી, ગુજરાત રાજય તથા જિલ્લા આયુર્વેદ અધિકારી અમરેલીનાં માર્ગદર્શન અંતર્ગત તેમજ આરએસએસ સંચાલિત ડો. હેડગેવાર સેવા સમિતિ, સાવરકુંડલાનાં સહયોગથી સરકારી આયુર્વેદ દવાખાનું, ખડકાળા (તા. સાવરકુંડલા, જી. અમરેલી) દ્વારા ઉતાવળા હનુમાન મંદિર, હાથસણી રોડ, સાવરકુંડલા ખાતે એક ભવ્ય ''સર્વરોગ આયુર્વેદ નિદાન તથા સારવાર કેમ્પ''નું સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

આ આયુર્વેદિક નિદાન કેમ્પમાં ઉપસ્થિત ગ્રામજનોને સ્વાસ્થ્ય અંગે વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કેમ્પની વિશેષતા એ રહી કે, અહીં દર્દીઓની તપાસ અને નિદાન ઉપરાંત તેમને આયુર્વેદ અનુસાર દિનચર્યા (રોજીંદી જીવનશૈલી) તથા ઋતુચર્યા (ઋતુ અનુસાર આહાર-વિહાર)નું સચોટ માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું હતું. આ સાથે જ આરોગ્ય લક્ષી પત્રિકાઓનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું, જેનો સ્થાનિક બહોળી સંખ્યામાં લોકોએ લાભ લીધો હતો અને આયુર્વેદિક ઉપચાર પદ્ધતિ અપનાવવા ઉત્સાહ દાખવ્યો હતો.

આ લોક ઉપયોગી સેવાયજ્ઞને સફળ બનાવવા માટે વૈદ્ય કૌશલ ગોંડલીયા તેમજ ડો. હેડગેવાર સેવા સમિતિનાં અગ્રણીઓ વિનાયકભાઈ પરમાર, પંકજભાઈ વ્યાસ, અશોકભાઈ અગ્રાવત, ગિરીશભાઈ નાંદોલીયા, કૌશિકભાઈ બોરીસાગર, ભાભલુભાઈ ખુમાણ, અરજણભાઈ રબારી અને હિરેન ડાભીએ પોતાની ઉત્સાહભેર સેવાઓ આપી હતી.

### અધિકૃત વિક્રેતા પાસેથી જ ખરીદી કરી પાકું બિલ મેળવો

# શિયાળુ સીઝનમાં બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદીમાં સાવચેતી રાખવા ખેડૂતોને અનુરોધ

## મુદ્દત પૂરી થયેલાં ઇનપુટસની ખરીદી ટાળવા અપીલ

અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાનાં ખેડૂતોને શિયાળુ સીઝન દરમિયાન ખેતી માટે જરૂરી બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓની ખરીદી કરતી વખતે ખાસ સાવચેતી રાખવા અનુરોધ કરવામાં આવે છે. ખેતીમાં ઉપયોગમાં લેવાતાં આ ઈનપુટસની ખરીદી માત્ર અધિકૃત લાયસન્સ અથવા પરવાનો ધરાવતી સહકારી મંડળીઓ, સરકારી સંસ્થાઓ તથા ખાનગી વિક્રેતાઓ પાસેથી જ કરવી જોઈએ. ખેડૂતો છેતરપીંડીથી બચી શકે તે માટે લાયસન્સ કે પરવાનો ન ધરાવતી વ્યક્તિઓ, પેઢીઓ, ફેરિયાઓ કે અન્ય લેભાગુ તત્વો પાસેથી બિયારણ, ખાતર અને જંતુનાશક દવાઓની ખરીદી ન કરવા ખાસ કાળજી રાખવી જરૂરી છે.

ખેડૂતોએ ખરીદી કરતી વખતે વેપારી પાસેથી લાયસન્સ નંબર, પૂરૂ નામ, સરનામું, ખરીદેલ ઈનપુટનું નામ, લોટ નંબર સહિતની જરૂરી વિગતો દર્શાવતું પાકું બિલ વેપારીની સહી સાથે અવશ્ય મેળવી લેવું. આ ઉપરાંત, મુદ્દત પૂરી થઈ ગયેલાં બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓની ખરીદી ટાળવી અને ખેતીમાં હંમેશાં વૈજ્ઞાનિક ભલામણ મુજબ જ બિયારણ, ખાતર તથા જંતુનાશક દવાઓનો ઉપયોગ કરવો જોઈએ.

જિલ્લામાં કયાંય અનધિકૃત રીતે અથવા ભળતાં નામે અમાન્ય બિયારણ, ખાતર કે જંતુનાશક દવાઓનું વેચાણ થતું હોવાનું ધ્યાને આવે, તો ખેડૂતોએ તાત્કાલિક સંબંધિત તાલુકાના ખેતીવાડી અધિકારી અથવા નાયબ ખેતી નિયામક (વિસ્તરણ), અમરેલીનો સંપર્ક કરી જાણ કરવા અનુરોધ કરવામાં આવ્યો છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

# સાવરકુંડલામાં 'સ્વદેશી મેળો ૨૦૨૬'નો ભવ્ય પ્રારંભ



સાવરકુંડલા, તા. ૨૮

સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન અને 'વોકલ ફોર લોકલ'ના સંકલ્પ સાથે સાવરકુંડલા નગરપાલિકા ગ્રાઉન્ડ ખાતે ગુજરાત શહેરી આજીવિકા મિશન (GULM) અંતર્ગત 'સ્વદેશી મેળો–૨૦૨૬' (શોપિંગ ફેસ્ટિવલ) નો ભવ્ય શુભારંભ થયો છે.

નગરપાલિકાના પ્રમુખ, ઉપપ્રમુખ, કારોબારી ચેરમેન, અને ચીફ ઓફિસર સહિતના મહાનુભાવોની ઉપસ્થિતિમાં દીપ પ્રાગટય દ્વારા મેળાને ખુલ્લો મૂકવામાં આવ્યો હતો.

આ મેળો તારીખ ૨૭ ઓક્ટોબરથી ૫ નવેમ્બર, ૨૦૨૬ સુધી સવારે ૧૦:૦૦ થી રાત્રિના ૧૦:૦૦ કલાક સુધી નાગરિકો માટે ખુલ્લો રહેશે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા તમામ નગરજનોને પરિવાર સાથે પધારીને આ શોપિંગ ફેસ્ટિવલનો લાભ લેવા અને 'વોકલ ફોર લોકલ' અભિયાનને સફળ બનાવવા અપીલ કરવામાં આવી છે.

### અધિક જિલ્લા મેજીસ્ટ્રેટે જાહેરનામુ પ્રસિધ્ધ કર્યુ

# અમરેલી જિલ્લામાં ચાઈનીઝ કાચવાળી દોરી-તુક્કલ, માંઝા, પ્લાસ્ટીક દોરીનાં ખરીદ-વેચાણ સંગ્રહ પર પ્રતિબંધ

## જનતાની લાગણી દુભાય તેવા લખાણો પતંગ પર લખવા નહીં

અમરેલી, તા. ૨૮

અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ એ.એ. ડોડિયાએ ભારતીય નાગરિક સુરક્ષા સંહિતાની કલમ–૧૬૩ અંતર્ગત પ્રતિબંધાત્મક આદેશ ફરમાવતું જાહેરનામું પ્રસિદ્ધ કર્યું છે.

અમરેલી જિલ્લામાં ચાઈનીઝ માંઝા, નાયલોન પ્લાસ્ટિક દોરી, ગ્લાસ કોટેડ નાઈલોન થ્રેડ (કાચ પાયેલી) તથા અન્ય હાનિકારક પદાર્થોથી કોટીંગ ધરાવતી હોય તેવી દોરી તેમજ પતંગ ચગાવવા માટે ઉપયોગમાં લેવાતા હાનિકારક પદાર્થોનાં વેચાણ, ખરીદી કે ઉપયોગ પ્રતિબંધિત છે.જિલ્લામાં ચાઈનીઝ સ્કાય લેન્ટર્ન તુક્કલ, મીણનાચોસલા બળતણ તરીકે વપરાયા હોય, આગ ઉત્પન્ન કરે તેવા તુક્કલ, પતંગ ઉડાડવાનાં હેતુસર ધાતુના તાર કે મેગ્નેટિક ઓડિયો ટેપ કે તેવી હાનિકારક કોઈ વસ્તુઓની ખરીદી, વેચાણ, બક્ષિસ કે ભેટ તરીકે ઉપયોગ કરવી કે ઉડાડી શકશે નહિ. જિલ્લાનાં વેપારીઓ, વ્યક્તિ કે સંસ્થાઓએ આ બાબતે ધ્યાન રાખવાનું રહેશે.

વ્યક્તિને જાનનું જોખમ થાય તેવી રીતે જાહેરમાર્ગ–રસ્તા–ફૂટપાર્થ, ભયજનક ધાબા–અગાશી–છત પર પતંગ ઉડાડવા નહિ કે પતંગને પકડવા દોડવું નહીં.

જનતાની લાગણી દુભાય તે પ્રકારનાં ઉશ્કેરણીજનક લખાણો પતંગ પર લખવા નહિ, આવું લખાણ હોય તો તેવા પતંગ ઉડાડવા નહીં. કપાયેલા પતંગ અને દોરાઓ મેળવવા માટે હાથમાં લાંબા ઝંડાઓ, વાંસનાં બાંબુઓ–પટ્ટીઓ, લોખંડ કે કોઈપણ ધાતુનાં તારનાં લંગર બનાવીને આમ–તેમ શેરીઓ, ગલીઓ જાહેર રસ્તાઓ પર દોડાદોડી કરવા પર તેમજ ટેલિફોન કે ઈલેકિટ્રકનાં તાર પર લોખંડ કે કોઈપણ ધાતુનાં તાર, લંગર નાખવા નહિ કે તારમાં ભરાઈ ગયા હોય તેવા પંતગ કે દોરીઓ કાઢવા પ્રયત્નો કરવા નહિ.

જાહેર માર્ગો પર ઘાસચારાનું વેચાણ કરવું નહિ. જાહેર રસ્તા પર ગાય–પશુઓને ઘાસચારો નાખી ટ્રાફિક અવરોધવો નહિ. જનતાને ત્રાસ થાય તે રીતે ખૂબ મોટા અવાજમાં લાઉડ સ્પીકર વગાડવા નહિ.

પતંગ ઉડાડવા–ચગાવવાનાં હેતુથી ચોખાનાં લોટ, મેંદો, છોડ આધારિત ગુંદર અને અન્ય સમાન ઘટકો જેવા કુદરતી એડહેસિવની મદદથી કાચનાં પાવડરનું કોટિંગ કરેલ ઓછી તીક્ષ્ણ શક્તિ ધરાવતો કોટન માંજો, જે સંપૂર્ણપણે તુટી શકે તેવા હોય અને પરંપરાગત પ્રક્રિયા દ્વારા બનાવવામાં આવેલા હોય તથા તેમાં તમામ ઘટકો–બાયોડિગ્રેડેબલ પદાર્થો હોવા જોઈએ તથા કોટનનાં દોરા પર કોટીંગ માટેનો કાચનો પાવડર ૧૦ ટકાથી વધુ ન હોવો જોઈએ તથા કોટનનાં દોરા પર કોટીંગ માટેનો કાચનો પાવડર ૧૦ ટકાથી વધુ ન હોવો જોઈએ, જયારે ઉકાળેલા ચોખાનાં સ્ટાર્ચ ૩૦ ટકા, મેંદો ૩૬ ટકા, કુદરતી ગુંદર અને રંગ ૨૪ ટકા કોટેડ સામગ્રીનો હોઈ શકે તથા કાચનો પાવડર જે કોટીંગ પદાર્થનો ૧૦ ટકા હોઈ શકે છે, પરંતુ કોટનનાં માંજાનું કુલ વજનનાં ૦૫ ટકાથી વધુ ન હોવું જોઈએ તેવો કોટનનો માંજો/દોરી વાપરી શકાશે.

આ હુકમ તા. ૧૨ ડિસેમ્બર, ૨૦૨૬ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા–૨૦૨૩ની કલમ–૨૨૩ની જોગવાઈઓ હેઠળ કાનૂની કાર્યવાહી થશે, તે સજાપાત્ર થશે.

### રાજકોટ મનપાની સફાઈ એજન્સીઓ સામે લાલ આંખ

# ડોર ટુ ડોર કચરા કલેક્શનમાં બેદરકારીની ફરિયાદો બાદ મનપાની કડક કાર્યવાહી

## બિલ અટકતાં સફાઈ કર્મચારીઓના પગાર પર પણ અસર થયાનો અહેવાલ, કામગીરીમાં સુધારો નહીં થાય તો વધુ કડક પગલાં લેવાની ચીમકી

રાજકોટ,તા.૨૮

રાજકોટ શહેરમાં સફાઈ અને ડોર ટુ ડોર કચરા કલેકશનની કામગીરીમાં બેદરકારીની ફરિયાદોને પગલે રાજકોટ મહાનગરપાલિકા (RMC)એ ત્રણ સફાઈ એજન્સીઓ સામે કડક વલણ અપનાવ્યું છે. મનપાએ H સ્વચ્છતા, એવરગ્રીન અને અર્હમ એજન્સીઓનાં અંદાજે ૩૨ કરોડનાં બિલ અટકાવી દીધાં છે. શહેરમાં નિયમિત રીતે કચરો એકત્રિત ન થતો હોવાની અને સફાઈની કામગીરીમાં અનિયમિતતા હોવાની ફરિયાદો બાદ આ કાર્યવાહી કરવામાં આવી હોવાનું જાણવા મળ્યું છે. આ નિર્ણયને પગલે સફાઈ કોન્ટ્રાક્ટની કામગીરી અને કર્મચારીઓના પગારનો મુદ્દો પણ ચર્ચામાં આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર, રાજકોટ શહેરમાં ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શન અને સફાઈની કામગીરી માટે વિવિધ એજન્સીઓને જવાબદારી સોંપવામાં આવી છે. જોકે, કેટલીક જગ્યાએ નિયમિત કચરો એકત્રિત ન થતો હોવા અને સફાઈની ગુણવત્તા અંગે ફરિયાદો ઊઠી હતી.

આ બાબતને ધ્યાનમાં રાખીને મનપાએ H સ્વચ્છતા, એવરગ્રીન અને અર્હમ એજન્સીઓનાં બિલ અટકાવવાનો નિર્ણય લીધો છે. અહેવાલ મુજબ, ત્રણેય એજન્સીઓનાં મળીને અંદાજે ૩૨થી ૩૩ કરોડનાં બિલની ચુકવણી રોકવામાં આવી છે. કામગીરીમાં સુધારો થાય અને નિર્ધારિત માપદંડોનું પાલન થાય તે દિશામાં મનપાએ આ પગલું ભર્યું હોવાનું જણાવાયું છે.

શહેરમાં સફાઈ વ્યવસ્થા માટે અંદાજે ૧,૨૦૦ કરોડના માતબર કોન્ટ્રાક્ટનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આટલી મોટી રકમના કોન્ટ્રાક્ટ હોવા છતાં જો શહેરના વિસ્તારોમાં કચરા કલેકશન અને સફાઈની કામગીરી યોગ્ય રીતે ન થાય તો નાગરિકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે.મનપાની કાર્યવાહી બાદ એજન્સીઓની કામગીરીની ગુણવત્તા, કોન્ટ્રાક્ટની શરતોનું પાલન અને કચરા કલેક્શનની નિયમિતતા જેવા મુદ્દાઓ મહત્ત્વના બન્યા છે. જોકે, દરેક એજન્સી સામેની ફરિયાદો અને બિલ અટકાવવાનાં ચોક્કસ કારણો અંગેની વિગતવાર સત્તાવાર માહિતી ઉપલબ્ધ અહેવાલમાં આપવામાં આવી નથી.

અહેવાલ મુજબ, મનપા ત્રણેય એજન્સીઓનાં બિલ અટકાવવાને કારણે સફાઈ કામગીરી સાથે સંકળાયેલા કર્મચારીઓના પગાર પર પણ અસર થઈ હોવાનો અહેવાલ છે. ડ્રાઈવરો, સફાઈ કામદારો અને કલીનરોને સમયસર પગાર ન મળવાની સમસ્યા ઊભી થઈ હોવાની વિગતો સામે આવી છે.

એક તરફ મનપા સફાઈની કામગીરીમાં જવાબદારી નક્કી કરવા કડક પગલાં લઈ રહી છે, તો બીજી તરફ બિલની ચુકવણી અટકવાથી મેદાન પર કામ કરતા કર્મચારીઓ આર્થિક મુશ્કેલીમાં મુકાય તેવી સ્થિતિ સર્જાઈ શકે છે. આથી એજન્સીઓની જવાબદારી નક્કી કરવાની સાથે કર્મચારીઓના પગારનો પ્રશ્ન પણ મહત્ત્વનો બન્યો છે.

અહેવાલ મુજબ, મનપા દ્વારા એજન્સીઓને સફાઈ અને કચરા કલેકશનની કામગીરી સુધારવા માટે કડક સંદેશ આપવામાં આવ્યો છે. નાગરિકોના આરોગ્ય અને શહેરની સ્વચ્છતા સાથે બાંધછોડ ન થાય તે માટે જવાબદાર એજન્સીઓ સામે કાર્યવાહી કરવાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યું છે.

હવે ત્રણેય એજન્સીઓ પોતાની કામગીરીમાં કેટલો સુધારો કરે છે અને અટકાવેલાં બિલની ચુકવણી અંગે મનપા શું નિર્ણય લે છે તે જોવું મહત્ત્વનું રહેશે. શહેરમાં નિયમિત કચરા કલેકશન અને સ્વચ્છતા જળવાય તે માટે મનપાની દેખરેખ અને એજન્સીઓની જવાબદારી બંને નિર્ણાયક બનશે.

હવે આપના અમરેલી જિલ્લાની નેત્ર ચિકિત્સા હોસ્પિટલમાં
મોઢા અને ગળાના કેન્સરના ઓપરેશન દ્વારા સારવાર
• જીભ તેમજ અન્ય મોઢાના અને ગળાના કેન્સરનું નિદાન અને સારવાર ની સુવિધા ઉપલબ્ધ.
• કાન -નાક -ગળા ને લગતી કોઈપણ તકલીફ માટે સારવાર રાહતદરે કરી આપવામાં આવશે.
આયુષ્માન ભારત યોજના મેડિક્લેઈમ સુવિધા
GSRTC (ST) માન્ય હોસ્પિટલ
ડો. હર્ષ બારોટ M.S., (ENT)
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત. ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૨ / ૨૩૩૯૯૯
વધુ માહિતી માટે 9978966629

## અમરેલી જિલ્લામાં રેતી ચોરીનું દુષણ બંધ થઈ શકતું જ નથી

# લીલીયા પંથકમાં રેતી ચોરીનાં બનાવમાં ૨ ડમ્પર ઝડપાયા

**અવારનવાર નિષ્ઠાવાન અધિકારીઓ રેતી ચોરી ઝડપે બાદમાં પૂન: ચોરી શરૂ**

**શેત્રુંજી નદીનાં પટ્ટમાંથી જગજાહેર અને તે પણ અવિરત થતી ચોરીનું દુષણ બંધ થતું નથી**

**શેઢાવદર અને આંબા પંથકમાંથી રૂપિયા ૯.૪૦ લાખનો મુદ્દામાલ ઝડપાયો**

**ખાણ-ખનિજ વિભાગે રેતી ચોરીનું દુષણ સંદતર બંધ કરાવવું જોઈએ**



લીલીયા મોટા, તા. ૨૮

લીલીયા પંથકમાં ખનિજ વિભાગ દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં બે ડમ્પર ઝડપી પાડવામાં આવતાં પંથકમાં ચર્ચા જાગી છે. શેઢાવદર અને આંબા ગામે હાથ ધરાયેલી આ કાર્યવાહી દરમિયાન લાખો રૂપિયાના મુદ્દામાલની વિગતો સામે આવી છે.

મળતી માહિતી મુજબ, શેઢાવદર ગામે શેત્રુંજી નદીના પુલ નજીક જી.જે.-૦૭ યુયુ-૪૬૫૬ નંબરનું ડમ્પર ખનિજ વિભાગે ઝડપી કાર્યવાહી હાથ ધરી હતી. આ દરમિયાન અંદાજે ૧૦ ટન માલ ભરેલા ડમ્પર સહિત રૂ. ૩.૪૦ લાખનો મુદ્દામાલ કબ્જે કરવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે. આ કામગીરીમાં લીલીયા મામલતદાર કચેરીનો સ્ટાફ જોડાયો હતો. બીજી તરફ, આંબા ગામેથી ખનિજ વિભાગે જી.જે.-૧૩ ડબલ્યુ- ૨૪૮૨ નંબરનું એક ખાલી ડમ્પર ઝડપી પાડયું હતું. આ ડમ્પર સહિત અંદાજે રૂ. ૬ લાખના મુદ્દામાલની વિગતો સામે આવી છે. બંને ડમ્પરને હાલ લીલીયા પોલીસ સ્ટેશન ખાતે રાખવામાં આવ્યાં છે. લીલીયા પંથકમાં ખનિજ વિભાગની આ કાર્યવાહીથી ગેરકાયદે ખનન અને ખનિજ માફીયાઓમાં ફફડાટ ફેલાયો છે.

### સમગ્ર પંથકનાં મુસાફરોમાં નારાજગી

## અમરેલી અને ભાવનગર વિભાગની દામનગરમાં જતી બે લોકલ બસ બંધ થઈ

**ધારી અને ગારિયાધાર ડેપોની મનસ્વી કામગીરી**

દામનગર, તા. ૨૮

દામનગરને વર્ષો જુના રૂટવાળી ખૂબ જ ઉપયોગી બે લોકલ બસ, ધારી-ભાવનગર અને ગારિયાધાર-રાજકોટ કે જે સવારમાં દસ વાગ્યા સુધીમાં આવતી આ બંને બસમાં લોકોને રાજકોટ અને ભાવનગર સુધીનાં સેન્ટરોમાં જવા માટે અતિ ઉપયોગી આ બસને છાશવારે બંધ કરી દેવામાં આવે છે. આ બંને બસ છેલ્લા એક મહિનાથી બંધ કરી દેવામાં આવી હોય વિદ્યાર્થીઓ, વેપારીઓ, સેલ્સમેન, નોકરી માટે અપડાઉન કરતા કર્મચારીઓ અને સામાજીક કામો માટે

અનુસંધાન પાના ૬ ઉપર

### સરદાર પટેલ સેવાદળ અને પાલિકાનાં સયુંક્ત ઉપક્રમે

## અમરેલીમાં આગામી ૩૧ ઓક્ટોબરે સરદાર પટેલની જન્મ જયંતીએ એક સાથે ૪ અલગ-અલગ સ્થળોએ રક્તદાન કેમ્પ યોજાશે

**૧લી નવેમ્બરનાં રોજ સહકારી અગ્રણી પી.પી. સોજીત્રાની રક્તતુલા કરાશે**

**દરેક સમાજ, સંસ્થાઓનાં રક્તદાતાઓને રક્તદાન કરવા અનુરોધ**




અમરેલી, તા.૨૮

રક્તદાનએ જ શ્રેષ્ઠ રાષ્ટ્રસેવા : સરદાર પટેલ જન્મ જયંતિ નિમિત્તે અમરેલીમાં સરદાર પટેલ સેવાદળ અને નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે મહારક્તદાન કેમ્પ તેમજ પી.પી. સોજીત્રાની રક્તતુલાનું ભવ્ય આયોજન

અખંડ ભારતના નિર્માતા લોખંડી પુરૂષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મ જયંતિના પાવન અવસરે અમરેલી શહેર માનવતાના અનોખા સેવા જ્ઞયનું સાક્ષી બનવા જઈ રહ્યું છે. સરદાર પટેલ સેવાદળ (SPG) તેમજ અમરેલી નગરપાલિકાના સંયુક્ત ઉપક્રમે સમગ્ર અમરેલી પંથકમાં જરૂરિયાતમંદ દર્દીઓ અને જીવન - મરણ વચ્ચે ઝૂલતા નિર્દોષ બાળકો માટે એક ભવ્ય મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. હોસ્પિટલના બિછાને જીવનની છેલ્લી આશાઓ બાંધીને બેઠેલા અકસ્માતગ્રસ્ત દર્દીઓ અને નિયમિત લોહી ચડાવવાની તાતી જરૂરિયાત ધરાવતા થેલેસેમિયા પીડિત માસૂમ બાળકો માટે રક્તનું એક એક ટીપું અમૃત સમાન હોય છે. એક વ્યક્તિ દ્વારા કરવામાં આવેલું રક્તદાન કોઈ માતાના વ્હાલસોયા પુત્રને કે કોઈ પરિવારના આધારસ્તંભને નવું જીવન બક્ષી શકે છે, અને આ જ ઉમદા ભાવના સાથે સમાજના દરેક વર્ગને એક તાંતણે બાંધીને આ સેવા મહોત્સવ યોજાઈ રહ્યો છે.

આ ભગીરથ કાર્યક્રમની વિસ્તૃત રૂપરેખા મુજબ તારીખ ૩૧ ઓકટોબર ૨૦૨૬, શનિવારના રોજ સવારના ૮:૦૦ થી સાંજના ૬:૦૦ કલાક દરમિયાન અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં એકસાથે ચાર અલગ અલગ સ્થળો પર રક્તદાન કેન્દ્ર કાર્યરત રહેશે. જેમાં (૧) જેશીંગપરા, નીલકંઠ ચોક સ્થિત ટાઉનહોલ, (૨) હીરામોતી ચોક ખાતે આવેલ પટેલવાડી, (૩) જુના માર્કેટ યાર્ડ અંદર આવેલ ક્રોમા હોલ તેમજ (૪) ચિત્તલ – જશવંતગઢ ખાતે આવેલ માંગરોળીયા પરિવારની વાડીનો સમાવેશ થાય છે. આ તમામ કેન્દ્રો પર રક્તદાતાઓ માટે અદ્યતન સુવિધાઓ સાથે વ્યવસ્થા ગોઠવવામાં આવી છે, જેથી નાગરિકો પોતાના

અનુસંધાન પાના ૬ ઉપર

### શહેરનાં કોંગી અગ્રણીએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

## રાજુલામાં માર્ગ સારો હોવા છતાં પૂન: માર્ગનું કામ શરૂ કરાતા આશ્ચર્ય હેલાયું

**જયાં જરૂર હોય તે માર્ગ બનાવવાની માંગ કરાઈ**

રાજુલા, તા. ૨૮

રાજુલાનાં કોંગ્રેસ પક્ષનાં અગ્રણી જગદીશભાઈ નાગરે મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

પત્રમાં જણાવેલ છે કે, રાજુલા શહેરમાં સ્વામિનારાયણ મંદિર સામે તથા પોસ્ટ ઓફિસની બાજુમાં આવેલા વિસ્તારમાં હાલના સીસી રોડની સ્થિતિ સારી હોવા છતાં, હયાત રોડનું ખોદકામ કર્યા વગર તેની ઉપર નવો રોડ બનાવવાની કામગીરી કરવામાં આવી રહી છે.



એક તરફ રાજુલા શહેરનાં અનેક વિસ્તારોમાં હજુ સુધી પાકા રોડની સુવિધા ઉપલબ્ધ નથી, જેના કારણે સ્થાનિક રહેવાસીઓને

અનુસંધાન પાના ૬ ઉપર

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1
• Liaisonig Officer - 2
• Sales & Marketing Officer - 3
• Cashier - 2
• Sales Co - Ordinator - 7
• Business Development Manager - 1
• Franchise Development Manager - 1
• Junior Accountant - 2
• Billing Operator - 2
• Telecaller - 1
• Reporting Manager - 2
• HR - Recruiter - 1
Only Male Candidates With Experience May Apply.
Location : Amreli, Gujarat.
hrsopl1987com
+91 85108 58857
APPLY NOW

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી મળશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી મજા ॥
પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ (એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ફ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catering service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી ૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નામ નોંધાવવા માટે (૦૨૭૯૨) ૨૩૧૧૧૨-૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી
કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S)
ડો. રૂચિતા જેઠવા (M.D)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીજીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ-અમદાવાદ-કાયમી કન્સલ્ટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિયોલોજીસ્ટ) મો. ૮૧૯૭૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)